આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન-સંસ્કારનું માસિક

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

સળંગ અંક ૪૨૧

વર્ષ છત્રીસમું · અંક પહેલો
જાન્યુઆરી · ૧૯૫૯

તંત્રી
બચુભાઈ રાવત

જેમણે એક વિરલ ઐતિહાસિક આંદોલનને
આકાર આપ્યો, પરિપુષ્ટ કર્યું
અને સફળતાના કિનારા સુધી પહોંચાડયું;


જેમણે જીવન જીવવાની એક નવી જ—
સફળ ને વ્યવહારુ રીત શોધી ને જાતે આચરી બતાવી;

જેમણે એવાં સાંસ્કૃતિક મૂલ્યોની મહત્તા પર ભાર મૂકયો
જે આધ્યાત્મિક અને સનાતન છે
જેને સ્થળ અને કાળની સીમા બાધા કરતી નથી
અને જે માનવ સમસ્તની સર્વ યુગોની તથા સંપત્તિ છે;

જેમણે પોતાના પ્રકાશથી આપણી પેઢીને અજવાળી
અને આપણને રાષ્ટ્રીય સ્વતંત્રતા જ નહિ
પરંતુ એક એવી જીવનદૃષ્ટિ પણ આપી
જેનાથી આપણે મનુષ્યને વામનમાંથી વિરાટ બનાવનારા
ગહન ગુણોને ઓળખી અને આંબી શકીએ.

ભવિષ્યની પ્રજા અચરજ કરવાની કે ભૂતકાળમાં
એક એવા મહાપુરુષે ભારતભૂમિ પર ડગ માંડ્યાં હતાં જેણે
કેવળ ભારતીયોને જ નહિ બલ્કે સમસ્ત મનુષ્યજાતિને
પ્રેમ અને સેવાથી પોતાની પાંખમાં લઈ લીધેલી.

[એમના અવસાનની અગિયારમી સંવત્સરીએ]





માત્ર દેવદાસીઓથી રક્ષિત અધમ કળા તરીકેની ઉપેક્ષિત અને મૃતપ્રાય દશામાંથી ભરતનાટ્યમ્ નૃત્યને બહાર લાવવા માટે મદ્રાસના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી કૃષ્ણ આયરે અસાધારણ નૈતિક હિંમત દાખવીને જાતે એ કળા શીખીને તથા ખુદ પોતે સ્ત્રીવેશ ધારીને તેના જાહેર પ્રયોગો સરકારી રંગમંચ ઉપર કર્યા હતા : ડાબી બાજુથી (૧) ઈ. ૧૯૨૬માં મદ્રાસની સગુણ વિલાસ સભાના આશ્રયે કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં નૃત્યાભિનય; (૨) ઈ. ૧૯૨૭માં 'સર્જનનો આનંદ'ના નિરૂપણમાં ત્રાંબાના ઘટ ઉપર ભરતનાટ્યમ્ નૃત્યનો એક અભિનય; (૩) ચલચિત્રોમાં પણ ભરતનાટ્ય નૃત્યપ્રકારનો પ્રથમ પ્રવેશ એમણે જ 'સૈરંધ્રી' ચિત્રમાં જાતે બૃહન્નલાનું પાત્ર ભજવીને કરાવ્યો : ઈ. ૧૯૩૯; (૪) એ જ ચિત્રમાં એમણે અર્જુનનું પાત્ર પણ ભજવેલું.
(ફોટો : શ્રીકૃષ્ણ આયરના પોતાના સંગ્રહમાંથી – તેમના સૌજન્યથી)

કુમાર
જાન્યુઆરી ૧૯૫૯
અંક ૪૨૧

અનુક્રમ

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★નીચે એક શ્લોક લખી મોકલું છું જેનું ગુજરાતી ગદ્ય અગર પદ્યમાં આપશો; ચા 'કુમાર'-માં જણાવશો તો જેના ધ્યાનમાં હશે તે લખી મોકલશે. આ શ્લોકની રચના એવી છે કે બંને બાજુએથી વાંચતાં તે એકસરખો જ વંચાય છે.

या माता ममता माया
मा परोक्ष क्षरोपमा।
तारो नो गगनोरोता
मक्षग क्ष क्षगक्षम ॥

(મુંબાઇ) —ગ્રાહક નં. ૩૨૪

[પત્રલેખકે પૂરું સરનામું લખી મોકલવું]

અંક ૪૧૭માં ચંડીગઢ વિષે પૂછેલા સવાલોના જવાબો આ પ્રમાણે છે: પૃ. ૨૬૪ પરની નાની છબીમાં એક બાળક 'ઈંટ-જાળી' પાસે ઊભેલું જણાય છે, એ 'ઇંટ-જાળી' છે જ નહિ પરંતુ કૉંક્રીટની રચેલી 'સ્ક્રીન-વૉલ' છે. આડા અને ઊભા બ્લૉક્સ દેખાય છે એ તો પૅટર્ન રચેલી છે અને તે તો ખાલી જગ્યા છે. ખરી જાડાઈ તો પટ્ટી જેવી દેખાતી કાળી લીટીઓ છે. અત્યારે જ્યાં જ્યાં સિમેંટ કૉંક્રીટનો ઉપયોગ થાય છે ત્યાં વત્તાઓછા પ્રમાણમાં લોખંડના સળિયાનો ઉપયોગ થાય છે જ.

ઇંટ-જાળીની ડિઝાઇનો યોગ્ય માપના ચિત્ર સ્કૅઈલ સાથે છે જ; પણ અપાય ક્યાં? અને જંઈવાળા જો ખરેખર પ્રયોગપ્રેમી અને કલાના કદરદાન હોય તો ઘર બંધાવવા માટે સ્થપતિને મળી શકે છે. અહીં ઇંટ-જાળી માટે એક વસ્તુ સ્પષ્ટ કહી દેવી જોઇએ કે તે ઇંટો, ને સામાન્ય વપરાશ માટે વપરાતી ઇંટોમાં કંઈ જ ફેર નથી. તેમાં લોખંડના સળિયા કે એવી કોઈ વસ્તુનો ઉપયોગ થતો નથી.

ચંડીગઢમાં રોપવામાં આવનાર વૃક્ષોની જાતે કંઈ નવીન ન હોઈ શકે; પરંતુ ગિરિતળેટી જેવાં અનેક કારણ ધ્યાનમાં લઈ વૃક્ષની પસંદગી કરવામાં આવે છે. દા.ત. વૃક્ષનું કદ સાથેના મકાનના કદના પ્રમાણમાં હોવું જોઇએ. ગુચ્છાદાર વૃક્ષમાંથી પવન ચળાઇને ઘરમાં પ્રવેશવો જોઇએ જેથી તેનું ઉષ્ણતામાન ઓછું રહે અને રહેનારાઓને સ્વચ્છ હવા મળે. કેળાં, પપૈયાં જેવાં ફળ ઉત્પન્ન કરનાર વૃક્ષો હોવાં જોઇએ. રસ્તાની બાજુ પર રોપેલાં વૃક્ષો પૂરતી છાયા આપનાર અને શહેર બહારનાં વૃક્ષો બળતણ પૂરું પાડતાં હોવાં જોઇએ વગેરે. આંબા, લીમડો આદિ વૃક્ષોની જાત. સન-બ્રેકર પદ્ધતિ ને વાયુ-રોક (!) વચ્ચે કાંઈ જ મળતાપણું નહિ. સૂર્યનાં કિરણોને રોકવા માટે જ સન-બ્રેકર છે. જો વાયુને પણ એ રોકી દે તો પછી અંદરનો ભાગ કોઠાર જ બની જાય!

પી.ડબ્લ્યુ. ડી.ના ખર્ચ-ધોરણ કરતાં ચંડીગઢનાં મકાનોના બાંધકામનું ઘનફૂટે ખર્ચ કેટલા ટકા ઓછું-વત્તું? આ સવાલ જ અસ્થાને છે, કારણ કે ચંડીગઢમાં એક પ્રકારનું કામ નથી થતું. એક સામાન્ય ચપરાશીથી માંડીને ગવર્નરના હોદ્દા સુધીની વ્યક્તિઓ માટે મકાનો બંધાય છે, અને એ વસ્તુ ઉપર તો આખો 'ચંડીગઢ' લેખ લખાયો છે. જનતા વ્યક્તિગતરીતે બાંધે છે તે તો દરેક જગ્યાએ સામાન્ય જ છે. ચંડીગઢમાં ઇંટનો ઉપયોગ વધુમાં વધુ ફાયદાની દૃષ્ટિએ કરાયો છે છતાં જ્યાંજ્યાં સિમેંટ-કૉંક્રીટનો ઉપયોગ થયો છે ત્યાં લોખંડનો ઉપયોગ થયો જ છે, અને તે કંઈ ૧૦૦ ઘન ફૂટના હિસાબે ન કાઢી શકાય, કારણ લોખંડ સિમેંટ-કૉંક્રીટના ઘનફૂટ પ્રમાણે નથી ગણાતું, પરંતુ મકાનમાં જે પ્રમાણે 'સ્ટ્રેસિઝ'–બળો પ્રવર્તતાં હોય તે પ્રમાણે ગણાય છે.

ચંડીગઢનાં કુલ મકાનોમાં હાઇકોર્ટ, સેક્રેટેરીએટ વગેરે ઑફિસનાં મકાનો અને ઑફિસરો, કાર્યકરો વગેરેને રહેવાનાં મકાનો સરકારનાં, બાકીના પ્લૉટ, નગરરચનાના નિયમો પ્રમાણે ખાનગી માલિકી તરીકે વેચી દેવામાં આવે છે, જેનો ઉપયોગ નગરરચનાના નિયમો પ્રમાણે લગતા 'ઝોન'ને યોગ્ય જ થઈ શકે છે.

હજી ખાનગી અને સરકારી ટકાવારી કાઢવાની બાકી છે. મજૂરો (દરરોજ)નો સરેરાશ આંકડો કાઢવાને ઘણી વાર છે, કારણ કે કામ ચાલુ છે. ઈંટ વિષે તો ઘણું જ કહેવાયું, છતાં જિજ્ઞાસુઓને કહી દઉં કે બાંધકામ ખાતું કૉંટ્રેક્ટ આપીને એક વ્યક્તિ પાસે ઇંટો તૈયાર કરાવે કે એ જ વ્યક્તિ ખાનગી ઉપયોગ માટે કોઈ ઘરાકને ઇંટો પૂરી પાડે તેમાં કંઈ જ ફેર નથી.

(વડોદરા) —રમણિક પરમાર

ઑક્ટોબર 'કુમાર'નાં પાનાં ઉથલાવતો હતો ત્યાં શ્રી 'સુકાની'ના દેહાવસાનની નોંધ વાંચવા મળી. પળભર તો હું સ્તંભિત જ થઈ ગયો. આટલા વહેલા શ્રી 'સુકાની' પોતાની નાવનાં લંગર ઊપાડી લેશે એમ મેં માન્યું જ નહોતું. એમની વાર્તાઓ મેં ખૂબ જ રસપૂર્વક વાંચી છે અને એ રીતે એમની સાથે શબ્દદેહે પરિચય સાધ્યો હતો. દિલમાં થતું હતું કે ક્યારેક પ્રત્યક્ષ દર્શન પણ થઈ જશે; પણ એ આશા હવે વ્યર્થ જવાની.

શ્રી 'સુકાની'માટેનો મારો શોકકયા શબ્દોમાં વ્યક્ત કરું? આત્મીયતાની માત્રા એવી છે કે શોધ્યા શબ્દ જડતા નથી. શબ્દછળની જાળ બિછાવવી શોભાસ્પદ નથી. સાગરદેવનું મહત્ત્વ જેમના દ્વારા જાણવા-સમજવા મળ્યું હતું તે 'સુકાની' ફરી સદેહે જોવા મળવાના નથી જ. એમનો શબ્દદેહે જેટલો વધુ પરિચય આપો તેટલી આકાંક્ષા તૃપ્ત થશે. એમનાં કુટુંબીજનો તેમજ મારા જેવા પ્રશંસકોને મારી જેમ જ લાગણી થઈ હશે. એ સૌને આપના તરફથી આશ્વાસનની હૂંફ મળે એવી પ્રાર્થના છે.

(સુણાવ) —છોટુભાઇ સુથાર

આજે 'કુમાર'માંથી શ્રી 'સુકાની'ના અવસાનના સમાચાર વાંચ્યા. સાથે છપાએલ તસ્વીર વારંવાર જોયા કરું છું. અંત પછી મેં લખેલ એ વિષેનો પત્ર 'કુમાર', જાન્યુ, '૫૮ માં છપાએલ. તે બદલ મુ. શ્રી 'સુકાની'નો ચેમ્બુરથી મુલાકાત માટેનાં આમંત્રણનો પત્ર મળેલ. કમનસીબે હું જઈ શક્યો ન હતો. હજુ અઠવાડિયા પહેલાં જ એમને યાદ કરીને એક મિત્રને કહેલ કે આ વખતે તો ચોક્કસ મળવા જવું છે. એમના સરખા સાગરકથાઓ સંભળાવનાર કોઈ નહિ મળે–કોઇ જ નહિ! આ ખોટ ક્યારેય નહિ પુરાય.

તેમણે દેવો બાબલમાં હૈયા ઉપકાવે એવી કથા કહી. પાતળી રૂલિંગો વચ્ચે અનેક માહિતી પીરસી જ્યારે આજે... આજે જાડી કાળી બેરી બે લાઇનો વચ્ચે કઠણ હૃદયે તમારે મૃત્યુનોંધ લખવી પડી. મારા સુ-નસીબે મારી પાસે તેઓશ્રીની યાદગીરી રૂપે બે મીઠડા પત્રો રહ્યા છે. એથી પણ મારી જાતને ભાગ્યશાળી માનું છું.


(સુરેન્દ્રનગર) —રમેશ શાહ

૪૧૭મા અંકમાં 'આંખના કેટલાક રોગ' (ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીનો) લેખ ખૂબ જ ઉપયોગી છે. એમ કહેવાય છે કે 'અંકોલી' નામનું જે ઝાડ થાય છે તેનાં ફળ (અંકોલાં) ખાવાથી પણ આંખ આવે છે. શું એ ખરું છે?

(વલસાડ) —એ. એમ. ફાતીવાલા

૪૧૭મા અંકમાં 'શાંતિ માટે વિજ્ઞાન' પ્રદર્શનના લેખમાં ૩૬૬મા પાને જમણી બાજુએ 'એક્સ્પ્લોરર'ની આંતરિક રચનાનો જે ફોટો છપાયો છે તે ખરેખર તો વૅન્ગાર્ડનો છે. એક્સ્પ્લોરરનો નમૂનો તે જ પાના ઉપર ડાબી બાજુ ઉપરના ફોટામાં છે.

(રાજકોટ) —અનંતરાય દુર્ગાશંકર ત્રિવેદી



વૃક્ષવીથિ-ફોટો : નારાયણ પટેલ

આપણી નજરને છેક વીથિની પારના દૂરના દ્વાર સુધી ખેંચી જતા આ ચિત્રના સંયોજનમાં મોટે ભાગે છાયામંડિત ધીંગાં થડ હોવા છતાં આછા પ્રકાશની વહેંચણી પણ એવી સમતુલિત છે કે નજરને ભાર લાગતો નથી—બલ્કે એક રમ્ય ગૂંથણીનું રંજક તત્ત્વ રચાઈ રહે છે. છાયામાંનાં થડોની પણ વિગતો વિશદતાથી ઉઠાવતી કૅમેરાની ટૅકનીક પ્રશસ્ય છે.



હટાણું (ચિત્રકાર - રસિકલાલ પરીખ)

કદી કદી

• મિશ્ર •

કદી કદી એક વિશાળ ઊર્મિની
જ્વાલા જતી સ્પર્શી પ્રસુપ્ત ચિત્તને,
કદી કદી એક અનંત સૂરની
છાયા જતી રેલી સમસ્ત જીવને.

અગાધનો મર્મર કો પ્રગાઢ
આ કર્ણને આવી જગાડી નર્તતો,
અસીમમાં સીમિત ઇન્દ્રચાપનો
કો ખંડ મારા ગગને હસી જતો.

નક્ષત્રનાં ક્ષેત્ર વિષે નિમંત્રતી
કો દૂરસંચારિણી દીપ્તિ ઊગતી,
ને જિન્દગીની જલમુગ્ધ નાવડી
અદીઠને અંતર હા વહ્યે જતી.

આ વિશ્વયાત્રા-પથ તાહરો જડ્યો,
સદ્ભાગ્ય કે તું પણ ભેરુ થૈ મળ્યો.

સુન્દરમ્

બારી બહાર જોતો વૃદ્ધ

• મિશ્ર •

બારી પરે જર્જર દેહ ટેકવી
ઝૂકી પડી સ્હેજ, પછી નિરાંતે
જોઈ રહ્યો એ ક્ષીણ લોચનોથી
જ્યાં સૌ મકાનો બની મૂક મોજમાં
ઝીલી રહ્યાં અંગ પરે અખંડ
વર્ષા તણી શીતલ ઝીંક તન્મય
ને છાપરામાં
કબૂતરાં બે ફફડાવી પાંખો
નાહી રહ્યાં — નાચી રહ્યાં નિમગ્ન.

ને શેરીમાં સૌ જલલુબ્ધ બાળકો
કરી રહ્યાં શોરબકોર, નગ્ન
દોડી રહ્યાં મોજ મહીં મનસ્વી!

સુદૂરથી શૈશવની સ્મૃતિની
આવી પુગી નાજુક એક વાદળી
ધીમેધીમે વર્ષી રહી અજસ્ર.

બારી મહીંથી નિજ હાથ દુર્બળ
કાઢ્યો ધીમેથી જરી બ્હાર, ઝીલવા
વર્ષા તણી શીતલ ધાર, જેનો
થતાં જરી સ્પર્શ ફરી વળ્યું કશું
શરીરમાં ચેતન અંગઅંગે!

ને વૃદ્ધની જર્જર કાય છોડીને
શેરી મહીં શી ચકચૂર નાચતી
નાગીપુગી એ શિશુ ટોળકીમાં
ભળી ગયું એક શિશુ વિશેષ.

લાભશંકર ઠાકર

બીજ

• અનુષ્ટુપ •

બીજને બારીએથી મેં નિહાળી ધારીધારીને
પૂર્ણિમા-પ્રતિમા રમ્યા હૈયામાં કોઈ ધારીને.

શોભાનો સિન્ધુ શો આંહી ઊછળ્યો સ્વલ્પ ઇન્દુમાં!
રેખાનું રૂપ એ પૂરું ઊઘડ્યું શ્વેત બિન્દુમાં.

બીજ ના, પૂર્ણિમા એ તો પૂર્ણ અપૂર્ણને રૂપે,
અભિસારે યથા આવી વાગ્દત્તા પતિને ગૃહે.

ઊગ્યાના ઓરતા આવા જોયા ના ઊગનારના,
એથી તો સપનાં મીઠાં માણું અસ્ત થનારનાં.

ઢળી એ સાંજની સાથે, ઢળી શું મૌગ્ધ્ય સંપદા!
નિહાળી પ્રિયને ઢાળે નવોઢા નયનો યથા!

હૈયાના સરમાં શ્વેત પડ્યું કો' બિન્દુ રંગનું
ગવાયું ગીત એકાકી ઝીણું માણેલ સંગનું.

આશાની ઝંખના જાણે નિસાસામાં સરી ગઈ!
તો ય એ શૂન્યતામાં કૈં ચિરંજીવ ભરી ગઈ!

બારી યે બીજને બ્હાને બંધ જે ઊઘડી હતી
બીજનાં વળતાં તે યે બંધ પાછી થઈ જતી!

હેમન્ત દેસાઈ

કો'ક આવતું

• ગાન •

કો'ક આવતું કેડે જી,
એકલવાયી જઇ રહી'તી હું તો મારે શેઢે જી.

ઓરા ઓરા આવે એનાં પગલાંના ધબકારા,
વણ બોલાયલ કૈં કૈં વાતો કે'તા કાને મારા,
ઉતાવળે સૌ ડગ માંડું હું
જલથી છલછલ બેડે જી.

નફ્ફટ લાગે સાવ તેહને કેમ કરીને ટાળું?
સ્હૈયરના કૈં સાથમહીં જે વાતમહીં મન વાળું
ઉરની મૂંઝવણ વહી જતી આ
ઊડતે પાલવ છેડે જી.
કો'ક આવતું કેડે જી

દિનેશ કોઠારી

અલ્પવિરામ

• મિશ્ર •

કો વાક્યના અલ્પવિરામ જેવું
આ જીવને લાગતું લગ્ન, હે પ્રિય!
રોકી જરી આગળ લૈ જતું ફરી.

ચાહું છું આ વાક્યની શબ્દમાળા
અનંત થૈ નિત્ય વહ્યાં કરે, બસ,
દેખું ન છો પૂર્ણવિરામ મોક્ષનો!

ગીતા પરીખ

સામાજિક પૂર્વગ્રહો તેમજ નૃત્યવિરોધી પરિબળોનો નૈતિક હિંમતપૂર્વક સામનો કરીને

ભારતીય નૃત્ય વિષે આધારભૂત કડીબદ્ધ ઇતિહાસ લખાશે ત્યારે 'ભરતનાટ્ય' નૃત્યના ઇતિહાસમાં શ્રી ઈ. કૃષ્ણ આયરનું નામ સુવર્ણાક્ષરે નોંધાશે. સામાજિક પૂર્વગ્રહો અને નૃત્યવિરોધી ચળવળ જેવાં પરિબળોનો સામનો કરી, આજથી પચ્ચીસ વર્ષ પૂર્વે એમણે એ નૃત્યપ્રકારના પુનરુદ્ધારનું અમૂલ્ય સેવાકાર્ય આરંભ્યું હતું અને આજે ૬૨ વર્ષની વયે પહોંચ્યા છતાં એ જ લગની અને ધગશથી એ દિશામાં એ અવિરત શ્રમથી સતત પ્રયત્નશીલ રહ્યા છે.

મદ્રાસના તીરુનલવેલી જિલ્લામાં, ગહ્રતાના નદીને કાંઠે બ્રહ્મદેશ ગામે, ઈ. ૧૮૯૭ની ૯મી ઑગસ્ટે સામાન્ય મધ્યમવર્ગીય જમીનદાર કુટુંબમાં એમનો જન્મ થયો. પિતા શ્રી કૈલાસમ્ આયર અને માતા શ્રીમતી અનન્તલક્ષ્મી અમ્માલનાં ચૌદ બાળકો પૈકી એ આઠમું સંતાન હોવાથી માબાપે એમનું નામ કૃષ્ણ પાડ્યું. આ ચૌદ સંતાનોમાંથી માત્ર પાંચ જ પુત્રો જીવતા રહ્યા જે પૈકી ચોથા તે કૃષ્ણ આયર.

મોહેં-જો-દરો તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસી, જાણીતા ઇતિહાસજ્ઞ શ્રી નીલકંઠ શાસ્ત્રીના પિતા શ્રી અય્યાવય્યર તે કાળે શાળા ચલાવતા હતા (જે પાછળથી ટિળક વિદ્યાલય નામે જાણીતી થઇ). તેમાં પ્રાથમિક શિક્ષણ શરૂ કરી માધ્યમિક શિક્ષણ એમણે જ્યૉર્જ મિડલ શાળામાં પૂરું કર્યું ને કડક શિસ્ત તથા ઉચ્ચ અભ્યાસ માટે જાણીતી અંબાસમુદ્રમ હાઈસ્કૂલમાં શાળાન્ત પસાર કરી. આ દરમિયાન એમનું અંગ્રેજી, ઇતિહાસ ને ભૂગોળ વિષયક જ્ઞાન ઘણું ઊચી કોટિનું થયું. ભૂસ્તરશાસ્ત્ર પણ એમનો માનીતો વિષય હતો ને તમીળ પર તો એ ઉમરે એમણે એટલું પ્રભુત્વ દર્શાવેલું કે એ ભાષામાં નિબંધ લખવા માટે ઇનામ મેળવેલું.

૧૯૧૪માં મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજમાં દાખલ થઈ ૧૯૧૮માં તે બી. એ. થયા. પણ, શ્રીમતી સરોજિની નાયડુએ કહ્યું છે તેમ, યુવાનોનાં વલણો, વૃત્તિઓ ઇત્યાદિ જ્યારે જુદી જ દિશામાં હતાં તે કાળે નિયતિ અને દેશના સંજોગોએ જુદા જ ઘાટ ઘડયા. તદનુસાર યુવાન ઈ. કૃષ્ણ આયરનું વલણ તો ઐતિહાસિક સંશોધનની દિશામાં હતું, પરંતુ તત્કાલીન સંજોગોમાં સ્વાતંત્ર્ય જ પ્રાણપ્રશ્ન હોવાથી ભણેલા યુવકોને રાજકીય ચળવળમાં ભાગ લેવાની હાંકલ પડતાં જ કૃષ્ણ આયર તેમાં જોડાયા.

કૉલેજ જીવનના તબક્કામાં જ એમને ડૉ. ઍની બિસંટ અને ડૉ. જ્યૉર્જ એરુંડેલનો પરિચય થએલો, જેને પરિણામે એમણે જનસેવાનાં કાર્યોમાં ઝંપલાવ્યું. ૧૯૧૬માં ડૉ. બેસંટના નેતૃત્વ હેઠળ ચાલતી હોમ રૂલ લીગ પ્રવૃત્તિના તે એક સક્રિય કાર્યકર ને ડૉ. જી. એસ. એરુંડેલની પ્રેરણા હેઠળ રચાએલા 'ઑલ મદ્રાસ સ્ટુડન્ટ્સ કન્વેન્શન'ના તે મુખ્ય પ્રયોજક હતા. ૧૯૧૭માં નૅશનલ કૉંગ્રેસના કલકત્તા અધિવેશનમાં એમણે હાજરી આપી અને ૧૯૧૮–૧૯ દરમિયાન 'સ્ટુડન્ટ્સ કન્વેન્શન'ની ઉચ્ચ સમિતિના એ સંયુક્ત મંત્રી બન્યા ત્યારે ઓરિસ્સા હાઇકોર્ટના હમણાંના ચીફ જસ્ટિસ શ્રી લિંગરાજ પાણિગ્રહી એમની સાથે સંયુક્ત મંત્રી હતા. આ અરસામાં એમણે સૌએ મળીને રાજકીય ચળવળમાં ભાગ લેવા માટે આઠ સભ્યોનું એક જૂથ રચ્યું, જેમાંના દરેકે સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે જીવનભર પ્રયત્નશીલ રહેવાની દૃઢ પ્રતિજ્ઞા કરી અને એ માટે સૌએ કાયદાનો અભ્યાસ કરવાનું ઠરાવ્યું.

ફલતઃ ૧૯૨૧માં યુવાન કૃષ્ણે મદ્રાસ તથા ત્રિવેન્દ્રમની કાયદાની કૉલેજોમાં અભ્યાસ કરી બી. એલ.ની ઉપાધિ મેળવી અને આજની સુપ્રીમ કોર્ટના એક વારના ચીફ જસ્ટિસ શ્રી એમ. પતંજલિ શાસ્ત્રી હેઠળ 'જુનિયર' વકીલ તરીકે શરૂઆત કરી. ૧૯૨૨માં એમણે 'બાર'ની પરીક્ષા પણ પસાર કરી અને પછી સદ્દગત શ્રી વી. રઘુનાથ શાસ્ત્રીયાર જોડે કામ કરી એમણે હાઇકોર્ટની 'ઓરિજિનલ સાઈડ'નો બહોળો અનુભવ મેળવ્યો. આમ, મદ્રાસની હાઇકોર્ટમાં એમણે 'ઍપેલેટ' અને 'ઓરિજિનલ' બંને પક્ષે સારી પ્રૅક્ટીસ જમાવી.

ઈ. ૧૯૨૬ની સાલ એમના જીવનમાં એક મહત્ત્વના સીમાસ્તંભ સમી છે. ધીકતી પ્રૅક્ટીસના આ અરસામાં ગાંધીજી અને રાજગોપાલાચાર્યથી જુદા પડીને પં. મોતીલાલ નેહરુ, દેશબંધુ દાસ વગેરેએ રચેલા 'સ્વરાજપક્ષ'માં એમણે ઝુકાવ્યું. શ્રી એસ. શ્રીનિવાસ આયંગર અને શ્રી એસ. સત્યમૂર્તિ જેવા અગ્રણી રાજપુરુષોના સમાગમનું આ શુભ ફળ હતું. એમની જોડે દક્ષિણ ભારતનાં ગામડેગામડે ફરી એ રાજકીય ચળવળ ચલાવતા. કવિ સુબ્રહ્મણ્ય ભારતીનાં રાષ્ટ્રીય ગીતોને લોકપ્રિય કરનારાઓમાંના એ એક હતા. ત્યારે ધ્વનિયંત્રો પ્રચલિત ન હતાં એટલે લોકો સભાસ્થાને ભેગાં થાય ત્યારે તેઓ આ પ્રેરણા-ગીતો હલકભર્યા બુલંદ કંઠે ગાતા. આમ રાજકીય ક્ષેત્રે થોડા જ ગાળામાં એ જાણીતા થઈ ચૂક્યા. ૧૯૨૭માં કૉંગ્રેસની મદ્રાસની બેઠકમાં એ ૧૨૦૦ યુવાન સ્વયંસેવકોના દળના 'વાઇસ કૅપ્ટન' થયા તથા મદ્રાસ કેંદ્રની હિંદુસ્તાની શાખાના ઉપ-પ્રમુખ અને પછી પ્રમુખ થએલા, જે હોદ્દો છેક ૧૯૩૬ લગી એમણે સંભાળેલો. આ પદેથી એમણે અસંખ્ય યુવકો તેમજ યુવતીઓને દેશસેવાની તાલીમ આપી અને શિસ્તબદ્ધ કર્યા.

પછી તો ગાંધીજીની ચળવળમાં જોડાઈ ૧૯૩૦માં એમણે મીઠાના સત્યાગ્રહમાં ઝંપલાવ્યું અને બસ્સો સ્વયંસેવકોનું દળ સંગઠિત કરી મદ્રાસની પ્રખ્યાત 'ઉદયવનમ્' ચળવળ ચલાવી જે માટે છ માસ જેલ સેવી. ૧૯૩૨માં ફરીથી એમનું નામ સત્યાગ્રહીઓના આગેવાનોની યાદીએ ચડ્યું ને છ માસની કેદની સજા અને રૂા. ૨૦૦નો દંડ ભોગવ્યો. આ દરમ્યાન તેઓ રાજાજીના ચુસ્ત મદદનીશ બની ગયા હતા અને વારંવાર એમની જોડે રાષ્ટ્રીય કાર્યો અંગે મદ્રાસ પ્રાંતમાં પ્રવાસ કરતા. થોડાં વરસ એમણે મજૂર ચળવળ પણ ચલાવી ને 'અમ્બાસમુદ્રમ્ ટેક્સટાઈલ મિલ'ના મજૂરોને સંગઠિત કરેલા. મિંજુરની 'ઍગ્રીકલ્ચરલ રૈયત કૉન્ફરન્સ' અને ૧૯૪૧ની શોલાવન્દાનની 'સમાજવાદી પરિષદ'ના તો એ પ્રમુખ નિમાએલા. ઉપરાંત કૉંગ્રેસની એ.આઈ.સી.સી.ના તથા વર્કિંગ કમિટિના પણ સભ્ય હતા. થોડો સમય મદ્રાસ શહેરની આઠમી સર્કલ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ પણ બનેલા. આવી સતત પ્રવૃત્તિશીલ કાર્યપરંપરામાં એમણે વારસાગત મળેલી સંપત્તિ તેમજ વકાલતની બધી આવકનો ભોગ આપ્યો, અને ત્યારથી એ સદા અકિંચન રહ્યા છે.

મદ્રાસ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં પણ મયલાપોર પરગણામાંથી બેવાર ચુંટાઈ આવી ૧૯૩૮થી ૧૯૪૮ લગી એ સક્રિય સભ્ય રહ્યા. ત્યાં પોતાની ત્રણ વર્ષની કારકિર્દીમાં એમણે એની સંગીન સુધારણા કરી. એમણે 'શહેર સ્વચ્છ કરો'ની ચળવળ શરૂ કરી ને શહેર-સફાઈનું સ્વયંસેવક દળ ઊભું કરી નાગરિકો તેમજ નગરપાલિકાઓના વડાઓના સહકારથી દર અઠવાડિયે એ કાર્યક્રમ ચાલુ રાખી ને એવી તો સંગીન સફળતા મેળવી કે મદ્રાસના બીજા વિભાગો પર પણ એની અસર થઈ.

શ્રી એસ. ડી. રાજાએ સ્થાપેલા 'ન્યુ એઈજ' (નવયુગ) માસિકના પ્રથમ તંત્રી થઇને એ માસિક દ્વારા સમાજવાદી વિચારસરણીના પ્રચારનું ઘણું કામ એમણે કરેલું. પછી ૧૯૪૩થી એમણે વ્યવસ્થિતરીતે પત્રકારનો વ્યવસાય અપનાવ્યો અને મદ્રાસના 'ફ્રી પ્રેસ' દૈનિકના સહતંત્રી નિમાયા. એ ઉપરાંત 'ઇન્ડિયન રીપબ્લિક'ના મૅગેઝીન વિભાગના તંત્રી તેમજ 'કલ્કી', 'ઇન્ડિયન એક્સપ્રેસ', 'દીનમણિ' તથા 'મેઈલ' પત્રોના તે નિયમિત કલાવિવેચક પણ હતા. પત્રકારત્વની પ્રવૃત્તિઓની



અગ્રણી ધારાશાસ્ત્રી • પત્રકાર • કલાવિવેચક

શ્રી ઈ. કૃષ્ણ આયર

ભરતનાટ્યમ્ નૃત્યપ્રકારને ઉપેક્ષિત મૃતપ્રાય દશામાંથી ઉગારી લઈ, જાતે એ કળા શીખીને તથા સ્ત્રીવેશે જાહેર રંગમંચ પર ભજવીને તેને ઉચ્ચ સંસ્કારી કલાના માનસ્થાને પ્રસ્થાપિત કરનાર

સાથોસાથ સક્રિય કલાક્ષેત્રે પણ તેઓ એટલા જ કાર્યરત રહ્યા;—બલ્કે એ કલાપ્રવૃત્તિઓ જ પછીથી એમના જીવનનું પ્રધાન કાર્ય બની રહી.

નૃત્ય અને સંગીતની જન્મજાત નૈસર્ગિક બક્ષિશને લીધે કલ્લીડઇકુરીચી ગામના ત્યારના ઉચ્ચ સંસ્કારમંડિત વાતાવરણમાં એમણે કુમારાવસ્થામાં જ સંગીતજ્ઞાન પ્રાપ્ત કરવા માંડેલું. તીરુનલવેલી જિલ્લાનું એ મોટું ગામ 'બ્રાહ્મણ ચેટ્ટીનાડ' હતું. જરજમીન ધરાવતા, હૂંડીનો વેપાર કરતા અને હાથવણાટના કાપડનો સમૃદ્ધ ઉદ્યોગ ધરાવનારાઓ તેમજ શ્રીમંત કુટુંબ-કબીલાઓ માટે એ જાણીતું છે તેટલું જ સચેતન ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરા માટે પણ જાણીતું છે. ઉનાળામાં ત્યાં જ્યારે કુટુંબોમાં લગ્નપ્રસંગો આવતા ત્યારે ઉત્સવસમારંભોની ઉજવણી સંગીત ને નૃત્યના પીઢ કલાકારોના કાર્યક્રમ વિના કદી પણ સંપૂર્ણ ગણાતી નહિ. અને તે કાળે તો 'કાલક્ષેપમ'ના રચયિતા મહાન વેદાન્ત ભાગવતર હયાત હતા. એમના અપૂર્વ નૃત્યપ્રયોગો ઉપરાંત કોનેરી રાજપુરમના ગાયકશિરોમણી વૈદ્યનાથ આયર, પલ્લડમના ગાયક સંજીવરાવ અને એમની સંગત કરનાર વાયોલિન-પ્રવીણ ગોવિંદસ્વામી પીલ્લે, મૃદંગવાદક અલગનમ્બીઆ પીલ્લે, પુદુકોટ્ટાના ઉસ્તાદ વાદક દક્ષિણામૂર્તિ પીલ્લે, મટકી વગાડનાર ઘટમ્ સુંદર આયર અને નાગસ્વરમ(આપણા મંગલવાદ્ય શરણાઈ જેવું)ના ખ્યાતનામ ઉસ્તાદો વગેરેના કાર્યક્રમો યોજાતા. સદ્ગત મુથૈયા ભાગવતર પોતાનાં 'કાલક્ષેપમ્' અને હરિકથાઓ રજૂ કરતા. ભરતનાટ્યની એક કાળની માનીતી નૃત્ય-પ્રવીણા મુથુરત્નામ્બાલના ભરતનાટ્ય પ્રયોગો તો અનિવાર્ય જ ગણાતા. આવા કલા-ઉપાસના માટેના ઉત્તમ વાતાવરણમાં અનેક કુમારો ઊગતી વયથી જ સંગીત ને નૃત્યની સાધના કરતા; એમ શ્રી ઇ. કૃષ્ણઆયરે પણ લક્ષ્યજ્ઞાન દ્વારા કળાને આત્મસાત્ કરવા માંડી.

પરંતુ શાળાજીવન દરમિયાન એમની કલા-અભિવ્યક્તિની ચેતનાને ખાસ અવકાશ નહિ સાંપડેલો તેમ કશું પ્રોત્સાહન પણ મળેલું નહિ; પણ સદ્ભાગ્યે ગળું મધુર હોવાથી સૂરીલા કંઠે અંગત મિત્રોમાં ગાઇ કરી મન મનાવતા. કલ્લીડઈકુરીચીમાં ત્યારે પણ રંગભવનનું પાકું મકાન હતું. રજાઓ પડતાં મિત્રોને ત્યાં ભેગા કરી બેત્રણ નાટ્યપ્રયોગો પણ ભજવતા, જેમાં પોતે નાનાંનાનાં પાત્રોની ભૂમિકા ભજવતા.

ઈ. ૧૯૧૯માં એ 'લૉ કૉલેજ હૉસ્ટેલ'માં હતા ત્યારે મદ્રાસની પ્રખ્યાત 'સગુણવિલાસ સભા'ના સંસ્થાપક અને ૮૦ જેટલાં નાટકોના કર્તા તથા જાતે અચ્છા નટ એવા રાવબહાદુર પી. સંબંદ મુદલિયારના નાટક 'શાર્ઙ્ગધર'ને ભજવવાનું તે કાળની એક ઊછરતી નાટ્ય સંસ્થાએ માથે લીધેલું. એ નાટકના મુખ્ય સ્ત્રીપાત્ર 'રત્નાંગી'ની ભૂમિકા માટે યોગ્ય નટની શોધ ચાલી. લૉ કૉલેજના પ્રાધ્યાપક શ્રીનિવાસન્ જાણીતા નટ પણ હતા, અને બીજાં નાટ્યપ્રેમી મંડળોનાં સૂત્રસંચાલનમાં મદદ કરતા. એમને કૃષ્ણ આયરના સંગીતજ્ઞાન તથા સુકોમળ દેહની માહિતી, તેથી એમણે તેમને પસંદ કર્યા. શરૂમાં તો કૃષ્ણે આનાકાની કરી, પણ પછી કબૂલ્યું, ને એ ભજવાયા બાદ બે દિવસ પછી એ પ્રાધ્યાપકે વૃત્તપત્રમાં આલોચના કરતાં 'શાર્ઙ્ગધર'ની શ્રેષ્ઠ ભૂમિકા ભજવનાર તરીકે કૃષ્ણ આયરને વધાવી લીધા ત્યારે કૃષ્ણ સાનંદાશ્ચર્ય જ પામ્યા. એમને હવે પોતાની શક્તિઓનું ભાન થયું. છતાં શરૂમાં એમણે આ પ્રવૃત્તિ પાછળ બહુ મન ન આપ્યું, કેમકે એમને તો અભ્યાસ જલદી પૂરો કરીને જનસેવાના ધ્યેય માટે બાહોશ કાયદાશાસ્ત્રી તરીકે સફળ થવું હતું.

દરમ્યાન પાગુલમના વિદ્વાન શ્રી નીલકંઠ આયર પાસે એમણે નિષ્ઠાપૂર્વક સંગીતનું જ્ઞાન મેળવવું શરૂ કર્યું જ હતું. ૧૯૨૦માં મદ્રાસ આવ્યા બાદ તિરુનેલવેલીના વાયોલિન-નિષ્ણાત શ્રીનિવાસ આયર પાસે એમણે શિક્ષણ લીધું. એ ગુરુ દ્વારા એમને સંગીત-સમારંભોના વિવેચનની દૃષ્ટિ તેમજ કલાનાં અંતરંગ તથા હેતુ વગેરે વિષે ઘણું જાણવા મળ્યું. આ દીક્ષાને સહારે તાત્કાલીન સંગીત સભાઓ તરફથી યોજાતા કાર્યક્રમોમાં હાજરી આપી તે ઉત્કંઠાપૂર્વક સંગીત સમજવાનો પ્રયત્ન કરતા. આમ એમની વિવેચનશક્તિ વિકાસોન્મુખ બની.

તે કાળે લલિતકળાઓ માટે જાણીતી 'સગુણવિલાસ સભા'ના મુખ્ય નટ લૅાંગમૅન્સ ગ્રીન ઍન્ડ કંપનીના મૅનેજર સદ્ગત દોરાયસ્વામી આયંગર હતા. તેમને શ્રી કૃષ્ણ આયરની શક્તિઓની જાણ થતાં તે એમને એ સભામાં ખેંચી ગયા. ત્યારથી તો પછી શ્રી કૃષ્ણ આયરે વ્યવસ્થિતપણે પોતાની અભિનેતા તરીકેની કારકિર્દી શરૂ કરી દીધી ને કેવળ એ સભાના જ નટ ન રહેતાં તેઓ 'સંસ્કૃત ઍકેડેમી', 'સેક્રેટેરિયેટ પાર્ટી' તેમજ બીજી અસંખ્ય તત્કાલીન નાટ્ય સંસ્થાઓના નટ બન્યા, અને ૧૯૩૦માં એમણે રાજકીય ચળવળમાં ઝુકાવ્યું ત્યાં સુધી સફળ અભિનેતા તરીકે એમણે રંગમંચ ગાજતો રાખ્યો.

પણ ૧૯૨૦ થી ૩૦નો એમના જીવનનો આ દાયકો બીજા પણ મહત્ત્વના પ્રસંગોથી ભરપૂર છે. મદુરાન્તકમ્ જગદાંબાલ ને તે વખતના મહાનનાટ્યાચાર્ય નટેશ આયરની પાસે ૧૯૨૫થી તે ભરતનાટ્ય નૃત્યનું શિક્ષણ લેવા લાગ્યા. નટેશ આયર ભાગવતમેલા નાટક અને સદીર નૃત્ય (એકમ નર્તન) બંને પ્રકારોનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. એમની જ દીક્ષાને પ્રતાપે કૃષ્ણ આયરે ભરતનાટ્યની વિવેચના ને પુનરુત્થાનની દિશામાં મહત્ત્વનું કાર્ય શરૂ કર્યું, અને દેવદાસી વર્ગથી રક્ષિત હોવાને કારણે સામાજિક પૂર્વગ્રહોને લીધે ઉપેક્ષિત રહેલી એ કલાના ઉદ્ધારનું



શ્રી ઈ. કૃષ્ણ આયર જુવાનીના જુદાજુદા તબક્કાઓમાં–ડાબી બાજુથી: (૧) કૉલેજમાં ભણતા હતા ત્યારે મદ્રાસ સ્ટુડન્ટ્સ કન્વેન્શનના અગ્રણી (૧૯૧૬–૧૯૧૯) તરીકે; (૨) ઈ. ૧૯૨૧માં કાયદાના ગ્રૅજ્યુએટ થયા ત્યારે; (૩) ઈ. ૧૯૨૭માં રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવી ગામેગામ ફરીને કવિ સુબ્રહ્મણ્યમ્ ભારતીનાં ગીતો મધુર હલકે અને બુલંદ કંઠે ગાઈ પ્રજાને જાગ્રત કરી ત્યારે; (૪) ઈ. ૧૯૩૦માં 'ઉદયવનમ્ સત્યાગ્રહ ચળવળ'ના સંચાલક તરીકે; (૫) ઈ. ૧૯૩૯માં ભરતનાટ્ય નૃત્યને સામાજિક ઉપેક્ષામાંથી મુક્ત કરી ઉચ્ચ સંસ્કારી નૃત્યના માનસ્થાને પ્રસ્થાપિત કર્યું ત્યારે.

ભગીરથ કાર્ય સાતસાત વર્ષ લગી એકલે હાથે મથીને ભરતનાટ્યના પ્રથમ અભિનાયક તરીકેનું સન્માન એમણે પ્રાપ્ત કર્યું. એમની આ નૈતિક હિંમતનું મહત્ત્વ એટલા માટે છે કે તે કાળે દેવદાસી વર્ગ વિષે લોકોમાં સામાજિક પૂર્વગ્રહો હતા ને શિષ્ટ સંગીતસમારંભોના મંચ પર ભદ્ર-વર્ગ સમક્ષ એ રજૂ થઈ શકતું નહિ.

શરૂમાં તો એમણે પ્રવચનો દ્વારા, ને એ પ્રવચનો વિશદ બને તે માટે નૃત્ય-પ્રયોગો દ્વારા ખૂબ જ વિશાળ તેમજ અસરકારક પ્રચાર કર્યો. વચ્ચે સ્વતંત્ર નૃત્ય-કાર્યક્રમો પણ આપતા. એમના આ પ્રયત્નોએ દેશના એ ગૌરવશાળી નૃત્યકલા-વારસાને ભૂતસર્ગની વિસ્મૃતિની ગર્તા-માં ધકેલાઈ જતો બચાવી લીધો. ૧૯૨૮માં એમણે મદ્રાસમાં અખિલ ભારતીય સંગીત પરિષદ યોજી અને પોતે એના માનાર્હ મંત્રી બન્યા. સાથોસાથ ડૉ. યુ. રામરાવ અને બીજા સાથીદારોની સહાયથી 'સંગીત ઍકેડેમી' સ્થાપી અને છેક ૧૯૩૯ લગી—એક દાયકા સુધી પોતે એના સક્રિય મંત્રી રહ્યા. એ દરમિયાન એમણે કર્ણાટકી સંગીતને પગભર થવામાં ખૂબ મદદ કરી, સંગીત ઍકેડેમીનું એક મુખપત્ર શરૂ કર્યું અને 'ટીચર્સ કૉલેજ ઑવ મ્યૂઝિક'ની સ્થાપના પણ કરી, જેની કાર્યવહીમાં વાર્ષિક સ્પર્ધાઓ ને તજ્જ્ઞોની પરિષદો મુખ્ય કાર્યો હતાં.


સ્ત્રીના પોષાકમાં એ કેટલી પરિપૂર્ણતાથી ભરતનાટ્યની ખૂબીઓ અને લાક્ષણિકતા સૌના ધ્યાનમાં લાવતા એનું એક ઉદાહરણ જોઇએ. ૧૯૨૮માં કોઇમ્બતુર જિલ્લામાં ડી.જે.એચ. શાળાના લાભાર્થે કોઈ સમારંભ યોજવામાં આવેલો. તેમાં એમણે સ્ત્રીનો પોષાક પહેરી ભરત-નાટ્ય રજૂ કરી દર્શકોને એવા તો મંત્રમુગ્ધ કરી મૂકેલા કે મોડી રાતે જ્યારે કાર્યક્રમ સમાપ્ત થયે એમણે માથે પહેરેલી વેણીની 'વીગ' ઊતારી નહિ ત્યાં લગી પ્રેક્ષકોમાંના કેટ-લાક તો એ ખરેખર નર્તકી જ છે એની શરતો અંદરોઅંદર કરતા હતા!

અંતે ૧૯૩૧માં એમણે ધંધા-દારી નર્તકીઓને—તીરુવલપુત્તુર-ની પ્રખ્યાત કલ્યાણી કન્યાઓને મ્યૂઝિક ઍકેડેમીના જાહેર રંગ-મંચ પર હિંમતભેર રજૂ કરીને એ સામાજિક પૂર્વગ્રહ સામે ખુ-લ્લો મોરચો માંડ્યો ને ભરત-નાટ્યમની પુનઃપ્રતિષ્ઠાના શ્રી-ગણેશ સ્થાપ્યા. નૃત્યવિરોધી ચળવળના નેતાઓ આને પરિણામે ખળભળી ઊઠ્યા. આ ચળવળની નેત્રી એક મિસ ટેનન્ટ નામે પરદેશી બાઈ તો છેક ઇંગ્લંડથી ભારત આવી હતી અને મદ્રાસ તેમજ ભારતના લાગવગવાળા માણસોને મળી નૃત્યવિરોધી ચળવળ માટે સહકાર મેળવતી અને એમની સહી-ઓ લઈ ભારતીય નૃત્ય સર્વથા ગ્રહણબદ્ધ રહે તેવી પેરવીઓ કરતી. કૃષ્ણ આયર આથી કાંઈ ગાંજ્યા જાય તેમ ન હતા. સામે એમણે પણ પત્રો-માં નૃત્યના પુનરુદ્ધારના સમર્થનમાં લેખો લખવા માંડ્યા અને નૃત્ય-વિષયક ઐતિહાસિક ચર્ચાઓ વૃત્તપત્રોમાં થઈ. વેલોર જેલમાં એ હતા ત્યારે ત્યાં ભેગા થએલા દેશનેતાઓના પણ અભિપ્રાય નૃત્યની તરફેણ-માં ઘડ્યા. ૧૯૩૨માં તો એ વિવાદે ઉગ્ર સ્વરૂપ પકડ્યું. તેમાં અંતે નૃત્યવિરોધી ચળવળના નેતાઓનો એમણે પરાભવ કર્યો ને ભરત-નાટ્યની પુનઃપ્રતિષ્ઠા કરી. આમ અર્ધી સદી લગી સામાજિક પૂર્વ-ગ્રહોના ગ્રહણમાં સપડાએલી એ કલાને એમણે ૧૯૩૩માં મુક્ત કરી.

પછી તો દેવદાસી વર્ગની નર્તકીઓને માત્ર દક્ષિણ ભારતમાં જ નહિ, પરંતુ ઉત્તર ભારતની સંગીત પરિષદોમાં પણ રજૂ કરીને એમણે ભરતનાટ્યને લોકપ્રિય કર્યું. વિખ્યાત નર્તકી (અને આજનાં પદ્મશ્રી) બાલાસરસ્વતીને ૧૯૩૪માં બનારસમાં ભરાએલી અખિલ ભારતીય સંગીત પરિષદમાં ભરતનાટ્યનો કાર્યક્રમ રજૂ કરવા તે લઈ ગયા ત્યારે ગુરુદેવ ટાગોર પણ ત્યાં હાજર હતા. ભદ્રવર્ગની કુમારિકાઓને પણ ભરતનાટ્ય નૃત્યનું શિક્ષણ લેવા તેમણે પ્રેરી અને ભરતનાટ્યનો સં-સ્કારી ગૃહોમાં પ્રવેશ કરાવ્યો. જોકે આને પરિણામે એમને ઘણું વેઠવું પડ્યું. જૂનવાણી વર્ગ ઉપરાંત સમાજ-સુધારકો તેમજ દેવદાસી વર્ગ પણ આથી હવે છેડાયા. પરંતુ કવિવર રવીન્દ્રનાથ ટાગોર તરફથી પ્રોત્સાહન ને આશિષ સાંપડતાં એમણે બધા આક્ષેપો તથા ખોફ વહોરીને પણ સંસ્કારી કુટુંબોની બાળાઓને ભરતનાટ્યની મોહિની લગાડી.

ચલચિત્રોમાં પણ ત્યાર લગી શાસ્ત્રીય નૃત્યો ભાગ્યે રજૂ થતાં. આથી ૧૯૩૯માં પ્રથમ વાર 'સૈરંધ્રી' નામે તમીળ ચિત્રમાં એમણે જાતે 'બૃહન્નલા'ની ભૂમિકા ભજવી ને પ્રણાલીગત ભરતનાટ્ય-નૃત્ય તેમાં રજૂ કર્યું. વિખ્યાત નૃત્યકાર

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)



રામગોપાલ તથા શ્રી કૃષ્ણ આયર (પ્રૌઢ વયે); ૧૯૪૯

ઊંટે કાઢ્યા ઢેકા



લેખક : પ્રો. રમણલાલ ચી. શાહ

પાત્રો : ઉર્વીશ, સનાતન, ઉમાકાન્ત, અતુલ અને પ્રો. પંડ્યા.
[સ્થળ : કૉલેજનો એક નાનો વર્ગખંડ સમય : કૉલેજ છૂટી ગયા પછીનો]

ઉર્વીશ : (કાગળની ચિઠ્ઠીમાં લખતાં) સાંભળ અતુલ, એક પાઈનૅપલનું શરબત, એક સ્પેશિયલ કોલ્ડ કૉફી, એક મીઠી લસ્સી, એક સ્પેશિયલ ચા, બે ડઝન ચીઝ સૅન્ડ્વિચીઝ, ચાર 'ક્વૉલિટી'ની ચૉકૉલેટ કૅન્ડી, ત્રણ પૅકેટ ગોલ્ડ ફ્લેક અને એક મૅચબૉક્સ; લે આ ચિઠ્ઠી અને કૅન્ટિનવાળાને કહેજે કે જલદી હિસ્ટરી ક્લાસરૂમમાં મોકલાવે, ને બિલ સાહિત્ય મંડળના ખાતે ઉધારે. સનાતનભાઈ, તમારે બીજું કંઈ મંગાવવું છે? વેફર... કે બિસ્કિટ...?

સનાતન : (હાથમાંના કાગળમાં જ જોઇ રહીને) હા, ભલે, મંગાવોને! (થોડું લખે છે.)

ઉમાકાન્ત : ને મને સૅન્ડ્વિચ નહિ ભાવે, મારે માટે બટેટાવડાં મંગાવ.

ઉર્વીશ : (ઉમેરતાં) ભલે! અરધો ડઝન બટેટાવડાં, બે ડઝન ક્રીમ બિસ્કિટ અને ત્રણ પૅકેટ વેફર. (વિચાર કરતાં) અને મારે માટે હું શું મંગાવું? (બધાને) તમે કોઇ વેજીટેબલ પેટીસ ખાશો? અરધો ડઝન મંગાવું છું.

અતુલ : પણ આપણે આટલું બધું મંગાવીએ છીએ તે બિલ બહુ મોટું નહિ થઈ જાય?

ઉર્વીશ : એક દિવસનું મોટું બિલ ન બનાવતાં બે-ત્રણ દિવસનાં નાનાંનાનાં બિલ બનાવવાનું કૅન્ટિનવાળાને કહી જ રાખ્યું છે.

ઉમાકાન્ત : ને એમ ન હોય તો ય શું?

અતુલ : તો પંડ્યા સાહેબ ભડકી નહિ જાય?

ઉર્વીશ : ભડકે શેના? ગયે વર્ષે વાર્ષિકોત્સવ માટે રોજ ચારચાર કલાક પ્રૅક્ટીસ કરી અને છતાં એક કપ ચા પણ પિવડાવી નથી; એટલે આ વખતે પહેલેથી જ ચોખવટ કરી લીધી છે કે રોજ રીહર્સલ વખતે ચાપાણી તો જોઇશે જ, અને એ માટે રોજ તમારી પાસે આવવું પડે એના કરતાં પંદર-વીસ દિવસ માટે કૅન્ટિનમાં મંડળનું ખાતું ખોલાવી દો.

અતુલ : પણ હજુ રીહર્સલ તો શરૂ યે થયું નથી અને રોજ આટલો ખર્ચ કરવા દેશે?

ઉર્વીશ : ના પાડશે ત્યારે જોયું જાશે. અત્યારે તો કરાય એટલા જલસા કરી લઇએ.

ઉમાકાન્ત : અતુલ, તું દોડ જલદી. પાછું સનાતનભાઇને મોડું થશે. (અતુલ જાય છે.) કેમ સનાતનભાઇ, નાટક થયું કે નહિ પૂરું?

સનાતન : પૂરું જ થઈ ગયું છે; એક તમારા પંડ્યા સાહેબને લીધે અંત બાકી રાખ્યો છે.

ઉર્વીશ : મેં કહ્યું હતું તે બરાબર લખ્યું છે ને?

સનાતન : એક વાર નહિ પણ ત્રણ વાર લખ્યું છે. અને એક દશ્યમાં તો કૃષ્ણકાન્ત ને કાલિન્દી, હીરો ને હિરૉઇન, એકબીજાને હાર પહેરાવી લાંબી વાર સુધી સોફામાં અડોઅડ બેસી ગોષ્ઠિ કરે છે એવો પ્રસંગ પણ મૂક્યો છે.

ઉર્વીશ : ફાઈન!

ઉમાકાન્ત : અને મારે માટે?

સનાતન : તમારે માટે વિલનનું-બંસીધરનું પાત્ર મૂક્યું છે. એમાં એક દશ્યમાં બંસીધરને પૂર્ણિમાને ખભે હાથ મૂકીને જતો બતાવ્યો છે ને બીજામાં તે પૂર્ણિમાને વેણી પહેરાવે છે.

ઉમાકાન્ત : સરસ!

ઉર્વીશ : આ બધાં જ દશ્યો વખતે સાઈડ વિંગમાંથી ચૂપચાપ ફોટો લેવાનું અતુલને કહી રાખવું પડશે.

ઉમાકાન્ત : હા, કારણ કે રીહર્સલમાં આ બધું આપણે કરી શકતા નથી. અને નાટક ભજવતી વખતે એ મિનિટ ગઇ એ ગઈ; પછી ફોટો લઈ શકાતો જ નથી.

ઉર્વીશ : સનાતનભાઇ, નાટક મંજૂર થાય ને બીજો કૈં વાંધો ન નીકળે તો આ દશ્યો મૂકી આપવા માટે તમારા પચ્ચીસ રૂપિયા સાચા.

ઉમાકાન્ત : અને નાટક માટે મંડળ તરફથી બીજા પચ્ચીસ અપાવીશું તે જુદા.

સનાતન : પણ આ નાયક ને ખલનાયકનાં પાત્રો તો તમને જ મળશે ને?

ઉર્વીશ : એ તો પંડ્યા સાહેબ પાસે નક્કી કરાવી જ લીધું છે.

ઉમાકાન્ત : ઈન ફૅક્ટ, એમણે પોતે સામેથી અમને કહ્યું છે. (અતુલ પ્રવેશે છે.)

ઉર્વીશ : નાટકનું નામ શું રાખ્યું છે?

સનાતન : 'ઊંટે કાઢ્યા ઢેકા.'

ઉમાકાન્ત : વાહ, સરસ નામ છે!

ઉર્વીશ : અરર, આવું અનપોએટિક નામ શું રાખ્યું? ઉમાકાન્ત, ઊંટના ઢેકામાં તે વળી તને સરસતા ક્યાં દેખાઈ?

સનાતન : પ્રથમ દૃષ્ટિએ નામ અનપોએટિક લાગશે, પણ એક વાર નાટક તમે વાંચી જશો પછી નાટક અને નાટકનું નામ બંને તમને ખૂબ ગમી જશે; કારણ કે તમારા પંડ્યા સાહેબને પણ એ બરાબર લાગુ પડે એવું છે.

ઉમાકાન્ત : એમ કે?

સનાતન : હા. નાટક ભજવવા માટે (આંગળી વડે ગણાવતાં) એક, એ શિષ્ટ હોવું જોઇએ; બે, એ ગંભીર હોવું જોઇએ...

ઉર્વીશ : ત્રણ, એ ભજવતી વખતે ઘરનું એક પણ વાક્ય ઉમેરવાનું નહિ.

સનાતન : ચાર, નાટકમાં ન લખી હોય એવી એક પણ ઍક્ટિંગ કરવાની નહિ; ને પાંચમું શું?

અતુલ : પાંચમું એ કે એમની પરવાનગી વગર કોઇએ નાટકના ફોટો પાડવા નહિ!

સનાતન : એ પંચશીલના પાંચ સિદ્ધાન્તોની જેમ પાંચ ઢેકા એમણે કાઢ્યા છે.

ઉર્વીશ : અને તેના ઉપર અમે કાઠડા કર્યા છે, એમ જ ને?

સનાતન : હા, એ જ પણ નાટકમાં છે.

ઉર્વીશ : (આનંદથી) જાવ, જાવ; ખરેખર?

સનાતન : ન માનતા હો તો લો, અહીંથી વાંચો કૃષ્ણકાન્તની લાઈન (નાટકમાં બતાવે છે).

ઉર્વીશ : એય સાંભળો, કૃષ્ણકાન્ત બોલે છે : કાલિન્દી! તું મને રોજ મળવા આવે છે તેના પર તારા પિતાએ પ્રતિબંધ મૂક્યો છે તેથી ગભરાઈ શું જાય છે? કાલિન્દી, ડીઅર, શું તારામાં એ પ્રતિબંધોમાંથી રસ્તો કાઢવા જેટલી પણ અક્કલ નથી? ડાર્લિન્ગ! તું માનવજાત સામે નજર કર! સ્વીટ હાર્ટ! જો; માણસે ઘોડા પર સવારી કરી, હાથી પર અંબાડી મૂકી, વાઘ-સિંહને પાંજરામાં પૂર્યા, અરે! ઊંટ જેવા ઊંચા પ્રાણીએ અક્કલ વગરના ઢેકા કાઢ્યા, તો માણસે તેના પર કાઠડા કર્યા.

ઉમાકાન્ત-અતુલ : વાહવાહ!

સનાતન : હજુ આગળ વાંચો.

ઉર્વીશ : સંસારમાં જ્યાંજ્યાં રૂઢિચુસ્ત વર્ગે અક્કલ વગરના ઊંટની જેમ ઢેકા કાઢ્યા છે ત્યાંત્યાં પ્રગતિશીલ અને સુધારક માણસોએ અક્કલ વાપરીને કાઠડા કરવા જોઇએ. આજે સમાજમાં, રાજકારણમાં, ધર્મમાં, સાહિત્યમાં ને કેળવણીના ક્ષેત્રમાં રીઍક્શનરી આગેવાનોએ ઢેકા કાઢ્યા છે. આજે કારખાનાના માલિકોએ, નિશાળના માસ્તરોએ, કૉલેજ-પ્રોફેસરોએ, યુનિવર્સિટીના પરીક્ષકોએ, છાપાના તંત્રીઓએ, લેભાગુ સાહિત્યકારોએ, સરકારી પ્રધાનોએ, રાજદ્વારી નેતાઓએ, ધુરંધર ધર્માચાર્યોએ અને કુંવારી કન્યાના પિતાઓએ ઠેરઠેર ઊંટની જેમ ઢેકા કાઢ્યા છે. આપણે

એની ઉપર કાઠડા કરવાના છે.

ઉમાકાન્ત: વાહવાહ! માસ્ટરપીસ!!

ઉર્વીશ: ચાલ, ચાલ; શું માસ્ટરપીસ?

સનાતન: કેમ તમને આ સંવાદ ન ગમ્યો?

ઉર્વીશ: ક્યાંથી ગમે? કૃષ્ણકાન્ત જાણે ભીંતની સામે જોઇ બોલતો હોય એમ લખ્યું છે.

સનાતન: એટલે?

ઉર્વીશ: આગળનાં વાક્યો જુઓ! એકએક વાક્યે કૃષ્ણકાન્ત પોતાની કાલિન્દીને કેવાં સરસ સરસ સંબોધન કરીને બોલાવે છે, ને આમાં તો જાણે એ જડ અને અરસિક...

સનાતન: પણ એવાં સંબોધન ન લખ્યાં હોય તેથી શું? ભજવતી વખતે વચ્ચે વચ્ચે એ અલ્પવિરામની જેમ બોલી શકાય છે.

ઉમાકાન્ત: અમારા પંડ્યા સાહેબ એમ નથી બોલવા દેતા એ જ ભાંજગડ છેને!

ઉર્વીશ: ગયે વર્ષે હું સંવાદ ભૂલી ગયો તે પેલી જ્યોત્સ્નાને એકને બદલે ત્રણ વાર 'મારી વહાલી', 'મારી વહાલી', 'મારી વહાલી' એમ મારાથી કહેવાઈ ગયું. એટલે તરત એણે પંડ્યા સાહેબ આગળ ફરિયાદ કરી મારો ઉધડો લેવડાવ્યો હતો એ ખબર છેને?

સનાતન: એવું હોય તો હું તો તમે કહો એટલી વાર સંબોધનો મૂકી આપું. પણ પછી અમારા સાહેબ નાટક જ મંજૂર ના કરે તો?

અતુલ: હા, એ વાત પણ સાચી છે.

ઉમાકાન્ત: એક ઉપાય છે. આપણે એમ કરીએ કે આવાં બધાં સંબોધનો અને મનગમતાં દૃશ્યો વિનાની નકલ જ પંડ્યા સાહેબને અને સ્ત્રીપાત્રોને પહેલાં આપીએ...

ઉર્વીશ: હા, કારણ કે આમે ય રીહર્સલમાં તો આવું બધું વધારેપડતું કરવા જતાં છોકરી ભડકીને ભાગી જાય...

અતુલ: અને નાટક પણ નામંજૂર થાય..

ઉમાકાન્ત: એટલે જ પહેલાં આવી નકલ આપવી, અને પછી નાટકને દિવસે પાકી નકલ આપવી. નાટક વાંચેલું હોય એટલે કોઇ ફરીથી એ વાંચવા બેસવાનું નથી.

સનાતન: બસ, હું પણ એ જ કહેતો હતો.

ઉર્વીશ: બરાબર છે. અને નાટકમાં લખ્યું હોય પછી આપણો કાન પકડી શકે નહિ.

અતુલ: જોકે સમજી તો જાય જ.

ઉમાકાન્ત: અને ભડકી પણ જાય.

અતુલ: માટે જ કદાચ પંડ્યા સાહેબ છપાએલાં નાટક ભજવવાનો આગ્રહ રાખતા હશે.

સનાતન: સ્ત્રીપાત્ર એકદમ ભડકી ન જાય એ માટે તમે ડાયરેક્ટરને કહી થોડુંથોડું આવું બોલવાનું ધીમેધીમે વધારી શકો.

અતુલ: તો પણ એ સમજ્યા વગર થોડી રહે?

ઉર્વીશ: એટલે જ જ્યોત્સ્નાએ પંડ્યા સાહેબને આ વખતે ચોખ્ખું કહી દીધું છે કે...

સનાતન: શું?

ઉમાકાન્ત: કે ઉર્વીશ અને ઉમાકાન્ત નાટકમાં ભાગ લેતા હશે તો હું નહિ લઉં.

ઉર્વીશ: અતુલ જા તો. કેન્ટિનવાળો છોકરો કેમ હજી આવ્યો નહિ? (પગલાં સંભળાય છે)

અતુલ: એનાં પગલાં જ સંભળાતાં લાગે છે.

સનાતન: ધારો કે સ્ત્રીપાત્ર માટે કોઈ આગળ ન આવ્યું તો?

ઉમાકાન્ત: ના, પણ એમ બનશે જ નહિ.

ઉર્વીશ: હિરૉઈનના પાઠ માટે જ્યોત્સ્નાને અને એ ન માને તો માલતી અથવા બંસરી કે પછી રાગિણીને સમજાવવા માટે...

ઉમાકાન્ત: અને બીજા સ્ત્રીપાત્ર માટે મનોરમાને અથવા નલિનીને સમજાવવા માટે પંડ્યા સાહેબને અમે કહ્યું છે.

અતુલ: મને લાગે છે કે પંડ્યા સાહેબ જાણી જોઇને જ નહિ સમજાવે...

ઉમાકાન્ત: ના, ના.

ઉર્વીશ: શકુન્તલા કે ઉત્તમરામચારિત્ર્ય જેવાં નાટકો ભજવીએ તો હમણાં આપણે કહીએ એ છોકરીને સમજાવી લાવે. પણ એ નાટકો ભજવવામાં કંઈ મઝા નહિ.

ઉમાકાન્ત: સાહેબ એ નાટકોને કેવાં કહે છે?—શિષ્ટ કે પ્રશિષ્ટ કે શું?

અતુલ: ગમે તે રીતે ઓળખાવે. હું તો એને અનિષ્ટ જ કહું છું. (પ્રો. પંડ્યા પ્રવેશે છે.)

પ્રો. પંડ્યા: (હસતાં) કેમ, ભાઇ સનાતન, તમે પણ આવ્યા છો કે? કેમ ઉર્વીશ, ઉમાકાન્ત, અતુલ!

સનાતન: હાજી.

ઉર્વીશ: સાહેબ, આપે અહીં પધારવાની તસ્દી લીધી? કોઇની સાથે કહેવડાવ્યું હોત તો અમે જાતે જ સ્ટાફ રૂમમાં આવી જાત.

પ્રો. પંડ્યા: કોઇકે મને કહ્યું કે આપણા વાર્ષિકોત્સવના નાટક માટે તમે એકઠા થયા છો ને ભાઈ સનાતન પણ આવ્યા છે, એટલે થયું કે ઘેર જતાં પહેલાં તમને મળતો જાઉં. કેમ, શાનાં અનિષ્ટોની વાત ચાલતી હતી?

ઉર્વીશ: કંઇ નહિ સાહેબ, એ તો જૂનાં નાટકોની વાત.

પ્રો. પંડ્યા: હાં...તે...શું...?

ઉર્વીશ: એ તો સાહેબ, હું એમ કહેતો'તો કે શન્કુતલા કે ઉત્તમરામચારિત્ર્ય જેવાં...

પ્રો. પંડ્યા: (વચ્ચે) શન્કુતલા નહિ પણ 'શાકુન્તલ', અને ઉત્તમરામચારિત્ર્ય નહિ પણ 'ઉત્તરરામચરિત'.

ઉર્વીશ: હા સાહેબ, પણ એવાં નાટકોનો આજે જમાનો રહ્યો નથી.

પ્રો. પંડ્યા: કેમ?

ઉમાકાન્ત: એક તો સાહેબ, ઢંગધડા વગરનાં નાટકો. કલાક કલાક સુધી એકનું એક પાત્ર સ્વગતોક્તિ બોલ્યા કરે.

અતુલ: અને સાહેબ, એમાં ફ્રી ઍક્ટિંગ માટે બિલકુલ સ્કોપ નહિ.

પ્રો. પંડ્યા: કારણ?

સનાતન: એમાં સંવાદની એક લાઈન ભુલાઈ જાય એટલે બાઘાની જેમ ઊભા રહેવાનું.

અતુલ: ભજવનારને પરસેવો છૂટે અને ઑડિયન્સમાં હસાહસ થાય.

ઉર્વીશ: જ્યારે અત્યારનાં નાટકોમાં એક લાઈન ભૂલ્યા તો બીજી ફેંકૉલૉજી ક્યાં નથી?

પ્રો. પંડ્યા: (હસતાં) એટલે નાટકમાં ન હોય એવું પણ બોલવાની, નાટક કરતાં કરતાં કોઈકને સંભળાવી દેવાની પણ સારી તક મળે!

ઉર્વીશ: ના સાહેબ, એમ તો નહિ.

પ્રો. પંડ્યા: ત્યારે?

ઉમાકાન્ત: સાહેબ, શિષ્ટ નાટકો ભજવવામાં બીજી પણ એક મુશ્કેલી છે.

પ્રો. પંડ્યા: શી?

અતુલ: એમાં સાહેબ, નાટકમાં એક રસ ચાલતો હોય ત્યારે પ્રેક્ષકોમાં બીજો રસ ચાલતો હોય.

પ્રો. પંડ્યા: એટલે, કેવી રીતે?

ઉર્વીશ: દાખલા તરીકે સાહેબ ઉત્તમરામ (ભૂલ સુધારતાં) ઉત્ ઉત્...સૉરી સાહેબ, કાલિદાસના એ નાટકનું નામ શું?

પ્રો. પંડ્યા: કાલિદાસનું નહિ, ભવભૂતિનું એ નાટક છે. ઉ...ત્ત...ર...રા...મ.

ઉર્વીશ: ઉ...ત્ત...ર...રા...મ

પ્રો. પંડ્યા: તમને લોકોને આટલું નામ પણ શુદ્ધ બોલતાં નથી આવડતું?

ઉમાકાન્ત: એટલે જ કહીએ છીએ સાહેબ કે એક આટલું નામ બોલવામાં આટલી મુશ્કેલી પડે છે તો આખું નાટક ભજવતાં તો કેટલી મુશ્કેલી પડે!

ઉર્વીશ: એટલે હું એમ કહેતો હતો સાહેબ કે ઉ...ત્ત...ર...રા...મ... ચ...રિ...તમાં સીતાના વિલાપમાં જ્યારે કરુણ રસ ભજવાતો હોય ત્યારે એના વિલાપના લાંબાલાંબા રાગડા સાંભળી ઑડિયન્સ હસવા લાગે.

પ્રો. પંડ્યા: તમે કોઇએ એ વાંચ્યું છે?

ઉમાકાન્ત: ના સાહેબ.

પ્રો. પંડ્યા: ભજવાતાં જોયું છે?

અતુલ: ના સાહેબ. પણ...

પ્રો. પંડ્યા: ઠીક, ત્યારે તમારે કોઇ મૉડર્ન થીમવાળું નાટક ભજવવું છે?

ઉર્વીશ–ઉમાકાન્ત: હા સાહેબ!

પ્રો. પંડ્યા: પસંદ કર્યું છે કોઈ?

ઉર્વીશ: હા, સાહેબ! આ સનાતનભાઈએ ખાસ તૈયાર કર્યું છે.

પ્રો. પંડ્યા: શું નામ છે એનું?

સનાતન: 'ઊંટે કાઢ્યા ઢેકા.'

પ્રો. પંડ્યા: અને થીમ?

સનાતન: એમાં સાહેબ, આમ તો એક શ્રીમંત કુટુંબની દીકરીની વાત લીધી છે; પણ એ દ્વારા આપણા ગુજરાતની સામાજિક, રાજકીય, ધાર્મિક ઇત્યાદિ પરિસ્થિતિ પર ઠીકઠીક કટાક્ષો કર્યા છે. સમાજમાં જ્યાંજ્યાં રૂઢિચુસ્ત વર્ગે અક્કલ વગરના ઊંટની જેમ ઢેકા કાઢ્યા છે ત્યાં ત્યાં સુધારકવર્ગે અક્કલવાળા માણસની જેમ કાઠડા કરવા જોઇએ એમ બતાવ્યું છે.

પ્રો. પંડ્યા: (હસતાં) સરસ. ખરેખર ગમી જાય એવો વિચાર છે આ. પ્રોફેસરોના ઢેકાની વાત લખી છે કે નહિ એમાં?

સનાતન: જસ્ટ પાસિંગ રેફરન્સ આવે છે.

પ્રો. પંડ્યા: પેલી શ્રીમંત કુટુંબની દીકરીની શી વાત છે?

સનાતન: એની બાબતમાં પણ એ જ સાહેબ, ઊંટે કાઢ્યા ઢેકા તો...

પ્રો. પંડ્યા: કેવી રીતે?

સનાતન: એમાં કાલિન્દી નામની એક મિલ-એજન્ટની દીકરી છે. એનો બાપ એને પરણાવી દેવા માગે છે વરસના પહેલા દિવસથી પરીક્ષાની તૈયારી કરનાર કોઇ વેદિયા સ્કૉલર સાથે, અને એને પરણવું છે કૉલેજમાં સંગીત ને નાટકમાં કામ કરતા એક રસિક આત્મા કૃષ્ણકાન્તને.

પ્રો. પંડ્યા: સરસ!

સનાતન: એટલે બાપ અક્કલ વગરના ઊંટની જેમ ઢેકા કાઢે છે તો કાલિન્દી એના ઉપર...

પ્રો. પંડ્યા: સરસ! દાખલા તરીકે...?

સનાતન: બાપ જ્યારે કાલિંદીને કૉલેજના ટાઇમ પછી એક મિનિટ પણ ઘરની બહાર જવાની મનાઇ કરે છે ત્યારે કાલિંદીને કૉલેજનાં લેક્ચર્સ છોડી કૃષ્ણકાન્ત સાથે મૅટિની શોને પેટ્રોનાઈઝ કરવાની ફરજ પડે છે. બાપ જ્યારે ઘેર એને નામે આવતાં બંધ કવર ફોડવાની શરૂઆત કરે છે ત્યારે એને કૉલેજના સરનામાનો આશ્રય લેવો પડે છે.

પ્રો. પંડ્યા: વાહવાહ. સરસ આઇડિયા મૂક્યો છે તમે. ક્યાં છે એ નાટક?

અતુલ: આ રહ્યું.

પ્રો. પંડ્યા: લાવો જોઉં.

સનાતન: (અતુલ પાસેથી નાટક લેતાં) આ તો હજુ કાચું જ લખેલું છે.

ઉર્વીશ: કાલે એની ફેર નકલ કરીને આપને આપી જઈશ, સાહેબ.

પ્રો. પંડ્યા: એની કંઈ જરૂર નથી. તમે નાટક પસંદ કર્યું છે એટલે જરૂર સારું જ હોવું જોઇએ. લાવો જરા ઉપર ઉપરથી જોઇ લઉં.

સનાતન: મારા ગરબડિયા અક્ષર...

પ્રો. પંડ્યા: (હસતાં) વિદ્યાર્થીઓના ખરાબમાં ખરાબ અક્ષર ઉકેલવાથી હું ટેવાઈ ગએલો છું; લાવો.

સનાતન: (આપતાં) નાટકનો અંત હજુ બાકી રાખ્યો છે–ખાસ આપને પૂછવા માટે જ.

પ્રો. પંડ્યા: શું?

ઉર્વીશ: આમ તો સાહેબ, આખું નાટક કૉમિક છે અને અંતે કૃષ્ણકાન્ત કાલિંદીને પરણી જાય છે એવો નાટકનો અંત વિચાર્યો છે.

સનાતન: પરંતુ સાહેબ, આપને ગંભીર નાટકો ગમે છે, એટલે આપની ઇચ્છા હોય તો કાલિંદીને આપઘાત કરાવીને ટ્રેજેડી...

પ્રો. પંડ્યા: (હસતાં) ના રે ભાઈ, કાલિંદીને આપઘાત કરાવવાનું પાપ મારે નથી વહોરવું.

ઉર્વીશ: થૅંક યુ સર!

પ્રો. પંડ્યા: એમાં થૅંક્સ શા માટે?

ઉમાકાન્ત: આપે કૉમિક નાટક પસંદ કર્યું એટલા માટે.

પ્રો. પંડ્યા: (નાટકનાં પાનાં ઉથલાવતાં) બીજા દૃશ્યની શરૂઆતમાં આ શું લખ્યું છે?

સનાતન: (નાટકમાં નજર કરીને) એમાં કાલિન્દી ખુરશી પર બેઠી છે અને કૃષ્ણકાન્તની એન્ટ્રી થાય છે.

પ્રો. પંડ્યા: હં...પછી (વાંચે છે) 'કૃષ્ણકાન્ત ઝડપથી કાલિન્દી પાછળ આવી એની આંખો પોતાના હાથ વડે દાબી દે છે અને પછી કાલિન્દી એના હાથ ચીમટા ભરી છોડાવે છે ત્યારે એ એના ગાલે ટપલી મારે છે.' બરાબર છે?

સનાતન: હા, સાહેબ.

પ્રો. પંડ્યા: એ એટલે કોણ? કાલિન્દી ટપલી મારે છે કે કૃષ્ણકાન્ત?

સનાતન: કૃષ્ણકાન્ત કાલિન્દીને.

પ્રો. પંડ્યા: એનું ખાસ પ્રયોજન?

સનાતન: આ તો સાહેબ, ફક્ત નાટકમાં જ લખેલું છે.

અતુલ: પણ આપણે ઍક્ટિંગમાં તો કરવો હશે તે ફેરફાર કરી શકીશું.

પ્રો. પંડ્યા: ફેરફાર શા માટે? જે પ્રમાણે નાટકમાં લખ્યું હોય તે પ્રમાણે જ બરાબર ભજવવું જોઇએ...એવી છૂટછાટ આપણાથી લઈ શકાય નહિ.

ઉર્વીશ: થૅંક યુ સર!

પ્રો. પંડ્યા: થૅંક્સ શા માટે?

ઉર્વીશ: અમસ્થો જ સાહેબ. નાટક ભજવવાની બાબતમાં આપ આટલુંબધું પ્રોગ્રેસિવ વલણ રાખો છો એથી અમને આનંદ થાય છે.

ઉમાકાન્ત: પણ સાહેબ, રીહર્સલમાં તો જાણે આ બધું થઈ ગયું છે એમ માની સીધા સંવાદથી જ શરૂ કરવાનું ને?

પ્રો. પંડ્યા: એટલે?

અતુલ: રીહર્સલમાં દર વખતે આવી ઍક્ટિંગની જરૂર નહિ ને?

પ્રો. પંડ્યા: શા માટે નહિ? આ તો માત્ર નાટક જ છે. તમે ખરાબ ઇરાદાથી એવાં તોફાન થોડા કરો છો? તમે તો માત્ર પ્રૅક્ટિસ કરો છો. અડધીપડધી પ્રૅક્ટિસ કરો તો નાટકમાં એ ભૂલી પણ જવાય.

ઉમાકાન્ત: સાચી વાત સાહેબ, રાઇટ સ્પિરિટમાં જ આ બધું લેવું જોઈએ.

ઉર્વીશ: થૅંક યુ સર!

પ્રો. પંડ્યા: ફરી પાછા થૅંક્સ?

ઉર્વીશ: હા સાહેબ. અમને ખરેખર આનંદ થાય છે કે આપ આટલા બધા નવા વિચારના..

પ્રો. પંડ્યા: અમે સાવ જૂના વિચારના છીએ એવું માની લેવાની તમે ભૂલ કરો છો એટલા માટે જ આ વખતે ખાસ મેં જે જે વસ્તુઓ તમને ગમતી હોય...

અતુલ: સાહેબ, આપ આજે મૂડમાં છો તો બીજું એક પૂછી લઉં.

પ્રો. પંડ્યા: શું?

અતુલ: નાટકના ફોટો માટે.

પ્રો. પંડ્યા: જરૂર. ગમે તે દૃશ્યના ફોટો તમે પાડી શકો છો. શરત એટલી કે એ ફોટો મને બતાવી જવાના અને દુષ્ટ હેતુથી એનો પ્રચાર નહિ કરવાનો.

ઉર્વીશ: તો સાહેબ, આ નાટક આપણે મંજૂર કરીએ છીએ ને?

પ્રો. પંડ્યા: હા, મંજૂર, મંજૂર.

ઉર્વીશ: અને સાહેબ, હિરૉઈન માટે કોઇને સમજાવી? જ્યોત્સ્ના કે માલતી કે રાગિણીને?

ઉમાકાન્ત: અને બીજા એક સ્ત્રીપાત્ર માટે પેલી મનોરમા કે...

પ્રો. પંડ્યા: (યાદ કરતાં) હિરૉઈન માટે મેં પેલીને સમજાવી છે.

ઉર્વીશ: (ઉત્સુકતાથી) કોને? કોને, સાહેબ?

પ્રો. પંડ્યા: જ્યોત્સ્નાને.

ઉર્વીશ: (અત્યંત આનંદમાં) જ્યોત્સ્નાને? ખરેખર? તો તો બહુ જ સરસ. થૅંક્યુ સર!

પ્રો. પંડ્યા: (હસતાં) વળી પાછા થૅંક્સ! આજે તો તમે પણ બહુ મૂડમાં લાગો છો.

ઉમાકાન્ત: હા સાહેબ, જો જ્યોત્સ્ના ભાગ લેશે તો નાટક સરસ ઊંચકાશે.

પ્રો. પંડ્યા: જરૂર; એમાં પ્રશ્ન છે જ નહિ.

અતુલ: પણ જ્યોત્સ્ના નાટકમાં ભાગ લેવા માટે માની ગઇ એ ભારે આશ્ચર્ય કહેવાય.

પ્રો. પંડ્યા: આમ તો નહોતી માનતી, પણ મેં એને બોલાવીને બરાબર સમજાવી એટલે હા કહી.

ઉર્વીશ: કેમ નહોતી માનતી?

પ્રો. પંડ્યા: એ કહે કે જો ઉર્વીશ હીરો થતો હોય તો મારે હિરોઈન નથી થવું.

ઉમાકાન્ત: પણ સાહેબ, આ તો માત્ર નાટક જ છે.

સનાતન: એમાં પતિપત્નીનો ભાગ ભજવવાથી ખરેખર કંઈ પતિપત્ની નથી બની જતાં.

પ્રો. પંડ્યા: મેં પણ એને એ જ કહ્યું કે આ તો માત્ર નાટક જ છે. એમાં પતિપત્ની...

અતુલ: (બારણા તરફ આંગળી કરી પ્રો. પંડ્યાને) સાહેબ, આ પટાવાળો આપને બોલાવવા આવ્યો લાગે છે.

પ્રો. પંડ્યા: (જતાં જતાં) આવું છું એક બે મિનિટમાં જ (જાય છે.)

ઉર્વીશ: (એમના ગયા પછી) દે દોસ્ત તાલી, ઉમાકાન્ત! બેડો પાર થઇ ગયો!

ઉમાકાન્ત: (તાલી ન આપતાં) તારો, તેમાં મારે શું? પૂર્ણિમાના પાત્ર માટે મનોરમાએ હા પાડી છે કે નહિ તે હજુ કયાં ખબર છે?

અતુલ: જ્યોત્સ્નાએ હા પાડી એટલે મનોરમા હા પાડવાની જ.

ઉર્વીશ: અતુલ, હવે તો પડાય એટલા ફોટા પાડી લેજે. થોડી ફિલ્મ બગડે તો વાંધો નહિ. પૈસા મારી પાસેથી લઈ જજે.

અતુલ: તમે કહો તો હું તો સારાં સારાં દૃશ્યોની રંગીન ફિલ્મ ઉતારી લઉં. પણ હવે આવતે વખતે નાટકમાં તમારે મને પણ ચાન્સ આપવો જોઇશે.

સનાતન: આવતે વખતે શા માટે? આમાં જ એક પુરુષ પાત્ર અને એક સ્ત્રી પાત્ર ઉમેરી આપું. નાટક તો મંજૂર થઈ જ ગયું છે.

ઉર્વીશ: સારાં દૃશ્યો મુકાવવા માટે પૈસા ખર્ચવાની તારી તૈયારી હોય તો બોલ. સ્ત્રી પાત્ર માટે તો પંડ્યા સાહેબને કહીશું તે છોકરીને સમજાવી લાવશે.

અતુલ: અરે મને માત્ર ફોટોગ્રાફર તરીકે જ મૂકોને. એટલે સીધા સ્ટેજ પરથી જ વટથી ફોટા લઈ શકાય.

સનાતન: ભલે.

ઉમાકાન્ત: આ વેળા સાહેબ સીધા ઊતર્યા!

સનાતન: તો? નાટક મંજુર થઇ ગયું છે.

ઉર્વીશ: હા, ઉમાકાન્ત તારા પૈસા તું લાવ્યો છે ને? સાહેબ આવે તે પહેલાં પતાવી દઇએ (બંને સનાતનને પૈસા આપે છે.)

અતુલ: મારા પણ લઈ લો. (આપે છે.)

સનાતન: થૅંક યુ. કાલે સવારે દસ વાગ્યે આખી સ્ક્રિપ્ટ તૈયાર રાખીશ; તમે આવીને લઈ જજો. બસ, તો.? બીજુ કંઈ કામ ન હોય તો હવે હું જઈશ. મારે લૉજના પૈસા ચૂકવવાના છે, અને બીજા મંડળવાળા આવવાના છે તેમને માટે નાટક પણ લખવાનું છે.

ઉર્વીશ: અરે, પણ ચાપાણી વગર? અતુલ, જાને. કૅન્ટિનવાળો હજી કેમ આવ્યો નહિ?

સનાતન: મને જવા દોને. તમારા પંડ્યા સાહેબ આવશે અને નકામી બાબત પર કલાક લેક્ચર ઠોકશે તો મારાથી પછી નીકળાશે નહિ.

ઉમાકાન્ત: પણ આપણે કૅન્ટિનમાંથી આટલું બધું મંગાવ્યું છે તે સાહેબ આવીને જોશે તો? આટલા બધા સીધા ઊતર્યા છે તેમાં આ નાની બાબતને લીધે બાજી બગડી જશે.

ઉર્વીશ: બરાબર છે. આટલી બધી બાબતમાં સાહેબ આમ સીધા ઊતર્યા છે તો આવી નાની બાબતમાં આપણે કારણ ના આપવું. અતુલ, તું કૅન્ટિનવાળાને જઇને કહેને કે અમે જ ત્યાં આવીએ છીએ. સનાતનભાઈ, તમે પણ થોડી વાર કૅન્ટિનમાં જઇને બેસોને.

સનાતન: ભલે, બેસું છું; પણ તમને વાર થશે તો પંડ્યા સાહેબનું લેક્ચર ચાલુ થયું છે એમ માની ચાલ્યો જઈશ. (બંને જાય છે.)

ઉર્વીશ: જ્યોત્સ્નાએ હા પાડી છે એટલે હું ગયા વરસનું પૂરેપૂરું વેર લઈશ. ગયે વરસે બરાબર નાટકમાં જ એ લુચ્ચીએ પેલાં 'હૃદયેશ્વર', 'પ્રાણાધાર' વગેરેવાળી લાઇનો કડાવી દીધેલી એટલે હું મારો પાઠ ભૂલી ગએલો! આ વખતે છેલ્લે દિવસે નાટકમાં એની આંખો એવી તો દાબીશ કે મહિના સુધી દુખ્યા કરે!

ઉમાકાન્ત: પણ આમાં યે એ તને થાપ ન ખવડાવી જાય એ જોજે. મને તો લાગે છે કે એણે હા પાડી છે એમાં જ એની કંઈક રમત હોવી જોઇએ. કદાચ આગલે દિવસે જ માંદી પડી જાય કે મમ્મી-પપ્પાનું બહાનું કાઢી છટકી જાય.

ઉર્વીશ: ના, ના. એ માટે તો પહેલેથી જ પંડ્યા સાહેબ સાથે ચોખવટ કરી લઈશું. તે અને જો નાટકમાં એક દૃશ્યમાં મને બનાવી ગઈ તો બીજા દૃશ્યમાં એની આબરૂ જ બગાડી નાખું. 'કાલિન્દી'ને બદલે સીધું 'જ્યોત્સ્ના' કહીને જ સંવાદો બોલવા માંડું.

ઉમાકાન્ત: પણ એવું વધારેપડતું કરીને એને ભડકાવવા કરતાં એને મનાવીને જરા સારી રીતે કામ કરશે તો લાઈફલૉન્ગ પાર્ટનર તરીકે મળી જશે. હું પણ મનોરમા માટે ટ્રાઈ કરવાનો જ છું. કૉલેજમાં આ હવે છેલ્લી તક છે.

ઉર્વીશ: છેલ્લી શું કામ? એવું લાગશે તો હું તો પરીક્ષા જ નહિ આપું!

ઉમાકાન્ત: તું નહિ આપે; પણ જ્યોત્સ્ના તો આપશે જ ને? (અતુલ ઝડપથી પ્રવેશે છે.)

અતુલ: હું જતો'તો ત્યાં વચ્ચે જ પંડ્યા સાહેબ મળ્યા. મને કહ્યું 'ચાલો, કયાં જાવ છો?' એટલે હું અહીં પાછો આવ્યો છું. સનાતનભાઈ સાહેબની રજા લઈ સીધા લૉજ પર જ ગયા છે. મેં કૅન્ટિનમાં રોકાવાનું કહ્યું, પણ એમને મોડું થતું'તું. (પ્રો. પંડ્યા પ્રવેશે છે.)

પ્રો. પંડ્યા: સૉરી! જરા મોડું થયું, નહિ?

ઉર્વીશ–ઉમાકાન્ત: ના, ના, સાહેબ!

પ્રો. પંડ્યા: તો.....આપણે શાની વાત કરતા હતા?

ઉર્વીશ: સ્ત્રીપાત્રોની સાહેબ. નાટકમાં બધાં મળી ત્રણ સ્ત્રીપાત્રો જોઇશે.

પ્રો. પંડ્યા: ભલે. જ્યોત્સ્ના ઉપરાંત બીજી બે છોકરીઓને હજુ સમજાવવી જોઇશે. તમારા ધ્યાનમાં, ઉમાકાન્ત, છે કોઈ?

ઉમાકાન્ત: એક તો સાહેબ, મનોરમા સંઘવી, સિનિયર બી.એ.માં છે તે.

અતુલ: અને બીજી સાહેબ, મીનાક્ષી વોરા. ઇન્ટર આર્ટ્સમાં છે તે.

પ્રો. પંડ્યા: ભલે, બંનેને સમજાવીશું. બસ, તો બીજું કંઈ? મારે પાછું મોડું થશે.

ઉર્વીશ: એક જરા ચોખવટ કરવાની છે.

પ્રો પંડ્યા: બોલો, શી?

ઉર્વીશ: સાહેબ, જ્યોત્સ્ના છેલ્લી ઘડીએ બહાનાં કાઢી છટકી તો નહિ જાયને?

પ્રો. પંડ્યા: ના, બિલકુલ નહિ. એ બધું મેં આજે પાકે પાયે જ કરી લીધું છે.

ઉર્વીશ: થૅંક યુ સર!

પ્રો. પંડ્યા: વળી પાછા થૅંક્સ?

ઉર્વીશ: હા સાહેબ, આપના આવા પ્રોત્સાહનથી અમને કામ કરવાની ખરેખર ખૂબ ધગશ થાય છે.

અતુલ: સાહેબ, જ્યોત્સ્ના સાવ કૉન્ઝર્વેટિવમાંથી એકદમ આટલી બધી મૉડર્ન બની ગઈ એ ભારે આશ્ચર્ય કહેવાય.

પ્રો. પંડ્યા: કેમ?

ઉમાકાન્ત: ગયે વર્ષે તો ઉર્વીશ એક શબ્દ વધારે બોલ્યો તેમાં જાણે આકાશ તૂટી પડ્યું હોય એવું કર્યું હતું.

પ્રો. પંડ્યા: ગયે વર્ષે? ગયે વર્ષે જ્યોત્સ્નાએ નાટકમાં ભાગ લીધો હતો?

ઉર્વીશ: કેમ, ભૂલી ગયા સાહેબ? મારે માટે તમારી પાસે નકામી ફરિયાદ લઇને આવેલી!

પ્રો. પંડ્યા: હા, હા. બરાબર; પણ એ તો જ્યોત્સ્ના ખાંડવાલા, સિનિયરમાં છે તે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

સૌંદર્યદ્વીપ બાલીની નૃત્યસમૃદ્ધિ

અગસ્ત્યને
પગલે
પગલે



લેખક અને ફોટોકલાકાર
નવનીત પારેખ

શ્રી લે-મેયૂર તથા શ્રીમતી પૉલૉક બાલીનાં વિવિધ નૃત્યોની ટૂંકી સમજ તથા આછી રૂપરેખા આપી રહ્યાં હતાં તેવામાં જ તેમનાં બીજાં મિત્રો—જે મારી જેમ પરદેશી યાત્રીઓ જ હતાં તે—આવી પહોંચ્યાં. તેમાંના પોર્ટુગલથી આવેલા બે યુવાનોની કલા-ભાવના સામાન્ય અમેરિકન પ્રવાસીના જેવી છીછરી લાગી, પરંતુ એક મિસ્મર નામે જર્મન દંપતી બાલીની સંસ્કૃતિમાં ઘણો ઊંડો રસ લેતું લાગ્યું. તેઓ સારું અંગ્રેજી બોલી શકતાં હતાં અને ત્રણેક મહિનાથી બાલીમાં એક નાનું ઘર ભાડે રાખીને રહેતાં હતાં. તેમની પાસેથી પણ મને ઘણી ઉપયોગી માહિતી તથા સૂચન મળ્યાં. અમે બધાં નિખાલસ ભાવે વાતો વિનોદ તથા કિલ્લોલ કરી રહ્યાં હતાં તે દરમ્યાન શ્રીમતી પૉલૉકે પોતાના નૃત્યની તૈયારી કરવા માંડી.

શ્રી લે-મેયૂરના ઉદ્યાનનો એક વિભાગ જ આવાં નૃત્યો ભજવવા માટે અલાયદો રાખવામાં આવ્યો છે. અત્યન્ત ઉત્કૃષ્ટ શિલ્પ કંડારેલા પથ્થરના સ્તંભના એક કલા-પૂર્ણ મંડપ નીચે ગૅાંગ(ગમેલન)ના વાદ્ય-કારોને બેસવાનું સ્થાન છે. ઉપરના ભાગમાં વેલ-ફૂલોનાં તોરણો તથા નાળિયેરીની પતાકાઓ વડે છાએલા લગભગ સમ-ચોરસ આ મંડપની વચમાં થોડીક ખુલ્લી જગા છોડીને ચારે બાજુએ ગમેલનના વાદ્યકારો વ્યવસ્થિત રીતે ગોઠવાયા. શ્રીમતી પૉલૉક તેમનાં એક સહ-નર્તિકા સાથે નૃત્ય માટેની વેશભૂષા સજીને આવી પહોંચ્યાં, એટલે અમે બધાં સામે મૂકેલી પાટલીઓ તથા ખુરશીઓ ઉપર ગોઠવાયાં. પ્રારંભમાં શ્રીમતી પૉલૉકે બાલીનું વિખ્યાત લેગૉંગ નૃત્ય કર્યું.

લેગૉંગ નૃત્ય

લેગૉંગને લાસ્ય પ્રકારનું નૃત્ય કહી શકાય. સામાન્ય રીતે સ્ત્રીઓ જ તે કરે છે. બેદુલુ તથા સુખવતી ગામની લેગૉંગ-નૃત્તિકાઓ બાલી-ભરમાં શ્રેષ્ઠ મનાય છે. પ્રાચીન બાલી સાહિત્યમાં એ શૈલીનો ઉલ્લેખ નથી તેથી ઘણી જૂની હોવાનો સંભવ નથી; પરંતુ તેના પરંપરાગત મૃદુલ ને લલિત અભિનય તથા અંગમરોડ, તેમજ તેની વિવિધ મુદ્રાઓ અને ઊંચી અભિરુચિ દર્શાવતી વેશભૂષા પરથી મને તો બાલીની બધી નૃત્યશૈલીઓમાં તે સર્વોત્તમ તથા સૌથી વધુ શાસ્ત્રીય લાગી.

પૉલૉકનાં બધાં પરિધાન રેશમી કાપડમાંથી બનાવેલાં હતાં, જેની ઉપર સોનેરી વરખની ભાત છાપેલી હતી. પૉલૉક અમને બીજા પ્રકારનાં નૃત્યો પણ કરી બતાવવાનાં હતાં, તેથી લેગૉંગ માટેની બધી વેશભૂષા તેમણે પૂરી વિગતથી નહોતી સજી; પરંતુ લે-મેયૂરે લેગૉંગ-નૃત્યાંગનાનાં બધાં પરિધાન તથા અલંકારોની સમજ આપી: કેડથી નીચે વીંટેલા સારોંગને બાલીમાં 'વસ્ત્ર' કહે છે. તે ઉપર કેડથી લટકતા છેડાને 'ઓંચર' (અંચલ) કહે છે. એક ઘણું લાંબું પરંતુ સુંવાળું કાપડ તેમના સમગ્ર વક્ષસ્થલ તથા કબંધ ઉપર ખૂબ કસીને વીંટયું હતું. તેને 'બુલન' કહે છે. તેના ઉપર સોનેરી વરખની ભાતવાળું બીજું કડક કાપડ વીંટે છે જે 'સાબોક' કહેવાય છે. લેગૉંગના કટિતટે એક રૂપાનો કંદોરો બાંધે છે જેને 'બાબાકાન' કહે છે. ઘણી વાર લેગૉંગ નૃત્યાંગનાના ગળેથી લગભગ ઢીંચણ સુધી લાંબું, સાંકડું વસ્ત્ર લટકતું હોય છે તેને 'લામક' કહે છે, અને તેને ગળે શોભતી હાંસડી 'બાબાન્દોંગ' કહેવાય છે. હાથ પરના એક અલંકારને 'ગ્લંગકણુ' (કંકણ?) કહે છે, જ્યારે બીજા આભૂષણને 'બાજુ' કહે છે. બાલીમાં બધી કન્યાઓના કાન નાનપણથી જ વીંધેલા હોય છે, જેમાં નૃત્ય વેળાએ ઘણી મોટી, સફેદ બુટ્ટીઓ ખોસવામાં આવે છે. આ મોટી, ગોળ બુટ્ટીઓને લીધે બાલીની કોઇ પણ નૃત્યાંગનાની ચારુતા ઘણી દીપી ઊઠે છે. આ બુટ્ટીઓને 'સુબંગ' કહે છે. લેગૉંગ નૃત્યાંગના મસ્તક પર સોનાના ગિલ્ટ-વાળો મુકુટ ધારણ કરે છે જેના પર સફેદ કે ગુલાબી ફૂલોની માળાઓ બાંધેલી હોય છે. તે ઉપર નાના પ્રકારનાં પુષ્પો ખોસ્યાં હોય છે જે બધાં નૃત્ય વેળાએ ડોલી ઊઠે છે અને નર્તિકાના અભિનયને ઝોક આપે છે.

નીચે: ↓ બાલીનાં પ્રસિદ્ધ નૃત્યાંગના શ્રીમતી પૉલૉક, તેમના વૃદ્ધ બેલ્જિયન ચિત્રકાર-પતિ શ્રી લે-મેયૂર તેમની યુવાન સ્ત્રીજી કુ. મેયૂર તથા વિખ્યાત નૃત્યકાર શ્રી રિન્ધી





કેબિયાર : છેલ્લા ત્રણેક દસકાથી બાલીમાં યોજાએલા આ નૃત્યપ્રકારનું સર્જન ઈ. ૧૯૨૫માં મારીઓ નામના નૃત્યકારે કરેલું. માત્ર પુરુષો માટે જ યોજાએલા આ નૃત્યમાં નૃત્યકાર કદી ઊભો થતો નથી, પણ બેઠાં બેઠાં જ માત્ર કમર ઉપરના ભાગ ને હાથના હલનચલન તથા મુદ્રાઓ દ્વારા નૃત્ય કરે છે. (સ્કેચ : શ્યાવક્ષ ચાવડા)

સામાન્યરીતે આ નૃત્યાંગનાની ભમ્મર મૂંડેલી હોય છે ને તે પર કાળા રંગ વડે પ્રસંગોચિત નવી ભ્રૂલતા ચીતરેલી હોય છે. બાલીમાં ઘણીખરી નૃત્યાંગનાએ ના કપાળમાં ભ્રમધ્યે સફેત ચાંદલો કરેલો હોય છે જેને 'પ્રિયસાન' કહે છે. બાલીમાં તે સૌંદર્ય-ચિહ્ન ગણાય છે અને સ્પષ્ટરીતે તે હિંદુ પ્રણાલિકા સૂચવે છે. અભિનય કરવા માટે લેગોંગ નૃત્યાંગના ઘણી વાર જમણા હાથમાં એક પંખો રાખે છે, જેને 'કિપાસ' કહે છે. તેણે આખે મોઢે ફૂટથી પાકડર ચોળ્યો હોય છે. લેગોંગ નૃત્યની મુખ્ય નૃત્યાંગનાઓ પણ 'લેગોંગ' જ કહેવાય છે, જ્યારે તેમની ઉપ નર્તકીને 'ચોન્દોંગ' કહે છે.

શ્રીમતી પૉલૉક તથા તેમના સહ લેગોંગ સૌ ગમેલનના વાદ્યકારો સમક્ષ આવીને બેઠાં તે પછી થોડી વારે કિશોર વયની એક ઉપ નર્તકી (ચોન્દોંગ) તેમની વચ્ચે આવીને બેઠી. શરૂઆતમાં તો ગમેલનના વાદ્યકારોએ જ પાંચ દસ મિનિટ અગાઉ મનોરંજન કર્યું દરમ્યાન નૃત્યકારો તેમજ પ્રેક્ષકોમાં સંગીત તથા નૃત્યનો ભાવ જાગ્રત થયો એટલે પેલી નાનકડી ચોન્દોંગ આવીને નર્તન-ભૂમિની વચમાં ઊભી રહી અને પોતાનો જમણો હાથ લંબાવીને એક ઉત્કટ અંગવિન્યાસ ધારણ કર્યો. તેના પગ ખુલ્લા જ હતા અને હાથની આંગળીઓ આવેશથી કંપી રહી હતી. બે પળ તે એમ જ સ્થિર ઊભી રહી, ત્યાં તો ગમેલનના સૂરો બદલાયા અને તેણે એક સરળ નૃત્ય શરૂ કર્યું. ધીમેધીમે તેની ચાલ જલદ બનતી ગઈ, અગ તાલ સાથે ખચકા લેવા લાગ્યું. અને પછી તો તેનું સમગ્ર શરીર, નખશિખ, એવા તો વેગથી સ્પંદન કરવા લાગ્યું કે તેના કેશ કલાપનાં ફૂલો પણ ચોપાસ વેરાવા લાગ્યાં. ફરી સંગીતના સૂર તથા લય બદલાયા અને ચોન્દોંગે નીચે પડેલા બે નાના પંખા પોતાના એક એક હાથમાં ઉપાડી લઈને તેના અભિનય વડે તે એક પૂરું કૂંડાળું ફરી.

હવે બને મુખ્ય લેગોંગ નૃત્યાંગનાઓએ બેઠાંબેઠાં જ નર્તન શરૂ કર્યું. ગમેલન વાદ્યોની લય વધતી ગઈ તેમ તેઓ બંને એક સરલ તથા લલિત વળાંક લઈને ઊભી થઈ અને ચોન્દોંગ સાથે નૃત્યમાં જોડાઈ, થોડી વાર તો આ ત્રણે નૃત્યાંગનાઓની ષટ્ભુજાઓ અને ત્રીસે કરાંગુલીઓ તેમનાં મસ્તક પર વિવિધ ભાત વણવા લાગી. વળી પાછા રેયોંગ તથા ગૅન્ડરના સૂરો બદલાયા, એટલે ચોન્દોંગ બંને લેગોંગ નર્તકીઓના હાથમાં એક એક પંખો આપીને પાછળ સરકી ગઈ. ગમેલનનું સંગીત હવે મોટા અવાજે વાગવા લાગ્યું અને તેની લય પણ વધતી ગઈ, તેની સાથે બને નર્તકીઓની ચાલ પણ જલદ બનતી ગઈ. જમણા હાથમાં પંખો ફરકાવતી તે ગોળગોળ ફરવા લાગી. કોઈ પ્રચંડ વેગથી પાંખો વીંઝી રહેલા પક્ષીની જેમ તેમના હાથમાંના ખુલ્લા પંખા જોરથી ફરફરવા લાગ્યા. ભરતનાટ્યમની નૃત્યાંગનાની જેમ તેમની ડોક ત્વરાથી ડાબે-જમણે ડોલવા લાગી અને તેમની આંખો પણ અભિનયને અનુરૂપ ચમકવા લાગી. આખું યે નર્તન અત્યન્ત પ્રમાણબદ્ધ હલન ચલન અંગમરોડ તથા અભિનય વડે શોભી રહ્યું.

ગમેલનનાં વાદ્યોએ શૃંગારિક રાગ 'પૅંગીપુક' શરૂ કર્યો અને બંને



કુબ્યાર ઉત્સવમાં શ્રી ક્રિસ્નીના રેયાંગ-વાદનનો અભિનય

લેગોંગ એકબીજાની પાસે આવીને નૃત્ય કરવા લાગી. તેમનાં ચપટાં નાક હળવેથી એકબીજાનો સ્પર્શ કરી ગયાં. લે-મેયૂરે ધીમેથી કાનમાં કહ્યું કે એ અભિનય પ્રેમી યુગલનું એક ચુંબન દર્શાવતો હતો જેને બાલીની નૃત્ય-પરિભાષામાં 'અંગરાસ' કહે છે. થોડી વારે ગમેલને 'લાસેમ' (લાસ્ય) રાગ શરૂ કર્યો અને બંને લેગોંગે નૃત્યનું મુખ્ય કથાનક શરૂ કર્યું. આ નૃત્યની કથા બાલીના 'મલાત' નામના રસિક ગ્રંથમાંથી લેવામાં આવી હતી. બંને લેગોંગ કેવળ નર્તન તથા અભિનય જ કરતી હતી, પરંતુ વાદ્યકારો સાથે બેઠેલા એક ગાયક મોટેથી નૃત્યનું કથાનક ગાઈ સંભળાવતા હતા. નૃત્ય દરમ્યાન લે મેયૂરે તે વાર્તા મને કહી સંભળાવી.

રંગકેસરી નામની એક અત્યન્ત રૂપવતી રાજકન્યા હતી. તેના પિતાના રાજ્યની પાસે બીજું એક મહારાજ્ય હતું જેનો રાજા લાસેમ ઘણો વિષયી તથા લંપટ હતો. લાસેમ રંગકેસરીના પિતાના રાજ્ય પર આક્રમણ કરીને યુક્તિ–પ્રયુક્તિથી રંગકેસરીને કેદ પકડે છે અને તેને પોતાની રાણી બનવા સમજાવે છે. રંગકેસરી તેને ધુત્કારી કાઢે છે તેથી રોષમાં લાસેમ યુદ્ધ ચાલુ રાખીને રંગકેસરીના પિત ને મારવા યુદ્ધભૂમિ ઉપર જાય છે. માર્ગમાં તેને એક કાગડો અવરોધે છે, જે અપશુકન ગણાય છે. યુદ્ધમાં લાસેમ માર્યો જાય છે અને છેવટે રંગકેસરી ઉલ્લાસમાં આવીને પોતાની સખી સાથે નૃત્ય કરે છે.

લેગોંગ નૃત્ય પૂરું થયું એટલે ખાસ આમંત્રેલા બાલીના વિખ્યાત નૃત્યકાર શ્રી રીંધીનો અમને પરિચય કરાવ્યો. થોડા જ સમય પર અવસાન પામેલા બાલીના જગવિખ્યાત નૃત્યકાર અને 'કેબિયાર' નામની એક નવી જ નૃત્યશૈલીના પ્રણેતા શ્રી મારીઓના તે શિષ્ય હતા. શ્રી રીંધી હવે અમને કેબિયાર નૃત્ય કરી બતાવવાના હતા.

કેબિયાર નૃત્ય

બાલીની બે પ્રચલિત નૃત્યશૈલીઓ 'લેગોંગ' તથા 'બારીસ'નો આ કેબિયારમાં સમન્વય છે. લેગોંગ લાસ્ય પ્રકારનું છે અને મુખ્યત્વે સ્ત્રીઓ જ તે ભજવે છે, તો બારીસ એ વીરરસ ભરેલું નૃત્ય છે જેમાં નર્તકો હાથમાં ભાલા લઈને 'સંગ્રામ નૃત્ય' ભજવે છે. મારીઓએ આ મૃદુ તેમજ શૌર્યપૂર્ણ ભાવોનાં અજબ સંમિશ્રણ તથા સમન્વય કેબિયારમાં સાધ્યાં છે આપણી નર્તનકલાના આદિ પ્રણેતા ભગવાન શંકરના 'અર્ધનારી-નટેશ્વર'ના સ્વરૂપની ઉપમા આ કેબિયાર નૃત્યને આપી શકાય! કેબિયારની બીજી વિશેષતા એ છે કે તેનો નૃત્યકાર ભૂમિ પર બેઠાબેઠાં જ આખુંયે નર્તન કરી બતાવે છે, અને ચપળતાથી લીધેલા એકાદ બે કૂદકાને બાદ કરતાં એ નૃત્ય કેડથી ઉપરના શરીરનું જ નર્તન છે. વક્ષસ્થલ, ખભા, બંને ભુજાઓ તેમજ મસ્તકનું ત્વરિત છતાં લલિત હલન-ચલન, કરાંગુલીઓની વિવિધ મુદ્રાઓ તેમજ મુખ પરનો અભિનય એ કેબિયાર નૃત્યનાં લાક્ષણિક અંગ છે.

નૃત્ય-ભૂમિના સમચોરસ મંડપની આગલી બાજુએ એક લાંબું રેયોંગ વાદ્ય ગોઠવ્યું હતું, જેના પર સુંદર લાક્ષણિક શૈલીનું કાષ્ઠ-શિલ્પ કંડારેલું હતું. રેયોંગની પાછળ કેબિયાર નૃત્ય માટેની પૂરી વેશભૂષા સજીને શ્રી રીંધી પલાંઠી વાળીને બેઠા હતા, જ્યારે મંડપની બીજી ત્રણ બાજુએ ગૉંગ(ગમેલન)ના બીજા વાદ્યકારો હારબંધ બેઠા હતા. શ્રી રીંધીએ એક અત્યન્ત લાંબું જરી-ભરતનું વસ્ત્ર કમરે વીંટયું હતું, જેનો એક છેડો તેમની પાછળ જમીન પર લાંબે સુધી પથરાયો હતો. છાતી પર તેમણે સોનેરી વરખની ભાતવાળો લાંબો પટો વીંટયો હતો. તેમને માથે બાંધેલી પાઘડીમાં સફેદ ચપાનાં તથા ચમેલીનાં પુષ્પો ખોસેલાં હતાં. તેમના ડાબા કાન ઉપર, મોટા જાસુદના ફૂલનો આભિકૃત ખ્યાલ આપતું પરંતુ ટીપેલા સોનાના પતરામાંથી બનાવેલું પાંચ પાંદડીનું ફૂલ શોભી રહ્યું હતું. આ ફૂલ એક પાતળી સ્પ્રિંગ વડે માથા-



લેગોંગ નૃત્ય માટેનાં વસ્ત્ર-ભૂષણ

ની પાઘડીમાં ખોસેલું હતું, જેથી સમસ્ત નર્તન દરમ્યાન તે સતત કંપતું રહ્યું. લેગોંગ નર્તકીની જેમ રીંધીએ પણ પોતાના જમણા હાથમાં એક જરી–ભરતનો પંખો પકડયો હતો, અને સાવ સ્થિર બનીને એક સ્તબ્ધ અંગવિન્યાસ ધારણ કરીને તે એકાગ્ર ચિત્તે બેઠા હતા.


એવામાં ઢોલ તથા બીજાં વાદ્યોનો નાદ ગાજી ઊઠયો અને ટોપલીમાંથી કાળો નાગ પોતાની ફેણ પસારીને માથું ઊંચુ કરે તેમ રીંધી ટટાર બન્યા અને નર્તન શરૂ કર્યું. કોઈ કાલ્પનિક શત્રુથી સાવધ બની રહ્યા હોય તેમ કાંઈક ભયભીત મુખમુદ્રા તેમણે ધારણ કરી અને તેમની આંખો ડાબેથી જમણે નમવા લાગી. વાદ્યકારો સંગીતનો લય વધારતા ગયા તેમ રીંધીના જમણા હાથમાંનો પંખો પણ વધુ ને વધુ ત્વરાથી ફરફરવા લાગ્યો. હવે ગમેલને તારસપ્તકના સૂર છેડયા અને રીંધીએ પોતાના વસ્ત્રના પાછળના છૂટા લાંબા છેડાને દૂર હડસેલીને પલાંઠીવાળેલી સ્થિતિમાંજ ચારે બાજુએ કૂદકા મારવામાંડયા. જુદાજુદા વાદ્યકારો સમક્ષ જઈને તેમણે ટૂંકાં પરંતુ વિવિધ પ્રકારનાં નર્તન કરી બતાવ્યાં. ઘડીમાં કોઈ લેગોંગ નૃત્તિકાના કોમળ અંગની મૃદુતાથી, તો ઘડીમાં વળી ઢોલ વગાડનાર સામે બારીસ નૃત્યકારના વીર તથા રૌદ્ર ભાવથી. હવે તેમણે નૃત્ય માટેનો પંખો બાજુ પર મૂકયો અને રેયોંગ વાદ્ય વગાડવાની એક એક પાતળી, ટૂંકી લાકડી બંને હાથમાં લઈને જાણે રેયોંગ વાદ્ય વગાડતા હોય તેવા અભિનય સાથે તેમણે અત્યન્ત મનોહર નૃત્ય કરી બતાવ્યું. ઢોલના છેવટના ટકોરા સાથે નૃત્ય બંધ થયું અને અમારાં બધાંની તાળીઓનો ગડગડાટ ગાજી ઊઠયો. નારીનાં માર્દવ તથા લાલિત્ય તેમજ પુરુષનાં શૌર્ય તથા વીરત્વ એક સાથે રજૂ કરાવવામાં શ્રી રીંધીએ અસામાન્ય કલાસિદ્ધિ પ્રાપ્ત કરી છે.



શ્રી કોવારૂબીઆ નામના અભ્યાસીએ બાલીનાં સર્વ અંગોનો તલસ્પર્શી પરિચય આપતું એક સુંદર પુસ્તક લખ્યું છે. (પ્રકાશક: આલ્ફ્રેડ નૉફ) તેમાં આપેલી લેગૅાગ-નૃત્યના અભિનયો દર્શાવતી ચિત્રમાળાની આ (તથા આ સાથેનાં અન્ય રેખાંકનો) અનુકૃતિ છે.

બારીસ નૃત્ય

શ્રીમતી પૅાલૅાક તથા રીંધી હવે છેવટના નૃત્ય માટેની વેશભૂષા સજવા માટે ઘરમાં ગયાં એટલે મેં લે-મેયૂરને બાલીના શૌર્ય-પૂર્ણ નૃત્ય 'બારીસ' વિષે વધુ પ્રશ્નો પૂછ્યા. 'બારીસ' શબ્દનો અર્થ થાય છે 'યોદ્ધાવલિ' (યોદ્ધાઓની હરોળ) અથવા 'સૈન્ય-રચના'. આ શબ્દ જ બારીસ નૃત્યનો ભાવ સ્પષ્ટ કરે છે. પુખ્ત વયના દસ કે બાર પુરુષો આ નૃત્ય ભજવે છે. એના પોષાકમાં સફેદ, ચુસ્ત પાયજામો અને લાંબું પરંતુ ચુસ્ત બાંયોવાળુ સફેદ અંગરખું પહેર્યું હોય છે. પ્રથમ દર્શને તો તે આપણા સૌરાષ્ટ્રના કોઈ આહીરની જ યાદ આપે. પાયજામાને 'જાલેર' તથા અંગરખાને 'કવાચી' કહે છે. છાતી ઉપર એક પટ્ટો બાંધ્યો હોય છે જેમાંથી સફેદ કાપડના અનેક લાંબા ટુકડા છેક ઢીંચણ સુધી લટકતા હોય છે. પીઠ પાછળ બાલીની લાક્ષણિક કટાર 'ક્રીસ' બાંધી હોય છે જેનો હાથો સોનાનો, રત્નજડિત હોય છે. માથા ઉપર ચંપાનાં શ્વેત ફૂલોનો બનાવેલો ઊંચો, અણીદાર મુકુટ પહેર્યો હોય છે જેની પાછળ સફેદ કાપડના ત્રિકોણાકાર ટુકડા બાંધ્યા હોય છે. આખી યે ધવલ વેશભૂષામાંથી કાન પર ખોસેલાં જાસુદનાં મોટાં લાલ ફૂલ તથા તેમાંથી લટકતાં લીલાંછમ પાંદડાં સહેજે તરી આવે છે. બારીસે ડાબા હાથમાં એક લાંબો, અણીદાર ભાલો પકડ્યો હોય છે જેને છેડે મોરનું પીછું બાંધ્યું હોય છે. આવા દસ કે બાર નૃત્યકારો બે ભાગમાં વહેંચાઈ સામસામી કતારમાં ઊભા રહીને 'સંગ્રામ-નૃત્ય' કરે છે. તેમાં તેઓ સામે ઊભેલા 'શત્રુ'ને આહ્વાન આપે છે, પીઠે ખોસેલી 'ક્રીસ' ખેંચી કાઢે છે ને પરસ્પર વાગ્યુદ્ધ કર્યા પછી ગમેલન-વાદ્યોના એ સૂર તથા તાલ પ્રમાણે લાક્ષણિક દ્વન્દ્વ-નર્તન કરે છે. બાલી સંસ્કૃતિના અઠંગ અભ્યાસી શ્રી કોવારૂબીઆના અભિપ્રાય પ્રમાણે તો આ બારીસ નૃત્ય જગતભરનાં નૃત્યોમાં કદાચ સૌથી શૌર્યપૂર્ણ તથા પ્રગલ્ભ નૃત્ય હશે. (ચાલુ)



સામાન્યરીતે નર્તકની ભમર મૂંડેલી હોય છે અને તે પર પ્રસંગોચિત નવી ભ્રૂ-લતા ચીતરે છે. એવી સ્ત્રીની, પુરુષની અને દાનવની આંખ.


દાંતનો સડો

માનવીની તંદુરસ્તીનો તથા તેના ચહેરાની સુંદરતાનો નાશ આણનારો રોગ

★

માંદગીનાં મૂળ
લેખાંક ૪૭

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



સંસ્કૃત સુભાષિત છે કે જ્યાં-જ્યાં ધુમાડો હોય ત્યાંત્યાં અગ્નિ હોય છે. આપણા શરીર વિષે પણ એવો જ અનુભવ છે કે જ્યાંજ્યાં રોગ હોય ત્યાં મોટે ભાગે વેદના હોય છે. વેદના કાંઈ આપણી રિબામણી માટે નથી, આપણાં સુખશાંતિ લૂટનાર વેરી નથી; પણ તે આપણી રખેવાળ છે: રોગની જાણ કરે છે, વ્યાધિથી ચેતવે છે. બાકી આપણે તો શરીર પરત્વે એવા બધા બેદરકાર છીએ કે શરીરમાં રોગ ફાલેફૂલે ત્યાં સુધી આપણે જરા યે જીવ ઊંચો કરીએ એવા નથી. કૅન્સરનો જ દાખલો લો. આ રોગનાં શરૂઆતનાં ચિહ્નો ભાગ્યેજ કાળજી દાખવવામાં આવે છે, કારણ કે એ વખતે જરા પણ વેદના નથી હોતી. જ્યારે એ વધીને જીવલેણ સ્થિતિએ પહોંચી વેદના ઉપજાવે છે ત્યારે જ રોગીનું એના તરફ ધ્યાન દોરાય છે.

વેદના થવાનું કારણ જ્ઞાનતંતુઓના છેડાઓની ઉત્તેજના છે. કાપતી, ચોંટાતી, સોરતી, લાહ્ય બળતી, કોરતી એમ વેદના જુદાજુદા પ્રકારની છે. શરીરના ભાગ અને અંગ પ્રમાણે એનું ઓછુંવત્તું પ્રમાણ વર્તાય છે. સામાન્યરીતે એમ કહી શકાય કે કાનના સણકા અને દાંતની વેદના અતિશય ને અસહ્ય વર્તાય છે. એનાથી અરધા ગાંડા જેવા થઇ જવાય છે.

દાંતમાં વેદના થવાનું એક કારણ દાંતનો સડો (dental caries) છે. દાંતના બે ભાગ છે: મૂળ અને પારા (crown). મૂળ જડબાના હાડકામાં આવેલાં હોય છે; અને દાંતનો ઉપર દેખાતો ભાગ તે પારા છે. દાંત 'ડેન્ટીન' નામના હાડકાં જેવા દ્રવ્યનો બનેલો છે. હાથીદાંત એ હાથીના દાંતનું ડેન્ટીન છે. ડેન્ટીનના પોલાણમાં માવો (pulp) આવેલો હોય છે. માવામાં જ્ઞાનતંતુઓ, લોહીની નળીઓ વગેરે હોય છે. મૂળની આસપાસ સિમેન્ટમ નામનું દ્રવ્ય આવેલું છે, જે જડબાના પોલાણમાં દાંતને સજ્જડરીતે પકડી રાખે છે. પારાના રક્ષણ કાજે તેની આખી સપાટી ઉપર એનૅમલ નામનું સખત અને ચકચકિત પડ આવેલું છે: જાણે કે બખ્તર જ જોઈ લો.

આખા શરીરમાં સખતમાં સખત અને ઘટ્ટમાં ઘટ્ટ કોઈ પદાર્થ હોય તો તે આ એનૅમલ છે. એના પોષણ માટે લોહીની નળીઓ નહિ હોવા છતાં ય, જો કાળજીથી જળવાય તો તે જીવનભર ટકી રહે છે. એની સખ્તાઇ તો વિચારો! દાળ જેવા ગરમ ને બરફ જેવા ઠંડા પદાર્થો, શાક-ફળ જેવા બરછટ ને સોપારી જેવા કઠણ પદાર્થો અને અથાણાં તથા મશાલા ભરપૂર તમતમતી વાનગીઓ હરરોજ ખાતી વખતે એના ઉપર દબાણ, પીસાણ, આઘાત ને અથડામણ આવ્યા જ કરે છે; છતાં તે નથી તો તૂટતું કે નથી તો નાશ પામતું.

પરંતુ આવા સખત એનૅમલને પણ તોડનાર એક વસ્તુ છે: ઍસિડો (તેજાબો). આ ઍસિડો આપણા મોંમાં જ પેદા થાય છે. એને પેદા કરનાર 'લેક્ટોઍસિલસ ઍસિડોફિલસ' નામના જીવાણુઓ છે. તંદુરસ્તી-માં પણ આપણા મોંમાં આવા લાખ્ખો જીવાણુઓ વસે છે, પરંતુ તે એવા તો સૂક્ષ્મ દેહવાળા છે કે નરી આંખે દેખાતા નથી. મોટે ભાગે આ જીવાણુઓ નિરુપદ્રવી છે; માત્ર ઉપર જણાવ્યો તેવો થોડો ઉપદ્રવ કરે છે. આ અને બીજા જીવાણુઓ દાંતમાં ભરાઈ રહેલા કાર્બોહાઇડ્રેટ પદાર્થોના સંબંધમાં આવતાં વેંત જ ત્યાં એક પ્રકારનો આથો આવે

છે, જેને પરિણામે તેજાબ પેદા થાય છે.

ચોખા ઘઉં-બાજરી દાળ વગેરે સઘળાં ધાન્ય, બટાટા લસણ-ડુંગળી વગેરે કંદમૂળ, તથા ખાંડ-ગોળ ને દૂધ વગેરે આપણાં રોજિંદાં ખાદ્યોમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થો આવેલા છે. ખાધા પછી આપણે માત્ર ઓઠ ધોઇને સંતોષ માનીએ છીએ, પણ ખાવાનું ખરું કામ કરતા દાંત તો બિલકુલ સાફ કરતા જ નથી. દાંતની ત્રણે બાજુઓ ઉપર આંગળી ફેરવીએ તો જ તે સાફ થઇ શકે. પાણીના સખત કોગળા કરવાથી પણ એ સાફ થઈ જાય; પરંતુ ખાધા પછી કે ચા જેવાં પીણાં પીધા બાદ આપણે આમ કરતા ન હોવાથી બે દાંત વચ્ચે કે દાંતની ઉપલી સપાટીની બખોલોમાં ખાવાનું ચોંટી કે ભરાઈ રહે છે.

આપણા મોંને ભીનું રાખનાર લાળ છે. એ લાળથી બે કામ થાય છે: બોલવાનું સુગમ પડે છે, ને ખોરાકના અમુક પદાર્થોનું પાચન થાય છે. લાળમાં મ્યુસીન (mucin) નામનો પદાર્થ છે, તે દાંતોની ઉપર વચમાં ને ચાવવાની સપાટી ઉપર લેપની જેમ ચોંટી રહે છે. આને ખોરાકના કણો બાઝી રહે છે. બે દાંતની વચલી જગ્યામાં તથા ચાવવાની સપાટી ઉપરની બખોલોમાં દાતણ કે બ્રશ નહિ પહોંચવાથી ત્યાં ચોંટી રહેલા ખોરાકના કણો બરાબર સાફ થતા નથી. આમાંના કાર્બોહાઇડ્રેટ પદાર્થો ઉપર મોંમાં રહેલા જીવાણુઓ વળગે છે. પરિણામે પાંચ જ મિનિટમાં ત્યાં તેજાબ પેદા થાય છે. વીસ મિનિટમાં તો એનું પ્રમાણ ખૂબ વધી પડે છે, જે એકબે કલાકે કમી થાય છે; પણ મોઢામાં ઍસિડ પેદા કરનાર આ જીવાણુઓને મનમાન્યું ખાવાનું મળી રહેતાં એમની સંખ્યા વધ્યા કરે છે. આ ઍસિડ દાંતના એનૅમલ ઉપર ખરાબ અસર ઉપજાવે છે. જેમ બીજા ઍસિડથી લાકડા કે કાપડમાં કાણું પડે છે તેમ આ ઍસિડથી એનૅમલ ધીમેધીમે કોરાય છે, તે ખવાતો જાય છે ને અંતે એનો નાશ થાય છે.

શરીરમાં એકેએક પ્રકારના રોગનો સામનો કરવાની શક્તિ તો રહેલી છે જ. તે જ્યારે નબળી પડે ત્યારે જ રોગ પેદા થાય છે અને રોગ થયા પછી પણ એને પહોંચી વળવાની શરીરની તૈયારીઓ અપૂર્વ હોય છે. ચેપના જીવાણુઓનો સામનો કરવા લોહીના ધોળા કણો (અને દવા) પહોંચી જઇને તરત રોગને અંકુશમાં આણે છે. નાશ પામેલી પેશીઓ શરીરની સંજીવિની-શક્તિના પ્રતાપે પાછી પેદા થાય છે. આમ બીજી બધી બાબતોમાં શરીર આપમેળે નરવું બને છે પણ, દાંતની બાબતમાં જુદી જ ઘટના છે. દાંતને લોહીનો પૂરવઠો ઓછો મળે છે ને એમાં યે એનૅમલને તો તદ્દન થોડો—નહિવત્ મળે છે; એટલે એનૅમલને પેલા જીવાણુઓના હુમલામાંથી કોઈ રક્ષણ મળતું નથી. વળી બીજી મુશ્કેલી એ છે કે એનૅમલ કે ડેન્ટીનનો નાશ થાય તો તે પેશીઓની માફક પાછું પેદા થતું જ નથી. દાંતનો તો એક વાર નાશ થવા માંડયો એટલે એનો પૂરો નાશ થયે જ છૂટકો. શરીરની સંજીવિનીશક્તિ પણ અહીં કશા ઉપયોગમાં નથી આવતી. [જુઓ આકૃતિમાં ૧]

ઍસિડની અસરથી શરૂમાં તો એનૅમલમાં ટાંકણીના ટપકા જેવડું નાનું કાણું પડે છે; પણ એક વાર એનૅમલનું બખ્તર તોડી ઍસિડ પોચા ડેન્ટીનને પહોંચ્યો કે પછી તેનું કામ ઝડપી બને છે. તરત જ માવાને અસર પહોંચે છે, અને તેને જ્યારે ચેપ લાગે છે ત્યારે દાંતની જિંદગી ખતમ થાય છે. ડેન્ટીન અને દાંતની દીવાલો ખવાય છે ને દાંતના જ્ઞાનતંતુઓ ખુલ્લા થાય છે. આમ થતાં ઠંડાં કે ગરમ પીણાં પીતી વખતે ઝાટકો અનુભવાય છે. અરે, ખુલ્લા મોઢે શ્વાસ લેતાં એ હવાથી પણ દાંત કળે છે. આમ, ઠંડા કે ગરમ પદાર્થથી દાંતમાં વેદના ઊપજે એ દાંત સડયાના ભયની—ચેતવણીની નિશાની છે. [જુઓ ૨]

આવા સમયે જો તાબડતોબ ઉપચાર કરવામાં ન આવે તો પછી સડો આગળ વધે છે. જીવાણુઓ દાંતના માવા સુધી પહોંચે છે. ત્યાં દાહ અને સોજો થઈ આવે છે અને દાંતમાં સણકા ઊપડે છે. જીવાણુઓ માવો ખાવા મંડી પડે છે. આથી એમાં કહોવાટ થાય છે. પરિણામે એમાંથી દુર્ગંધ નીકળે છે. આવા રોગીનું મોં વાસ મારતું આપણે નથી અનુભવ્યું? થોડા વખત પછી દાંતના મૂળ પાસે ગૂમડું (abcess) થાય છે. હવે તો તીવ્ર લબકારા મારતી વેદના શરૂ થાય છે; અને પછી તો અવાળું ફૂલી છેક ગાલ સુધી સોજો આવે છે. રોગીનું મોં ન ઓળખાય એવું રૂઢમૂઢ ફૂલી જાય છે. દાંતનું આ ગૂમડું એ કૈં આપણે માનીએ છીએ એટલી સાધારણ રોગાવસ્થા નથી. આમાંથી તો કદીક જડબાના હાડકાનો સડો ને પેશીઓનો ચેપ લાગુ પડે છે; અથવા તો એનું ઝેર લોહીમાં ભળે છે ત્યારે એનું ઉગ્ર રૂપ દેખા દે છે. ઘરગથ્થુ કે દાક્તરી ઉપચારથી ગાલ ઉપર આવેલો સોજો કે અવાળાનો સોજો મટી તો જાય છે, પણ ગૂમડાની ભયાનકતા કાયમ રહે છે. એ તો માત્ર દાંત કાઢી નાખવામાં આવે તો જ નાશ પામે છે. [જુઓ ૩]

વખત વીતતાં આ ગૂમડું જૂનું બને છે. એમાં કાયમી પરુ થાય છે. ત્યારે કશી વેદના નહિ હોવાથી આપણું ધ્યાન ત્યાં દોરાતું નથી. માત્ર ક્વચિત ક્વચિત ચેપ તાજો થતાં અવાળું ફૂલે છે ત્યારે મોઢા ઉપર સોજો થઈ આવે છે ને વેદના ઊપડે છે. આ બધી દશાઓમાં પેદા થતું ઝેર અને પરુ લોહીમાં ભળે છે જે શરીરનાં અન્ય અંગોમાં જઇ કંઇ કંઈ ઉપદ્રવો જમાવે છે, ને અહીં જ એની ભયંકરતા છે. આપણામાંના ઘણા જણ નથી જાણતા કે આ ઝેરની જ અસરથી સાંધાઓનો વેદનાભર્યો સોજો, કે આંખ, કાન, હોજરી, કલેજું, ગુરદા વગેરેના વિવિધ રોગો ઊભા થાય છે. ખાસ જાણવા જેવું તો એ છે કે દાંતના મુખ્ય રોગ પાયોરિયાવાળા દાંત પણ આવો સાર્વજનિક ઉપદ્રવ નથી ઉપજાવતા!

દાંતના આ ગૂમડાનો એક જ ઉપાય છે. વેળાસર ચેતીને દાંતને કઢાવી નાખવો. એક વખત દાંતના ગૂમડાને લીધે શરીરમાં બીજા ઉપદ્રવો જામી ગયા પછી એ દાંતને કઢાવી નાખવાથી પણ રજમાત્ર ફાયદો થતો નથી, કારણ કે એનો ચેપ જ્યાં લાગુ પડયો હોય ત્યાંથી એનું ઝેર લોહીમાં ભળતું જ રહે છે.

કહોવાએલો એક બટાટો ઢગલાના બીજા બટાટાઓને પણ બગાડે એ જાણીતી વાત છે. દાંતને પણ આ નિયમ લાગુ પડયા વિના રહેતો નથી. અને એક વાર સડો લાગુ પડયો તે એનૅમલને તોડી ડેન્ટીનને પહોંચ્યા વગર પણ રહેતો નથી. હા, જો વેળાસર ચેતીને દાંતના દાક્તર પાસે એ સડો સાફ કરાવી, દાંતના ખાડાઓ ચોખ્ખા, કરાવી એ બખોલોમાં સિમેન્ટ કે ચાંદી પુરાવવામાં આવે તો સડેલો દાંત બચે છે.

ઓરી અછબડા બળિયા કે સુકતાન જેવા રોગને લીધે પણ બાળકોના દાંત નબળા થાય છે. એમનું એનૅમલ ખાડાવાળું અને પોચું હોય છે; અથવા નબળા દાંતવાળાં બાળકોને દાંત વતી સોપારી કે ઠળિયા ભાગવાથી, દોર કાપવાથી કે પેન્સિલ ચાવવાથી દાંતમાં તડ પડે છે કે તે ભાંગે છે. એ ભાંગેલા ભાગમાં ખોરાક ને જીવાણુઓ એકઠા થવાથી સડો લાગુ પડે છે. એ સડાને લીધે વેદના થાય છે, મોં ગંધ મારે છે, ભૂખ ઓછી લાગે છે. ખોરાક ચાવીને ન ખવાતાં આખો ને આખો ગળે ઉતારવાથી અપચો થાય છે. બાળક ચીડિયું ને તકરારી બને છે. ભણતર અને રમતમાં પાછું પડે છે. સડેલા દાંતના જીવાણુઓ ખોરાક સાથે ભળી હોજરી ને આંતરડાંમાં જવાથી ત્યાં પણ સોજો ઊભો કરે છે.

વળી બાળકોને ૬ થી ૧૨ વર્ષની અંદર દૂધિયા દાંત પડી જઈ કાયમી દાંત ઊગે છે. દૂધિયા દાંતની નીચે જ કાયમી દાંત હોય છે, એટલે જો દૂધિયા દાંતમાં સડો લાગુ પડે તો તે કાયમી દાંતને લાગુ (અનુ. પૃ. ૩૩)

અવકાશને આંગણે

જઈ સાક્ષાત મૃત્યુને ભેટી આવવા સમું માનવીનું આવતીકાલનું એક પરમ પરાક્રમ

લેખક : ગિરીશ દેસાઈ

૧૯૫૭-૫૮નું વર્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં સુવર્ણ-અક્ષરોથી લખાશે. ૧૯૫૭ની ચોથી ઑક્ટોબરે રશિયાએ પ્રથમ સ્પુટનિક અવકાશમાં તરતો મૂકીને અંતરીક્ષ પર આક્રમણ કરવાની શરૂઆત કરી. ત્યાર બાદ એવા કૃત્રિમ ઉપગ્રહોની તો હારમાળા રચાઈ છે ને લાઇકા કૂતરી જેવાં પ્રાણીઓને પણ એ અંતરીક્ષમાં મોકલવાના પ્રયોગો થયા છે.

પરંતુ અમેરિકા હવે એક નૂતન પ્રયોગ કરવા માંગે છે. પોતાના એક નવી જ બનાવટના રૉકેટ વિમાન 'એક્સ-૧૫'ને જીવતા માનવી સાથે પૃથ્વીથી ૧૫૦ માઈલ ઊંચે—છેક અવકાશને આંગણે ગોકલીને પાછું નીચે લાવવા ઇચ્છે છે. આ પ્રયોગ માનવીના પરમ પરાક્રમનું પ્રતીક બનીને રહેશે. પણ પૃથ્વીથી ૧૫૦ માઇલ ઊંચે, ખુદ મોતના મોમાં ધસી જવાની ખેવના રાખનાર એ કાળા માથાનો માનવી કોણ છે? એનું નામ છે સ્કૉટ ક્રૉસફીલ્ડ.

૩૬ વર્ષનો ને પાંચ બાળકનો પિતા ક્રૉસફીલ્ડ 'એરો ડાયનૅમિક્સ'ની 'માસ્ટર ડિગ્રી' ધરાવે છે. અત્યારે તે અમેરિકી વિમાની દળના સંશોધનખાતાનો વિમાની છે. તેનું કાર્ય છે, ખૂબ વેગથી વિમાનો ઉડાડીને તેમની ખામીઓ શોધવાનું. આ માટે તેણે અનેકવાર પોતાના જાનને જોખમમાં મૂક્યો છે; પણ અત્યાર સુધીના તેના અનુભવો કરતાં હવે પછીનો તેનો અનુભવ અનેરો હશે. એવું સાહસ આજ સુધી કોઇ માનવીએ કર્યું નથી. ઈ. ૧૯૫૬માં, કોરિયાના યુદ્ધમાં મશહૂર બનનાર વિમાની કૅપ્ટન કિન્ચેલોએ રૉકેટ વિમાન 'એક્સ-૨' વડે ફક્ત ૨૦ માઇલની ઊંચાઈ સુધી ઉડ્ડયન કર્યું છે; પણ ક્રૉસફીલ્ડ તો એથી પરમોચ્ચ, ૧૫૦ માઇલ પર–છેક અવકાશને આંગણે પહોંચવાનો છે; પરંતુ એ આંગણામાં કોઈ તેનું કુંકુમ-સાથિયા પૂરીને સ્વાગત કરનાર નથી. ઊલટું ત્યાં તો હાજર હશે મોત ને જિંદગી વચ્ચેની એક ટૂંકી રેખા!

પણ 'એક્સ-૧૫'ને લઇને ક્રૉસફીલ્ડ આટલે ઊંચે શા માટે જવાનો છે? પરમોચ્ચ સીમાએ પહોંચવાનું કેવળ પરાક્રમ જ કરી બતાવવા માટે? જીવસટોસટની એ હોડનો હેતુ શો છે?

'એક્સ-૧૫'નું મુખ્ય કાર્ય છે, પૃથ્વી અને અવકાશ વચ્ચે રહેલા એક નડતરને તોડવાનું. એનું નામ કૅાન્ટ્રોલૅબિલિટી બૅરિયર (Controllability Barrier). અવાજની ઝડપ કરતાં પણ વધુ ઝડપે ધસી જતાં વિમાનો અને રૉકેટો માટે એ બૅરિયર ખરેખર નડતર રૂપ છે. ત્યાંની પાતળી હવામાં ધસી જતાં વિમાનો અને રૉકેટો, પોતાની એ અસીમ ઝડપને કારણે જ પેદા થતાં આઘાત-મોજાં (shock-waves). ને પરિણામે કાબૂ બહાર જતાં રહે છે. તેમનાં યંત્રો બરોબર કામ નથી કરતાં. ક્રૉસફીલ્ડનું કાર્ય છે આ મુશ્કેલીનો જાતઅનુભવ મેળવવાનું તેમજ તેની યે ઉપર પહોંચીને તેનું નિરીક્ષણ કરવાનું.


'એક્સ-૧૫' ક્રૉસફીલ્ડને લઇને શી રીતે અવકાશમાં પહોંચશે? રૉકેટની માફક તે સીધું જ ઉપર જશે? ના; કારણકે પૃથ્વી પરથી સીધા અવકાશમાં જવા માટે ખૂબ જ ઝડપ હાંસલ કરવી પડે, અને એ માટે બળતણનો જથ્થો પણ ખૂબ જોઇએ. બળતણનો જથ્થો વધતાં 'એક્સ-૧૫'નું કદ મોટું થઇ જાય. વળી તે જીવતોડ ઝડપથી પૃથ્વીના વાતાવરણમાંથી પસાર થાય એટલે ગરમ થઈ જાય. આ બધું અટકાવવા માટે વૈજ્ઞાનિકોએ એક નવી જ તરકીબ શોધી કાઢી છે: એક બૉમ્બર વિમાન દ્વારા 'એક્સ-૧૫'ને ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચાડવામાં આવશે, અને પછી ત્યાંથી તે પોતે ૧૫૦ માઇલ ઊંચે જવા માટે પ્રયાણ કરશે; પણ ખુદ એ સફરનું જ બયાન સાંભળોને!

'એક્સ-૧૫'ને અવકાશને આંગણે મોકલવાનો સમય નજીક ને નજીક આવતો જાય છે. હવામાનનો બરોબર અભ્યાસ થાય છે. ત્રણ દિવસ પહેલેથી જ 'એક્સ-૧૫'ની વારંવાર તપાસ થાય છે. તેનાં યંત્રો બરોબર કામ આપે છે કે નહિ તેની માહિતી ઈજનેરો એકઠી કરે છે. આખરે સમય આવી પહોંચે છે. બૉમ્બર વિમાનની બૉમ્બ નાખવાની જગ્યામાં 'એક્સ-૧૫'ને ગોઠવવામાં આવે છે. ક્રૉસફીલ્ડ અંદર બેસીને તેનું કૉકપિટ બંધ કરી દે છે. બૉમ્બર ઊડે છે અને ધીરેધીરે તે ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચી પણ જાય છે. વિમાની મથક પર ઊભા રહેલા સૌનાં હૃદય શંકા-આશંકાથી ભરાઈ જાય છે.

ક્રૉસફીલ્ડ 'એક્સ-૧૫'માં ખાસ પ્રકારનો 'પ્રેશર-સૂટ' પહેરીને બેઠેલો છે અને બૉમ્બરમાં બેઠેલા વૈજ્ઞાનિકો સાથે 'ટેલિકોમ' દ્વારા વાતચીત કરી રહ્યો છે. 'એક્સ ૧૫'ની કૅબિનમાં પૃથ્વીના વાતાવરણના દબાણ જેટલું જ દબાણ રાખવામાં આવ્યું છે. એ કૅબિનમાં તડ પડે તો? અંદરનું દબાણ તરત જ ખલાસ થઈ જાય. પરંતુ એવે પ્રસંગે ક્રૉસફીલ્ડે પહેરેલો ખાસ પ્રકારનો 'પ્રેશર-સૂટ' તેને બચાવી લેશે. આ સૂટ એકીસાથે બે કાર્યો કરશે: અસીમ ઝડપથી જતા રૉકેટ વિમાનમાં બેઠેલા ક્રૉસફીલ્ડને ભારે દબાણને કારણે કાળો પડી જતો અટકાવશે, તેમજ, અકસ્માત કૅબિન તૂટી જાય તો બહાર નીકળી ગએલા ક્રૉસફીલ્ડના લોહીને ઊકળતું અટકાવશે. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે સાડાદસ માઈલ ઊંચેના વાતાવરણમાં તો ૩૭ અંશ સેન્ટિગ્રેડે પ્રવાહી ઊકળવા માંડે. આપણા શરીરનું ઉષ્ણતામાન પણ ૩૭ અંશ સેન્ટિગ્રેડ હોય છે, એટલે એ ઊંચાઈએ આપણા લોહીમાં રહેલા નાઇટ્રોજન તથા કાર્બન ડાયૉક્સાઈડ પરપોટા રૂપે બહાર નીકળી જાય. આને વૈજ્ઞાનિકો 'લોહી ઊકળવું' કહે છે.

ક્રૉસફીલ્ડ 'એક્સ ૧૫'નાં યંત્રોની ફરી વાર ચકાસણી કરી લે છે. ફક્ત પાંચ મિનિટ બાદ તે એકલો પ્રયાણ કરવાનો છે. બૉમ્બર વિમાનના કર્મચારીઓ 'એક્સ-૧૫'ની ટાંકીમાં બળતણ ભરે છે. ક્રૉસફીલ્ડની નજર તો પોતાનાં યંત્રો પર જ છે. અચાનક લીલી બત્તી ઝબૂકી ઊઠે છે. બૉમ્બર વિમાન હજી પણ ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઊડી રહ્યું છે. તે 'એક્સ-૧૫'ને હવાનો ઝોકો આપવા માટે પોતાની દિશા બદલે છે. ઈન્ટરકૉમ પર આંકડા ગણાતા સંભળાય છે. હવે ૧ મિનિટ બાકી છે. ટેઈપ રેકોર્ડિંગ યંત્ર ને સ્વયંસંચાલિત કૅમેરા ચાલુ થાય છે. ક્રૉસફીલ્ડ ફરી યંત્રોની ચકાસણી કરે છે. ઈન્ટરકૉમ પર હજી પણ આંકડા ગણાતા સંભળાય છે: દસ સેકંડ...,પાંચ...,ચાર...,ત્રણ...,બે...,એક...

—અને ધડાકા સાથે 'એક્સ-૧૫' બૉમ્બર વિમાનમાંથી છૂટું થાય છે. ઘડીભર તે હવામાં સ્થિર રહે છે. સૂર્યના પ્રકાશમાં, ચાંદી જેવું ચળકતું ને પેન્સિલ જેવું પાતળું 'એક્સ-૧૫' ઝગારા મારી રહ્યું છે. તે આમ તો મોટું છે, પરંતુ બૉમ્બર વિમાનની સરખામણીમાં ઘણું નાનું છે. તેની પાંખો તેની પૂંછડીની એકદમ નજીક છે (જુઓ આકૃતિ). એ પાંખોને કારણે જ તે વિમાન જેવું લાગે છે; નહિ તો કોઈ તેને 'ગાઇડેડ



મનુષ્ય આજસુધી કદી નથી ગયો ત્યાં, છેક અવકાશમાં તેને પહોંચાડનારું આ વિમાન એક્સ ૧૫ પેન્સિલ જેવું પાતળું છે. એને કસાઈની છરીના પાના જેવી પાંખો છે. એની રચનાની ચાવી ગરમીનો પ્રશ્ન ઉકેલવામાં રહેલી છે. અતીવ ઊંચાઇએથી પૃથ્વીની આસપાસના વાતાવરણમાં પાછું ફરતાં લુહારની ભઠ્ઠીમાં તપેલા લોખંડની જેમ તે લાલચોળ બની ચમકશે, પણ ૧૦૦૦ અંશ ફૅરનહાઈટથી માંડી શૂન્યથી નીચે ૩૦૦ અંશ ફૅરનહાઈટ સુધીના ઉષ્ણતામાનનો સામનો કરવા તે ઘડાયું છે. તેનો વેગ સેકન્ડના એક માઈલથી વધારે છે. એ વેગની અદ્‌ભુતતાનું એક જ ઉદાહરણ બસ થશે; ન્યૂ યૉર્કથી લૉસ ઍન્જેલિસ તે ૪૦ મિનિટમાં પહોંચી શકે. અમેરિકાને પૂર્વ-પશ્ચિમ છેડે આવેલાં ન્યૂ યૉર્ક તથા લૉસ ઍન્જેલિસ વચ્ચે સમયનો ત્રણ કલાકનો તફાવત હોય છે. એટલે ન્યૂ યૉર્કથી બપોરે ૧૨-૦૦ વાગ્યે ઊડીને આ અવકાશયાન લૉસ ઍન્જેલિસ પહોંચે ત્યારે લૉસ ઍન્જેલિસમાં તો હજી સવારના ૯-૪૦નો સમય થયો હોય! આનો અર્થ એ થયો કે વિમાની ન્યૂ યૉર્કમાં બપોરનું જમણ જમીને પશ્ચિમ કિનારે પહોંચે તો ત્યાં મોડો મોડો યે સવારના નાસ્તા ભેગો થઈ જાય!

વિમાનની ગતિને લીધે જે ભારે ગુરુત્વાકર્ષણનો સામનો કરવો પડશે તેનાથી વિમાનીનાં બાવડાં તો તેની બેઠક સાથે જડાએલાં જ રહેશે. આથી ખાસ અંકુશસાધનોથી આ વિમાનને વિમાની માત્ર પોતાનાં કાંડાંની હિલચાલથી જ તેના માર્ગ પર રાખી શકશે.

મિસાઈલ' જ સમજી લે. વાસ્તવમાં તે બંનેનું મિશ્રણ છે. તેની પૂંછડી નવા જ પ્રકારની છે. 'કૅાન્ટ્રોલૅબિલિટી બૅરિયર'માં તે દાખલ થાય ત્યારે તેનું સમતોલપણું જાળવવા માટે તેની પૂંછડીને બે વધારાની નાની પાંખો (fins) પણ લગાડવામાં આવી છે.

હજી 'એક્સ-૧૫' હવામાં જ તરે છે. ક્રૉસફીલ્ડ ફરી યંત્રો તપાસે છે. ઈન્ટરકૅામ પર વૈજ્ઞાનિકો પ્રશ્નો પૂછે છે: 'દબાણ?......'

'બરોબર'. ... .

'બળતણ ઊડી તો નથી જતુંને?' 'ના.'

'બધું બરોબર?'

'બરોબર.' જરાક પણ વાંધો જણાય તો ઉડ્ડયન રદ કરવાની સૂચના ક્રૉસફીલ્ડને પહેલેથી આપી દેવામાં આવી છે.

—અને બૉમ્બર વિમાન તથા 'એક્સ-૧૫' વચ્ચેની છેલ્લી કડી તૂટી જાય છે. 'એક્સ ૧૫' હવે બૉમ્બર વિમાનથી છૂટું છે. ક્રૉસફીલ્ડ ચાંપ દબાવે છે. આકાશને ધુમાડાથી ભરી દેતું 'એક્સ-૧૫' ગડગડાટ સાથે ઉપર પ્રયાણ કરે છે. સેકંડોમાં તો તે ધ્વનિપટલ(Sound Barrier)ને ભેદી નાખે છે. એક કડાકો થાય છે।

સાત માઈલની ઊંચાઇએથી ઉડ્ડયન શરૂ કરતું 'એક્સ-૧૫' ફક્ત થોડી જ ક્ષણોમાં ટ્રોપોસ્ફીઅર પણ પસાર કરી જાય છે (જુઓ આકૃતિ). હવે ક્રૉસફીલ્ડનું વજન વધવા લાગે છે...બે ગણું...ત્રણ ગણું ...ચાર ગણું...કારણ કે 'એક્સ-૧૫'ની ઝડપ પહેલાં કરતાં ચારગણી થઇ ગઈ છે. આ ઝડપનું દબાણ ક્રૉસફીલ્ડને સ્પ્રિંગવાળી બેઠક સાથે દબાવી રાખે છે. 'એક્સ ૧૫'ની ઝડપ ૧ મેશ (અવાજની ઝડપ) કરતાં બે ગણી થઈ ગઈ છે, અને તે હવે ઉષ્ણ પટલ(Heat Barrier)માં દાખલ થાય છે. હવાનો ઘસારો તેને ગરમ ગરમ કરી નાખે છે. ઉષ્ણતામાન ૫૦૦ અંશથી ૧૦૦૦ અંશ સેન્ટિગ્રેડ સુધી પહોંચી જાય છે. કૅાકપિટ અંદરથી 'ઍરકન્ડિશન્ડ' હોવાને કારણે ક્રૉસફીલ્ડ સલામત છે, નહિ તો તે બટાકાની માફક બફાઇ જાત.

બીજી એક મિનિટ બાદ તો 'એક્સ-૧૫' સ્ટ્રૅટોસ્ફીઅરની પણ બહાર નીકળી જાય છે. પૃથ્વીની આસપાસના વાતાવરણનો લગભગ ૯૭ ટકા ભાગ વાતાવરણ તેની નીચે છે. હવાનો ઘસારો હવે ઓછો થાય છે. ઉષ્ણતામાન પણ ઘટે છે, પરંતુ 'એક્સ-૧૫'ની ઝડપ તો વધી જ રહી છે. કલાકના ૩૫,૦૦૦ માઇલની ઝડપે જતા રૉકેટ-વિમાન 'એક્સ-૧૫'માં બેઠેલા ક્રૉસફીલ્ડનું વજન, પૃથ્વી પર જેટલું વજન હોય તેનાં કરતાં અહીં ચારગણું છે!

'એક્સ-૧૫'ની ઝડપ હવે પાંચ મેશ જેટલી થઈ છે. આ ઝડપ Hypersonic Speed તરીકે ઓળખાય છે. ક્રૉસફીલ્ડ એક ક્ષણમાં કૅપ્ટન કિન્ચેલોએ સ્થાપેલો ૧,૨૬,૦૦૦ ફૂટનો વિક્રમ તોડી નાખે છે!

અને હવે આવે છે એકદમ અજાણ વિસ્તાર. વૈજ્ઞાનિકો માને છે કે ક્રૉસફીલ્ડને આ વિસ્તારમાં જ કૅાન્ટ્રોલૅબિલિટી-બૅરીઅર નડશે. અને થાય છે પણ એમ જ. ક્રૉસફીલ્ડ હવે 'એક્સ-૧૫'નાં યંત્રો પર ભરોસો રાખી શકે એમ નથી, કારણકે ઝડપ એટલી બધી છે કે તેનાં યંત્રો જે વખતે જે સ્થળની નોંધ બતાવે છે, તે વખતે 'એક્સ-૧૫' વાસ્તવમાં તે સ્થળથી બે માઈલ દૂર હોય છે! ઉપરથી હવે અનહદનું દબાણ થાય છે, તેમજ દૃશ્યમાન આઘાત-મોજાંઓ 'એક્સ-૧૫'ના આગળના અણિયાળા ભાગમાંથી થઈને પૂંછડી સુધી જતાં ક્રૉસફીલ્ડને દેખાય છે.

પરંતુ આ ભયંકર વિસ્તારમાં ક્રૉસફીલ્ડને યંત્રો સંભાળવા માટે ખાસ પ્રકારની તાલીમ આપવામાં આવી છે. અહીં તેની બધી જ ક્રિયાઓ આપોઆપ થાય છે. 'એક્સ-૧૫'ની ઝડપ એટલી બધી છે કે વિચારવાનો પણ વખત નથી મળતો. સાચી હકીકતો—જો ક્રૉસફીલ્ડ પાછો ફરશે તો—રેકોર્ડિંગ યંત્રો દ્વારા જ જાણવા મળશે.

'એક્સ-૧૫'ને ગુંલાટો ખાતું અટકાવવા માટે ક્રૉસફીલ્ડ ભારે મથામણ કરી રહ્યો છે. અને જેટલી ઝડપથી આ બધું બની ગયું એટલી જ ઝડપથી બધું પૂરું પણ થઈ જાય છે. 'એક્સ-૧૫' કૅાન્ટ્રોલૅબિલિટી બૅરીઅર પસાર કરી ગયું છે, ને હવે તે આયોનોસ્ફીઅરમાં પ્રવેશ કરે છે.

ક્રૉસફીલ્ડ હવે લગભગ અવકાશમાં આવી પહોંચ્યો છે. અવકાશમાં પહોંચનારો તે વિશ્વનો પ્રથમ માનવી છે. તેની એક આકાંક્ષા પૂરી થઈ છે. પણ ત્યાં તો 'એક્સ-૧૫'ની રૉકેટ-મોટર બળતણ ખલાસ થવાને કારણે બંધ પડી જાય છે। પાછળ ફેલાતી ધૂમ્રસેર ધીરેધીરે ઓછી થઇ જાય છે; પરંતુ નિષ્ક્રિયતા(intertia)ને આધારે 'એક્સ ૧૫' હજી ઉપર ને ઉપર ધસ્યે જાય છે.

અહીં ક્રૉસફીલ્ડનું વજન શૂન્ય થઈ જાય છે. તે બેઠક સાથે જો પટ્ટા વડે જકડાએલો ન હોત તો કૅાકપિટમાં અધ્ધર તરત! 'એક્સ-૧૫'

હવે ૧૫૦ માઇલની ઊંચાઈએ પહોંચી ગયું છે. ક્રૉસફીલ્ડ નીચે નજર નાખે છે. પૃથ્વી પર જમીન અને પાણીને જુદાં પાડી શકાય છે. તે ઉપર નજર નાખે છે. કાળી શાહી જેવા આકાશમાં સૂરજ ને તારલાઓ સાથે ચમકે છે! બિહામણો છતાં યે જોવો ગમે એવો આકાશનો એ રમણીય-ભયંકર દેખાવ છે. એક્સ-૧૫ હવે ક્ષણભર અટકીને parabolic curve બનાવીને નીચે પડવા માંડે છે. અહીંથી હવે મુશ્કેલીનો બીજો તબક્કો શરૂ થાય છે.

ક્રૉસફીલ્ડ વિચારે છે: 'એક્સ-૧૫' પૃથ્વીના વાતાવરણમાં દાખલ થતાંની સાથે જ, એની અસીમ ઝડપને કારણે, ખૂબ ગરમ થઈ જશે. પૃથ્વીનું વાતાવરણ 'એક્સ-૧૫'ની ઝડપ તે ધીરે ધીરે ઓછી તો કરી નાખશે, પરંતુ એ રીત ખતરનાક છે. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરનાર 'ખરતા તારાઓ'ની હાલત થાય છે એવી જ 'એક્સ-૧૫'ની થાય.

'એક્સ-૧૫' ખૂબ ઝડપથી નીચે પડી રહ્યું છે. ક્રૉસફીલ્ડ તૈયાર છે. ૧૦૦ માઇલ...૭૦ માઇલ...૫૦ માઇલ... નીચે પૃથ્વી મોટી ને મોટી થઈ રહી છે. ક્રૉસફીલ્ડ 'એક્સ-૧૫'ને હવા પર તરતુ રાખવાનો પ્રયાસ કરે છે. બીજી બાજુ વાતાવરણનો ઘસારો 'એક્સ-૧૫'ને ગરમ કરી નાખે છે. ઉષ્ણતામાન-માપક યંત્રનો કાંટો ૧૦૦૦° સેન્ટીગ્રેડ પર સ્થિર છે. પરંતુ 'એક્સ-૧૫'ની રચના આટલું ઉષ્ણતામાન સહન કરી શકે એવા ખાસ પ્રકારના પોલાદ-મિશ્રણ (Steel-Alloy) વડે કરી હોવાથી વાંધો તો આવે એમ નથી. 'એક્સ-૧૫' હવે સરકે છે—ગ્લાઈડરની માફક. તેની ઝડપ ઓછી થતી જાય છે, અને આખરે...

પરંતુ એ પહેલાં કંઈ અકસ્માત થાય તો? નવા જ પ્રકારની 'ઇજેક્શન સિસ્ટમ' વાપરીને 'એક્સ-૧૫'માંથી તે બહાર કૂદી શકે એમ છે. પણ ક્રૉસફીલ્ડ પાસે એટલો યે સમય રહેશે ખરો?

—અને આખરે 'એક્સ-૧૫' જમીન પર ઊતરી આવે છે.


પરંતુ આ તો કલ્પનાચિત્ર છે. વાસ્તવમાં 'એક્સ-૧૫' આટલી સરળતાથી ઉપર જઇને પાછું નીચે આવી શકશે ખરું? વૈજ્ઞાનિકો તો આશા આપે છે. તેઓ ક્રૉસફીલ્ડના જીવિત રહેવાનું પ્રમાણ ૯૯.૪ આપે છે. પરંતુ પ્રમાણ ઊલટું થઈ જાય તો? કેમકે પ્રયોગમાં કેટલાંક ભયસ્થાન છે.

(૧) શૂન્ય વજનની સ્થિતિ—જેમાં ક્રૉસફીલ્ડ મુકાવાનો છે તે—માણસ કેટલી વાર સુધી સહન કરી શકે એને લગતી વિગતો સંપૂર્ણપણે હજી ઉપલબ્ધ નથી. ક્રૉસફીલ્ડે જેટ વિમાનો ચલાવતી વખતે ઘણી યે વાર શૂન્ય વજનની સ્થિતિનો અનુભવ તો કર્યો છે, પણ તે ફક્ત ત્રીસ સેકંડ સુધી; પરંતુ હવે પછીનો તેનો અનુભવ લાંબા સમય માટેનો હશે. ક્રૉસફીલ્ડના કહેવા મુજબ શૂન્ય વજનની સ્થિતિનો એ અનુભવ તો મઝા પડે એવો છે. પરંતુ વૈજ્ઞાનિકો કહે છે કે લાંબા વખત સુધી શૂન્ય વજનની સ્થિતિમાં માણસની ક્રિયાઓ શિથિલ થઈ જાય છે.

(૨) ઉલ્કા-કણોનો ભય પણ ઓછો નથી. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતી ઉલ્કાઓ બળીને ભસ્મ થઈ જાય છે. પરંતુ 'એક્સ-૧૫' તો વાતાવરણની ઉપર જવાનું છે. અસીમ ઝડપથી જતાં 'એક્સ-૧૫' સાથે નાનકડો એવો કોઈ ઉલ્કા-કણ અથડાઈ પડે તો મહાભયંકર વિનાશ સર્જાય; પરંતુ એવો બનાવ ૧૦૦૦ માં ૧ વાર બને એમ વૈજ્ઞાનિકો કહે છે, પણ ૧૦૦૦માં ૧ વાર બનતો આ અકસ્માત ક્રૉસફીલ્ડના 'એક્સ ૧૫'ને જ નડે તો?

(૩) આ ઉપરાંત 'કૉસ્મિક રૅડીએશન' તથા અન્ય રેડીએશન પણ ક્રૉસફીલ્ડ ઉપર અસર કરશે. આ અસર કેવી હશે એનો ખયાલ તો—જો ક્રૉસફીલ્ડ જીવતો પાછો ફરશે તો—વર્ષો બાદ આવશે.

પણ આ સાહસ અંગે ક્રૉસફીલ્ડ પોતે શું કહે છે? તે આટલું અદ્‌ભુત અને મહાન સાહસ કરવાનો હોવા છતાં ઠંડકથી કહે છે: 'ભય અને અકસ્માત તો માત્ર સરતચૂકનાં પરિણામ હોય છે. પણ હું આ પ્રયોગમાં કોઈ પણ પ્રકારની સરતચૂક થવા દઈશ નહિ.' અને ઉમેરે છે: 'માનવી જ્યારે અવકાશમાં પહોંચવા જ માગે છે ત્યારે તેના શબ્દકોષમાં "બૅરિયર" જેવો શબ્દ જ ન હોવો જોઈએ.' આ માટે તે ધ્વનિપટલનો દાખલો ટાંકતાં કહે છે કે એક વખત જેને ભેદવાનું મુશ્કેલ હતું તે ધ્વનિપટલ આજે સુપરસૉનિક જેટ-વિમાનો માટે 'બૅરિયર' નથી રહ્યું. તેવી જ રીતે ઉષ્ણપટલ અને 'કૉન્ટ્રોલૅબિલિટી બૅરિયર, પણ સાચા અર્થમાં 'બૅરિયર' નથી'



પૃથ્વીથી ૧૫૦ મા. ઊંચે જનાર એક્સ-૧૫નો માર્ગદર્શાવતી આકૃતિ

પરંતુ આડે આવતી મામૂલી મુશ્કેલીઓ છે. તેમને દૂર કરવા ફક્ત જ્ઞાનની જરૂર છે—વધુ ને વધુ જ્ઞાનની. અને મને ખાતરી છે કે મારું આ સાહસ વૈજ્ઞાનિકોના જ્ઞાનમાં વધારો કરનારું નીવડશે.

ક્રૉસફીલ્ડની હિંમત આગળ આપણું મસ્તક ઝૂકી પડે એ સ્વાભાવિક છે. એક વાત નિશ્ચિત છે કે વૈજ્ઞાનિકો ગમે તેટલી અચૂક ગણતરી કરે, પરંતુ સમગ્ર પ્રયોગની સફળતાનો આધાર ક્રૉસફીલ્ડની સમયસૂચકતા તેમજ તેની ઝીંદાદિલી ઉપર જ છે. (અંગ્રેજી ઉપરથી)

એક રુદ્ર-રસિક પ્રવાસ (અનુસંધાન પૃ. ૨૮થી) વસવાટ હતો. આખા દહાડાના ભરચક કાર્યક્રમથી થાકેલા પ્રવાસીઓને ચિંતામુક્ત આરામની ઊંઘ આપવી આવશ્યક હતી. તેથી બબ્બે સશસ્ત્ર સંત્રીઓની ટુકડી વારાફરતી પહેરો ભરતી. શિબિરાગ્નિ સવાર સુધી ચાલુ રહેતો.

પ્રવાસ દરમિયાનના અમારા જીવનની, અમારી મુશ્કેલીઓની, આસપાસની નિસર્ગ-લીલાની, નદીનાં વિવિધ સ્વરૂપોની, અમારી સામે આવતા ભયોની અને એ ભયોનો સામનો કરતી વખતે અમારા ચહેરા ઉપર ઉપસી આવતા અમારા સાહજિક મનોભાવોની રંગીન કચકડાએ બારીક નોંધ લીધી છે,—૮૦૦ ફીટ લાંબી ફિલ્મમાં.

આવા પ્રવાસો પ્રત્યે અમુક જ પ્રકારના માનસિક ઘડતરના લોકો આકર્ષાય છે અને એવા ઘડતર વગરની વ્યક્તિ ફસકી પડે. પ્રવાસીઓ જાણતા હતા કે તેઓ જિહ્‌વારસ માણવા નહોતા આવ્યા, પણ પ્રકૃતિના સૌમ્ય તેમજ રુદ્ર રૂપનાં સાક્ષી બનવા, કૃષ્ણનો રાસ ને શંકરનું તાંડવ નજરોનજર નિહાળવા, વત્સલ પ્રકૃતિના ખોળામાં મન મૂકીને આળોટવાની મજા માણવા અને માર્ગનાં કષ્ટો, અગવડો તથા ખેડવા પડતાં જોખમોનો પ્રાકૃત આનંદ માણવા આવ્યા હતા. ભક્ત કવિ પ્રીતમે ગાયું છે—'માંહી પડ્યા તે મહાસુખ માણે.'—એમ અમે તો ફરી ફરીને માણવાની લાલસા થાય એવું મહાસુખ માણ્યું છે.

વારાણસી–બનારસ–કાશીનું ભારત કલાભવન

ભારતભરના પ્રાંતોની ચિત્રશિલ્પકલા, પુરાવસ્તુઓ, હાથકારીગીરીઓ અને પ્રાગૈતિહાસિક અવશેષો, એમ સર્વવ્યાપી ક્ષેત્રનું સમૃદ્ધ સંગ્રહાલય કેન્દ્રિત કરવાના ઉદ્દેશથી સ્થપાએલું અને ભારતનાં શ્રેષ્ઠ પ્રાચીન વસ્તુસંગ્રહાલયોમાં સ્થાન ધરાવતું વારાણસીનું 'ભારત કલાભવન' છેક ઈ. ૧૯૨૦માં આરંભાયું હતું અને કવિવર રવીન્દ્રનાથ ઠાકુર એના આજીવન અધ્યક્ષ હતા. એના આદ્ય સ્થાપક રાયશ્રી કૃષ્ણદાસજીએ ત્યાર પછી ઈ. ૧૯૨૯માં તે કાશીની નાગરી પ્રચારિણી સભાને સોંપ્યું. જેની નિશ્રામાં ૧૯૫૦ સુધી રહ્યા બાદ તે બનારસ હિંદુ યુનિવર્સિટીને હવાલે અપાયું. એ સંસ્થાએ તેને માટે એક સવા લાખ ચોરસફૂટના મોટા વિશાળ ભવનની યોજના કરી જેમાંથી લગભગ દસહજાર ચોરસફૂટનો ભાગ તો બંધાઈ પણ ગયો છે. એ ભવન પણ ભારતીય સ્થાપત્ય શૈલીઓના સામંજસ્ય સમું થવાનું છે.

રંગચિત્રોને લગતો આ ભવનનો વિભાગ કદાચ શ્રેષ્ઠ છે. ભારતીય ઇતિહાસના પ્રત્યેક યુગમાંથી કલાના શ્રેષ્ઠ નમૂનાઓ ચૂંટીને એમાં રખાયા છે; અને એમાં હમેશાં એ જ કાળજી રાખી છે કે કોઈ યુગ ભલે ત્યાં કલાત્મક પ્રતિનિધિત્વ ધરાવવામાં બાકાત રહે, પરન્તુ એ યુગનાં ઉદાહરણો તરીકે મામૂલી નમૂના તો ન જ રજૂ કરવા. આ કલાત્મક વિવેકદૃષ્ટિને લીધે અહીંના શિલ્પવિભાગમાં ભારતની મૂર્તિનિર્માણ કલાના કેટલાક ઉત્કૃષ્ટ નમૂનાઓ સંગ્રહાયા છે. પ્રસાધિકા, કાર્તિકેય અને નટરાજ (તિરુચિનાપલ્લીમાંથી મેળવવામાં આવેલી ૧૫મા શતકની કાંસ્ય પ્રતિમા) આ કલાભંડારની વિશિષ્ટ સમૃદ્ધિ છે. માટીકલા (ટેરાકોટા) વિભાગમાંની વસ્તુઓ પણ ઘણાં પ્રાચીન સ્થાનોના અવશેષોમાંથી એકત્ર કરવામાં આવી છે, જેમાં બનારસ–વારાણસીના રાજઘાટ અને અલ્લાહાબાદના કૌસામ્બીની વસ્તુઓ ખાસ લક્ષ ખેંચે છે.


સિક્કાને લગતા વિભાગમાં 'ડાઇ' (અડી) ઠોકીને બનાવેલા સિક્કા, કુશાન તથા ગુપ્ત યુગના સોનાના સિક્કા, મુઘલ કાળના ચાંદી ને તાંબાના સિક્કા, તથા દિલ્હીના સુલતાનોના કેટલાક સિક્કાનો અહીંનો સંગ્રહ વિખ્યાત છે.



ક્ર કલા-આલેખન: જગનામી કલાકૃતિઓની ગુણવત્તાનો પરિચય આપતી ચિત્રમાલા ક્ર

જગતના મહાસમર્થ તસ્વીરકારો પૈકીનો એક હાન્સ હૉલબાઈન એવો જ સમર્થ કોતરકલાકાર (એન્ગ્રેવર) ને રેખાનો સ્વામી પણ હતો એની પ્રતીતિ તેનાં સંખ્યાબંધ વૂડકટ ચિત્રો આજે કરાવે છે. એમાં અદ્ભુત કહી શકાય એવી તો 'ડાન્સ ઑવ ડેથ' નામની એનાં ૪૧ ટચૂકડાં વૂડકટ ચિત્રોની માળા છે. એ ચિત્રો માત્ર ૨×૨॥ ઈંચના કદનાં જ હોવા છતાં એ ઉસ્તાદ નક્કાશે તે દરેકમાં એકએક ઉત્કૃષ્ટ કલાકૃતિની સંપૂર્ણતા ઉતારવામાં પોતાનું સર્વ સામર્થ્ય ઉતાર્યું છે. જગતનાં વૂડકટચિત્રોમાં આજ સુધી બિનહરીફ રહેલી એ માળાનું એક ચિત્ર 'મોત અને ખેડૂત' એના મૂળ કદમાં જ આ ઉપર છાપ્યું છે, જે પરથી એ પાંચ જ ચોરસ ઈંચ જગ્યામાં એ કલાસ્વામીએ શી અદ્ભુત વિશદતાથી એક વિશાળ દૃશ્ય અને એટલા જ હૃદયસ્પર્શી ભાવચિત્રને પોતાની બેનમૂન ચિત્રસંયોજના અને તીક્ષ્ણ રેખાસામર્થ્યથી ઉતાર્યું છે તેની પ્રતીતિ થશે. દેદીપ્યમાન સૂર્યપ્રકાશથી ભર્યાભર્યા એ દૃશ્યમાં મબલખ પાકની આશાથી એવા જ ભર્યાભર્યા હૃદયે એક ખેડૂત પોતાનું ખેતર ખેડી રહ્યો છે. ત્યાં અચાનક, ઊંચે નજર જતાં જ એક ભયાઘાતથી તે શોકાવિષ્ટ થઈ જાય છે, કેમકે એ પ્રશાન્તોજ્જ્વલ જીવનમાં પણ મૃત્યુનાં પગલાંનો મૂક પ્રવેશ થઈ ચૂક્યાની તેને ઝાંખી થાય છે! જીવનના એકેએક આશાસમૃદ્ધ પાસામાં પણ મૃત્યુની અનિવાર્ય ઘેરી છાયા વહેલીમોડી યે પ્રવેશ્યા વિના નથી રહેતી એમ પ્રબોધતાં બીજાં ચાળીસે ચિત્રો આવાં જ કલાગુણભર્યાં ને ભાવસભર છે. —બ. રા.

આ કલાભવનનો એક મુખ્ય ભાગ ગૃહઉદ્યોગોને લગતો છે. એમાં મીનાકારી, ઝવેરાત, બહુમૂલ્ય રત્નો તથા અલ્પમૂલ્ય મણિ આદિ 'સેમી-પ્રેશિયસ સ્ટોન્સ'ની બનાવેલી ચીજો, જડતરકામ વગેરેના નમૂના છે; ને કાપડવણાટના વિભાગમાં પ્રાચીન કિંમતી શાલો, સોનાચાંદીના તારના વણાટવાળા થપ્પા કિનારી ને બુટ્ટા આદિ 'બ્રોકેડ', કલાત્મક હાથબીબાંની



વારાણસી (કાશી)ના ભારત કલાભવનમાંનાં કલા-ઈતિહાસની દૃષ્ટિએ મૂલ્યવાન બે પ્રાચીન ચિત્રો ડાબી બાજુ: ૧૮મી સદીની કાંગડા કલમનું ચિત્ર 'ગોપીવસ્ત્રહરણ'; જમણી બાજુ: ૧૮મી સદીની મિશ્ર રાજપુત-મુઘલ કલમનું ચિત્ર 'સસલાનો શિકાર'

'રૅલિફ' છાપો, ભરતગૂંથણ કામ વગેરેના ભારતભરના વિવિધ પ્રદેશોના નમૂના છે.

પ્રાચ્યવસ્તુવિભાગમાં તામ્રપત્રો, શિલાલેખો, વારાણસીના રાજઘાટની માટીની મુદ્રાઓ, સનદો અને મુઘલ બાદશાહોની કેટલીક સ્મારક-વસ્તુઓ છે. આદ્ય-ઐતિહાસિક અને પ્રાગૈતિહાસિકવિભાગમાં મોહેં-જો-દરોના કેટલાક અવશેષો, તામ્રયુગના ઓજારો આદિ છે.

સાહિત્યિક વિભાગમાં હિંદી ને ઉર્દૂ ભાષાના સુવિખ્યાત સાહિત્યકારોના હસ્તલેખો અને તસ્વીરો, પ્રાચીન હિન્દી ગ્રંથોની પ્રથમ આવૃત્તિઓ, હિન્દી સામયિકોના પ્રથમ અંકો વગેરે ઉપરાંત ગાંધી-વિભાગમાં ગાંધીજીના લેખો અને સ્મારક વસ્તુઓ પણ છે. વળી આ કલાભવનના પુસ્તકાલયમાં ભારતીય કલાઓ અને આનુષંગિક વિષયોને લગતાં વિવિધ પુસ્તકો તથા સામયિકોનો મબલખ સંગ્રહ છે. એક વખત તો આ સંસ્થા 'કલાનિધિ' નામનું સચિત્ર હિન્દી ત્રૈમાસિક પણ પ્રકટ કરતી હતી.

વનસ્થલીનું કલાદર્શન

અમદાવાદના કલા-વિદ્યાર્થી ભાઈ પીરાજી સાગરાનો તથા તેમની શક્તિશાળી ખીલતી કલમનો પરિચય અમે અગાઉ ૪૦૩મા અંકમાં કરાવી ગયા છીએ. આ પછીનાં પાનાંઓ પર તેમના જે સ્કેચ આપેલા છે તે એમણે 'વનસ્થલી વિદ્યાપીઠ'ની આસપાસ આવેલાં રાજસ્થાનનાં ગામડાંઓમાં કરેલા છે. દર ઉનાળામાં એ વિદ્યાપીઠમાં જયપુરી શૈલીથી 'ભીંત-ચિત્રો' Fresco કરવાનું શિક્ષણ અપાય છે તેનો લાભ ગયે વર્ષે એમને મળેલો. એનું વર્ણન એમના જ શબ્દોમાં સાંભળીએ:

"રાજસ્થાનમાં જયપુરથી ૪૯ માઇલના અંતરે કેવળ કન્યા-કેળવણી માટેની (પ્રાથમિકથી એમ.એ. સુધીની) 'વનસ્થલી વિદ્યાપીઠ' નામની જાણીતી સંસ્થા આવેલી છે. આજથી ૨૯ વર્ષ ઉપર રાજસ્થાનના એક વખતના મુખ્ય પ્રધાન જાણીતા ગાંધીવાદી શ્રી હીરાલાલ શાસ્ત્રી ને તેમની પુત્રી સ્વ. શાંતાબાઈએ અભણ અને ગ્રામ્ય સ્ત્રીઓ તેમજ બાળકોને ભણાવવા માટે કાચી માટીના એક નાના મકાનમાં તેની શરૂઆત કર્યા બાદ અચાનક શાંતાબાઈનું અવસાન થયું. પણ પોતાની પુત્રીનું એ પ્રિય કાર્ય જારી રાખીને પિતાએ અવિશ્રાન્ત પરિશ્રમથી તેને એવું ખીલવ્યું કે આજે ફૂલેલાફાલેલા વટવૃક્ષ પેઠે ભારતના અગ્રગણ્ય કેળવણીકારોનું લક્ષ તે ખેંચે છે. ગૃહવિજ્ઞાન ને લલિત કલાઓને ખૂબ મહત્ત્વ આપતી આ વિદ્યાપીઠમાં ચિત્ર, સંગીત, નૃત્ય આદિ માટે કલાભવનનાં જે ખાસ મકાન તૈયાર કરવામાં આવેલાં છે તેની દીવાલો પર દર વર્ષે મે જૂનની ઉનાળાની રજાઓમાં ભીંત-ચિત્રો માટેની જયપુર-કલાની આગવી ટેકનીક (કસબ)થી ફ્રેસ્કો કરાવવામાં આવે છે, જેમાં બે માસની ૫૦ રૂપિયા ફી તથા ભોજનખર્ચના ઉપરથી ૪૦ રૂપિયા માસિકમાં ત્યાં બહારના કલા વિદ્યાર્થીને પણ હાથ જમાવવાની તક અપાય છે.

'જયપુર ફ્રેસ્કો' નામે ઓળખાતી આ પદ્ધતિમાં કામ શરૂ કરતાં પહેલાં અખતરા રૂપે સીમેન્ટ, આરસની ભૂકી (માર્બલ ડસ્ટ), ચૂના તથા રેતીના મિશ્રણ વડે તૈયાર કરેલી નાની તકતીઓ પર થોડું કામ શિક્ષક પાસે બેસીને કરવાનું હોય છે. Fresh એટલે તાજું એ અર્થના આ 'ફ્રેસ્કો કામ'માં ભીની દીવાલ પર તાજી દશામાં જ ચિત્રો કરી લેવાનાં હોય છે. એના રંગો પણ જયપુરની આસપાસ થતા ખાસ રંગીન પથ્થરોમાંથી બનાવવામાં આવે છે. અહીં જયપુર-શૈલી ઉપરાંત ઇટાલિયન તથા અજંતાની પણ ટેકનીક શીખવાય છે.

ગયા ઉનાળાના એવા 'ફ્રેસ્કો-કૅમ્પ'માં પાંચ







વિદ્યાર્થીઓ આવ્યા હતા, જે બધા જ ગુજરાતીઓ હતા : બે અમદાવાદથી, બે મુંબાઈથી અને એક બનારસથી. વર્ગનો સમય સવારના નવથી સાંજના પાંચ વાગ્યા સુધીનો : વચ્ચે એક કલાક ભોજન-આરામ. સવારે વહેલા ઊઠી પાા વાગ્યા સુધીમાં અમે પરવારી ૬થી ૯ સુધી આજુબાજુનાં પ્રકૃતિ-દૃશ્યો તથા ગામડાંઓનાં સ્કેચિંગ માટે પહોંચી જતા. વિદ્યાપીઠની આજુબાજુ ૧થી ૪ માઈલ સુધીના વિસ્તારમાં નાનાંનાનાં ખૂબ ગામડાં પથરાએલાં પડયાં છે. ભારતનાં બધાં જ ગામડાંમાં હોય છે તેવાં આ ગામડાંનાં ઘર ગારમાટીનાં બનેલાં હોય છે. પરંતુ અહીંનાં ઓબડગોબડ ઘરોનાં વાંકાંચૂકાં ઘાસિયાં છાપરાંની કલાત્મકતા એટલી આકર્ષક છે કે તે ચીતર્યા વિના રહેવાતું નથી. લગભગ બધાં ઘરોનાં આંગણાં અને ભીંતો ઉપર ત્યાંની લોક-કલા 'માંડણાં'નાં સુશોભનો ચીતરેલાં હોય છે. ઘર પર એકાદ પણ માંડણું ન હોય તે અપશુકન મનાય છે.

લગ્નપ્રસંગ, હોળી-દિવાળી વગેરે ઉત્સવના દિવસોમાં તો આખું ગામ તાજાં માંડણાંથી વિભૂષિત થઈ જાય છે. આ કલા માત્ર સ્ત્રીઓની જ છે. ગારમાટીથી પહેલાં ભોંયને લીંપીને તે પર ગુંદરના પાણીમાં પલાળેલી ખડી કે ચૂના વડે બંગાળીઓ જેમ અલ્પના કરે છે તેવી રીતે આંગળી વડે જ માંડણાં ચીતરાવા લાગે છે. કયારેક ગેરૂના લાલ રંગે પણ ચીતરાય છે."


એ માંડણાંની આકૃતિઓનો થોડો આસ્વાદ, અગાઉ ત્યાંના 'ફ્રેસ્કો-વર્ગ'માં જઈ આવેલા ભાઈ પ્રદ્યુમ્ન તન્નાએ ૩૮૩-મા અંકમાં આપ્યો હતો. ભાઈ સાગરાએ કરેલા વિપુલ સંગ્રહમાંથી વિશેષ આવતા અંકે. આ પછીનાં પાનાંઓમાં તેમણે આસપાસનાં ગામડાંઓમાંથી ઝડપેલાં દૃશ્યો, પ્રાણીઓ તથા પાત્રોનાં રેખાંકનો આપ્યાં છે એ પરથી એમની સ્થિર ને સચોટ કલમનો ખયાલ આવશે.




↑અહીંનાં ગારમાટીનાં ઓબડગોબડ ઘરો તથા તેનાં વાંકાંચૂંકા ઘાસિયાં છાપરાંની કલાત્મકતા એટલી આકર્ષક છે કે કોઈથી પણ તે ચીતર્યા વિના રહેવાય નહિ. લગભગ બધાં ઘરોની ભીંતો તથા આંગણાં પર લોક-કલા 'માંડણાં' તો હોય જ. નીચે : એક વિશિષ્ટ ઘાટના છાપરાવાળા ઘરનું આંગણું; સામેના પાના પર: મથાળે આપેલાં ગાય-ભેંસ અને એક બળદજોડીનાં, શાહી ભરેલી પેનથી સીધાં કાગળ પર જ ઉતારેલાં આલેખનોમાં કલાકારની આંખની પકડ તથા કલમની શક્તિ પ્રતીત થાય છે. જમણી બાજુ તથા સામેના પાના પર નીચે: રાજસ્થાનના કિશોર વયનાં પાત્રો—તેમની નિત્યની વેશભૂષામાં.









પશ્ચિમ ભારતમાં સવિશેષ નજરે પડતા મોરના લલિતસુડોળ દેહના આકર્ષણમાંથી કોઈપણ કલાકાર, કવિ કે રસદષ્ટિવાળો માનવી છટકી શકયો નથી.

રાજસ્થાનનાં ગામડાંઓમાં મબલખપણે મહાલતા મોરની દેહલીલાઓના ભાઈ પીરાજી સાગરાએ કરેલા આ નાનાવિધ સ્કેચોમાં તેમની કલમની પકડ પ્રતીત થાય છે,—માત્ર સૂચન મૂકીજતી ગણતરીની રેખાઓવાળાં આ ઉપરનાં 'ધ્વનિચિત્રોમાં સુદ્ધાં.









જયપુર પાસે આવેલી વનસ્થલી
વિદ્યાપીઠની ભીંતો પર
'ફ્રેસ્કો' ચિત્રો કરવાની તાલીમ
લેવા ગએલા ભાઈ પીરાજી સાગરાએ
ફુરસદની વખતે આસપાસનાં
ગામડાંઓમાં ઘૂમીને ચીતરેલાં
રાજસ્થાનનાં ગામડાનાં
આ પાત્રોની લાક્ષણિક મુખાકૃતિઓની
સાથે તેમની પાઘડીઓનું–અને
મૂછોનું પણ–વૈવિધ્ય રસદાયક છે.



પાનાંની રમત


લેખક: સાધુરામ દવે

એક સુંદર કોયડો

ગયા અંકમાં જણાવ્યા મુજબ, બ્રિજની રમત કેમ કરવી, બચાવ શી રીતે કરવો, હાથ ક્યારે બોલવા વગેરેની સળંગ માહિતી શરૂ કરતા પહેલાં, એક અત્યંત રસપ્રદ કોયડો નીચે રજૂ કર્યો છે. આ કોયડો, દરેક વાચક ઉકેલવાનો પ્રયત્ન કરે એમ ઇચ્છું છું. કોયડો આમ સહેલો નથી; તેમ ખૂબ જ અઘરો પણ ન ગણાય. દસવીસ મિનિટના પ્રયત્ન બાદ; કોઈ હાર સ્વીકારી તેને છોડી પણ ન દે. આવા કોયડા ઉકેલવા માટે, પાનાંની એક પાટ (Pack) લઈ, ચારેય ખેલાડીનાં પાનાં વ્યવસ્થિત ખુલ્લાં ગોઠવી દેવાં. પછી રમત રમવી અને જે રમનારનું પાનું રમાય, તેનું પત્તું ત્યાં જ ઊંધું પાડવું. એટલે કે કોઈ એક ઊતરનાં ચારેય પાન રમાઈ જાય કે તુર્ત જ તે ચારેય પાનાં, જે જે રમનાર આગળથી રમાયાં હોય, ત્યાં જ ઊંધાં પાડવાં. ઉત્તરમાંથી રમાએલું પાનું, હાથ પૂરો થયે, ઉત્તરના રમનારનાં પાનાં આગળ જ ઊંધું મૂકી દેવું. તેવી જ રીતે દરેક ખેલાડીનાં રમાએલાં પાનાં, તેની આગળ જ ઊંધાં મૂકાતાં જશે. તમારાથી પહેલા જ પ્રયત્ને જો કોયડો ન ઉકેલાયો તો વળી પાછાં પાનાં શોધી શોધીને ગોઠવવાની તકલીફમાંથી તમે બચી જશો. આપણો પ્રયાસ સફળ ન થયો કે તુર્ત પાછાં બધાં પાનાં ચત્તાં કરીને, ફરી પ્રયત્ન કર્યે જ છૂટકો. આમ કરવાથી વખત બચશે, કંટાળો નહિ આવે અને અસફળ થએલી રમત બરાબર તમારા ખ્યાલમાં પણ રહેશે.

સામા પક્ષનાં પાનાં બુદ્ધિપૂર્વક જ ચાળવવા—જાણે તમે પોતે જ બચાવ કરતા હો તેવી રીતે. એટલા માટે જ આવા કોયડાઓમાં 'ગમે તે બચાવ સામે' એમ કહેવામાં આવે છે. બચાવ લૂલો હોય તો પછી કામ એટલું સરળ બને કે એને કોયડો પણ ન જ કહેવાય!

ત્યારે, હવે આપણે આ સુંદર પ્રશ્ન જોઈએ.

	♠ Q J 10 ♥ A J 7 2 ♦ A Q 5 ♣ A 10 3	
♠ 9 8 7 ♥ 10 5 4 ♦ K J 9 ♣ Q 8 6 5		♠ K ♥ Q 8 3 ♦ 10 8 7 4 3 ♣ J 9 4 2
	♠ A 6 5 4 3 2 ♥ K 9 6 ♦ 6 2 ♣ K 7	

દક્ષિણ 7S બોલ્યો છે. એટલે કે દક્ષિણે 'સાત કાળી' એમ બોલી, કાળીના સરથી તેરે ય હાથ કરવાનો કૉન્ટ્રૅક્ટ કર્યો છે. વધુ સમજવા પૂરતું **દક્ષિણ-ઉત્તરે થઇને, તેરે ય હાથ કાળીના સરમાં કરવાના છે. પહેલી ઊતર પશ્ચિમની છે અને તે કાળીનો નવ્વો (♠ 9) રમે છે.** પૂર્વ-પશ્ચિમવાળા આ તેરે ય હાથ નહિ થવા દેવા બુદ્ધિપૂર્વકનો મજબૂત બચાવ (Spund defence) કરશે. તેમ છતાં પણ તેરે ય હાથ શી રીતે થાય? બ્રિજની ભાષામાં, ઉત્તર-દક્ષિણે કાળીના સરથી 'ગ્રાન્ડ સ્લામ' (Grand slam in spades) કરવાનો છે.

આમ, તમે તુર્ત જ જોઈ શકશો કે બાર હાથ તો ચોકખા જ છે—બધી ભાંજગડ ફક્ત તેરમા હાથની જ છે. ચારે ય બાજી ખુલ્લી પડેલી છે એટલે દરેક જણ બધાં પાનાં જોઈ શકે છે. એ જોઇને જ રમત રમવાની છે. ઉત્તર-દક્ષિણ શી રીતે તેરે ય હાથ કરી શકશે?

આવા કોયડાઓને 'ડબલ ડમી કોયડા' (double dummy problems) કહેવાય છે, કારણ કે આમાં બે 'ડમી'નાં પાનાં જોઈ શકાય છે. પોતાનાં પાનાં તો દરેક રમનાર જોઈ શકે, બે ડમીનાં બીજાં ૨૬ પણ જોઈ શકે તો બાકીનાં જ તેર પાનાં, ચોથા ખેલાડી પાસે હોય એ નક્કી જ થયું. એટલે ચારે ય બાજી જાણે ખુલ્લી જ પડી ગઈ!

દરેક હરીફ સ્પષ્ટતાપૂર્વક જવાબ નીચેને સરનામે મોકલે. Sadhuram Dave, 33 Ritherdon Road, Vepery, Madras-7. ઉકેલ એ સરનામે મોડામાં મોડો તા. ૫–૨–૫૯ સુધીમાં પહોંચવો જોઇએ. પરદેશ વસનારાઓનાં જવાબ તા. ૨૦–૨–૫૯ સુધીમાં મળશે તો પણ ચાલશે. **સાચો ઉકેલ મોકલનાર દરેક વાચકને એક સુંદર ચિત્ર ભેટ મોકલાશે અને તેમનાં નામ પણ છાપીશું.**

કોયડો ચોક્કસ રસદાયક છે એની ખાત્રી આપું છું. ચાલો ત્યારે પ્રયત્ન કરો.

ગયા અંકના પ્રશ્નનો જવાબ

દ.	પ.	ઉ.	પૂ.
♣ J	♣ Q	♥ 2—	♣ 5
♥ 5—	♦ J	♦ 5	♦ 9
♣ 9—	♣ 8	♠ K	♣ 7
♠ 6	♠ 10	♥ 8—	♥ 3
♥ 9—	♦ Q	♦ 8	♥ 4
♠ Q	♥ J	♥ Q—	♥ 7

આમ ઉત્તર-દક્ષિણ છ હાથ કરી જાય છે. પૂર્વને બિચારાને જ્યારે ફરજીઆત, સરથી કાપવાનો વખત આવે છે ત્યારે તે સર, હલકા જ હોઈ, નકામા જાય છે; અને પશ્ચિમનો સરનો ગુલામ પણ, ઉત્તરના ભારે સરના પાનાંમાં મફતનો તણાઈ જાય છે!

જો પહેલી ઊતરમાં, પશ્ચિમ ♣ Q ન નાખે તો ઉત્તર તેમાં ♠ Kની ફિશ છોડશે. ત્યાર બાદ બીજી ફૂલ્લીની રમત રમી, સામસામા ઉપર મુજબ કાપાકાપીમાં બધા ય હાથ કરી લેશે.

પહેલી ઊતર, દક્ષિણની છે. જેનો હાથ થાય છે તેની બાજુમાં — ની સંજ્ઞા મુકેલી છે. ત્યાર પછીની ઊતર તેની જ સમજી લેવી.

જે વાચકોએ જવાબ લખી મોકલ્યા છે તે સર્વને અભિનંદન.

મહારાજા-સયાજીરાવ નિબંધ-હરીફાઈ

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન-સમિતિ તરફથી 'ભારતના અર્થ તંત્રમાં નાના ઉદ્યોગોનું સ્થાન' એ વિષય ઉપર, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ અને સૂરત જિલ્લાના કોઇ પણ વતનીને, ઈનામી નિબંધ લખી તા. ૧૫મી જૂન ૧૯૫૯ સુધીમાં મોકલવા આમંત્રણ છે. શ્રેષ્ઠ નિબંધના લેખકને રૂા. ત્રણસોનું ઈનામ અપાશે. નિબંધ ફૂલ્સકૅપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે તથા ગુજરાતી હિંદી કે મરાઠી એ ત્રણમાંથી એક ભાષામાં લખેલો હોવો જોઇએ. પત્રવ્યવહારનું સરનામું : મંત્રી, કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન-સમિતિ, પ્રાચ્ય વિદ્યા મંદિર, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડિંગ, વડોદરા.

એક રુદ્ર-રસિક પ્રવાસ

લેખક: જ. મ. આંશર

'સંભાળજે દક્ષા!' કપ્તાન રામભાઇએ રબ્બર-નૌકાના જમણા તૂતક ફરતા ઘૂંટણ ભિડાવી, સુકાન સંભાળીને બૂમ પાડી! હલેસાંના કીમિયાગર રામભાઇ અને અડગ તરવૈયા સારંગ ચંદુભાઈ પટેલ રબ્બર-નૌકા 'સલોની'ને મોખરે બેઠા છે અને બાબુભાઈ તથા સૌગેન્દ્રનાથ ઘોષે પાછળના બન્ને છેડા સંભાળી લીધા છે. વચ્ચે સામાન ખડકેલો છે ને સલામતી ખાતર તે નાવ જોડે ખેંચીને બાંધી રાખેલો છે. તેની ઉપર મધ્યમાં, સુખી કુટુંબમાં ઊછરેલી અને કાંઈક મુગ્ધભાવે આ પ્રવાસમાં આકર્ષાઇ આવેલી કિશોરી દક્ષા ગોઠવાઈ છે.

તાપીના આશરે ત્રણ ફર્લાંગ પહોળા પટની મધ્ય ધારામાં એક પછી એક ખડકો, ભેખડો અને ખરાબાઓ વટાવતી અને ઊંચાંનીચાં મોજાં ઉપર હિલોળા લેતી 'સલોની' સડસડાટ ચાલી જાય છે. ક્રમેક્રમે નદીની પહોળાઇ ઘટતી જાય છે તે સાથે વેગ વધતો જાય છે. એની મસ્તાની ચાલમાં યૌવનનો ઉન્માદ સ્પષ્ટ વર્તાય છે.

ત્યાં અચાનક દૂરથી સાગર જેવો ઘુઘવાટ સંભળાવા લાગ્યો. રામભાઇએ હોડીને કિનારેકિનારે હાંકવાની અને સાવધ રહેવાની સૌને સૂચના આપી. નાવ આગળ ધપતી ગઈ તેમતેમ ઘુઘવાટ ઘેરો થતો ગયો અને થોડી વારમાં આગળનો માર્ગ દેખાતો બંધ થઇ ગયો. પરિસ્થિતિનો તાગ લેવા માટે 'સલોની'ને ડાબે કાંઠે નાંગરવામાં આવી.

નદી ત્યાં આગળથી કાટખૂણે તીવ્ર વળાંક લેતી હતી. પછીનો માર્ગ પણ સર્પ-ગત્યાકાર હતો, અને બહુ જ ટૂંકા અંતરમાં નદી સારો જેવો ઢાળ ઊતરતી હતી તેથી પ્રવાહનો વેગ પ્રચંડ થઈ ગયો હતો. ઉપરાંત ઠેકઠેકાણે મોટામોટા શિલાખંડો અને ખડકો, અભિસાર માટે નીકળેલી યૌવનપ્રાપ્ત સરિતાના અભિસરણનો માર્ગ અવરોધતા પથરાએલા પડ્યા હતા; પણ પોતાના જીવનમાર્ગમાં આ જાતનો હસ્તક્ષેપ સહી લેવા જેટલી વયમર્યાદા નદી હવે વટાવી ચૂકી હતી. એને સરિત્પતિનો સાદ સંભળાઈ રહ્યો હતો એટલે એ પર્વતનંદિની પર્વતપુત્રોની—સ્વબાંધવોની આમન્યા જાળવે તેમ નહોતી. પોતાના ત્રણેક ફર્લાંગની પહોળાઈમાં વિસ્તરેલા જલરાશિને સમેટી લઈને તેણે હવે માત્ર ૨૫ થી ૩૦ ફૂટ જેટલા સાંકડા માર્ગમાં થઈને પ્રચંડ આવેગ સાથે ધસારો કર્યો હતો.

પણ પહેલા ધસારામાં જ ચારેક ફૂટનો ભૂસકો મારી જ્યાં આગળ ધસે છે ત્યાં સામે જ ૩૦–૩૫ ફૂટ દૂર જ વિશાળ ખડકો આડા ફંટાએલા પડ્યા છે. તેમની જોડે ઘોર ગર્જના સાથે પ્રચંડ આવેગથી અફળાઈ, ગુલાંટ ખાઈને તે ડાબી બાજુ ફંટાઇ જાય છે અને માર્ગમાં આવતા નાનામોટા ખડકોના અવરોધને પરાસ્ત કરતી આગળ ધસ્યે જાય છે. શૈલ-સરિતાના એ સંઘર્ષમાંથી જ સર્જાતો આ સાગરઘેરો ઘુઘવાટ હતો જેણે 'સલોની'માં જલયાત્રીઓને સાવધ કર્યા હતા.

કપ્તાન રામભાઈ પોતાના જલયાનનો માર્ગ શોધી રહ્યા. પ્રવાહમાં આજુબાજુ ને વચ્ચે તો મોટા મોટા ખડકો હતા જ, પણ પાણીની સપાટી નીચે યે સહેલાઇથી નજરે ન ચડતા એવા ખડકો હતા જે ક્ષણવારમાં હોડીનું તળિયું ચીરી નાખે. એવા બે ખડકો વચ્ચેના સાંકડા માર્ગમાં થઈને ચારેક ફૂટનો ધોધ પડતો હતો. રામભાઇએ સાહસ કરીને એમાં થઈને 'સલોની'ને આગળ લીધી, ત્યાં તો તરત જ સામી બાજુએ સપાટી નીચે ખડક દેખાયો. એટલે ઝડપથી વાળી લઇને જમણે હંકારી. પણ પાછળથી આવેલા એક મોટા મોજા ઉપર સવાર થઇને 'સલોની' જેવી આગળ વધીને બે જબરદસ્ત મોજાં વચ્ચેની ખાંચમાં નીચે ઊતરે છે, તેવો જ સામે પાણીની નીચે મોટો ખડક



ફોટો: રહિમ પેંટર

દેખાયો! પલકારામાં જ 'સલોની'ના તૂતકને બે ઘૂંટણ વચ્ચેની પકડમાં લઇ, અર્ધા ઊભા થઇ જઇને તેમણે બૂમ મારી, 'સંભાળજે દક્ષા!'

પણ ત્યાં તો, હોડીનો આગલો ભાગ સામેના ખડક જોડે અફળાયો ને જબ્બર આંચકા સાથે હોડી પાછી ઠેલાઈ. એવો જ પાછળથી આવતા પ્રચંડ મોજાએ હોડીના પાછલા ભાગને અદ્ધર લીધો. પરિણામે સમતુલા ગુમાવી બેસતાં એ પ્રચંડ પ્રવાહમાં અને ચોતરફ ખડકોની વચ્ચે દક્ષા, ઘોષ ને બાબુભાઈ ઉથલી પડ્યાં. પડતાંપડતાં સહારો શોધતા બાબુભાઈએ ચંદુભાઈને પણ સાથે લીધા.

આસપાસની ભેખડો અને ખડકો ઉપર ઊભેલા અન્ય સહયાત્રીઓના શ્વાસ અદ્ધર થઈ ગયા; કારણ કે રામભાઈ કુશળ હલેસાંબાજ છતાં તરવામાં તો છેક શિખાઉ જ હતા, જ્યારે દક્ષાનો તો આ જળાશયમાં જ પહેલો પ્રવેશ હતો. પણ એને તો સુભાગ્યે પડતાં પડતાં હોડી ફરતી બાંધેલી દોરી હાથમાં ઝડપાઈ ગઇ ને તેના આધારે તે ટીંગાઇ રહી. ઉપરાંત પહેરી રાખેલા લાઈફ-બેલ્ટે પણ એને તરતી રાખી, અને રામભાઈએ તરત જ એને ઉપર ખેંચી લીધી. બાકીના ત્રણે પણ એકબીજાની મદદથી મથામણ કરીને ઉપર આવી ગયા. દરમિયાન ધક્કાના આઘાતથી સામાનની દોરી ઢીલી થઈ જતાં ઉપર ખડકેલો સામાન લચી પડેલો; તે બધાએ પાછો સરખો કરીને ગોઠવી દીધો.

અમદાવાદમાં તાજેતરમાં સ્થપાએલી 'હાઈકર્સ ગિલ્ડ'(સ્વૈરવિહારી સંઘ) નામની સંસ્થાના ૨૬ સભ્યોએ (જેમાં ૩ બહેનો હતાં) યોજેલા, ગાઢ જંગલોમાં થઇને પસાર થતી તાપી નદીના વણખેડાએલા પ્રદેશના નૌકાપ્રવાસ દરમિયાન બનેલા અનેક યાદગાર પ્રસંગોમાંનો આ એક છે.

તાપી નદીનો પટ પહોળો ને પાણી ઊંડું છે, અને પાણીનો રંગ ભૂખરો હોવાથી સપાટીની માત્ર ૬ ઇંચ નીચે આવેલા ખડકો પણ સહેલાઈથી જોઇ શકાતા નથી. વળી નદીમાં ઠેકઠેકાણે નાનામોટા તીવ્ર ખડકો તથા શિલાઓ પથરાએલાં છે, જે જલયાત્રામાં એક મોટું ભયસ્થાન છે. લાકડાની હોડીના તો એ તીવ્ર પ્રવાહમાં ખડકો સાથે અફળાઇને ચૂરેચૂરા થઈ જાય. અમે રબ્બરની નાવને આધારે જ એવા પ્રદેશનો પ્રવાસ કરી શક્યા, જે અન્યથા ન ખેડી શકાયો હોત.

નંદરબારથી ઉકાઇ સુધીનો તાપીનો માર્ગ ખાનદેશ તથા સોનગઢ-વ્યારાનાં જંગલોમાં થઇને પસાર થાય છે, જેનો પ્રવાસ અમારે ખેડ-



પ્રકાશા આગળ: પ્રયાણ પહેલાંની પૂર્વતૈયારી (ફોટો · રશ્મિ પેઈન્ટર)

વાનો હતો. રસ્તામાં દિવસો સુધી કાંઈ ચીજવસ્તુ મળી શકે તેમ નહોતી, તેથી સેવચેવડો, ફરસી પૂરી, દાળચોખા, મરચુંમીઠું, ખાંડ-ચા-કૉફી, દૂધનો પાઉડર, કાંદા-બટેટાં, તેલનો ડબ્બો, ઘીનું અડધિયું, સ્ટવ, કેરોસીનનો ડબ્બો અને રાંધવા-જમવાનાં વાસણો વગેરે જરૂરી સરંજામ સાથે લીધેલો. શિયાળાની ઋતુ અને જંગલનો પ્રદેશ, પાણીનો પહોળો પટ ને રેતાળ ભાઠામાં રાતવાસો કરવાનો, તેથી ઓઢવા-પહેરવાનાં ગરમ કપડાં સાથે લીધેલાં. પ્રવાસની રંગીન ફિલ્મ લેવા માટે મૂવી કૅમેરા તથા તસ્વીરો માટે સ્ટિલ કૅમેરા પણ સાથે લીધેલો. ઉપરાંત દવાદારૂ તથા સ્ત્રી-સભ્યો માટે એક તંબૂ પણ હતો.

દરેક નાવમાં સામાન સાથે ત્રણત્રણ જણ બેસે એ હિસાબે નવ રબ્બર-બોટો લીધેલી. એ બોટો તથા આ બધા સરંજામ સાથે, તાપ્તી વૅલી લાઈન ઉપર નંદરબાર સ્ટેશને સૌ ઊતર્યાં ને ત્યાંથી બસ-રસ્તે ૧૫ માઇલ દૂર આવેલા પ્રકાશા નામના કાંઠાના ગામે પહોંચ્યાં. ત્યાં હોડીઓમાં હવા ભરીને સામે કાંઠે આવેલા પ્રસિદ્ધ તીર્થ કેદારેશ્વરજીના મંદિર તરફ જલયાત્રા શરૂ કરી ત્યારે સાંજ પડી ગઈ હતી. કેદારેશ્વરના રમણીય સ્થળે પહેલો રાત્રિમુકામ કરવાનો મનમાં ઉમંગ હતો, અને બીજી બાજુ પ્રભાકર વેગથી પોતાની પ્રકાશલીલા સમેટી રહ્યો હતો.

પણ 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવો ઘાટ થયો. થોડેક જ ગયા હોઈશું ને પાણીની સપાટી નીચેના એક અદીઠ, અણીદાર ખડકે અમારી નાવનો નીચેનો ભાગ ચીરી નાખ્યો ને નાવમાં પાણી ભરાવા માંડ્યું. ઉપરાંત હવાનો વાલ્વ ઢીલો થઇ જતાં તેમાંથી હવા પણ નીકળવા માંડી. હવે? દિવસ તો વીતવા આવ્યો હતો, ને પાછા વળીને નાવની મરામત કરવા બેસતાં તો અંધારું થઈ જાય. જ્યારે દિવસના પ્રકાશમાં જ આવો અકસ્માત થયો ત્યારે રાત્રિ-પ્રવાસની તો કલ્પના જ કરવી રહી! અમે તો જોરજોરથી હલેસાં મારવા માંડ્યાં. પણ અફસોસ! અમારામાંથી હલેસાં મારવાનો પૂરતો અનુભવ પણ કોઈને નહોતો. પરિણામે, જેમજેમ હલેસાં મારતા ગયા તેમતેમ નાવ ગોળગોળ ફરવા લાગી! ખતરનાક ખડકોથી ભરેલા તીવ્ર પ્રવાહ તરફ તણાયા કરે, પણ આગળ વધે નહિ! અધૂરામાં પૂરું, પાણી ભરાવાનું અને હવા નીકળવાનું તો ચાલુ જ હતું, સમયના વહેવાની સાથે અમારી સામેનો પ્રશ્નાર્થ મોટો ને મોટો થતો ગયો. ઢીલ કરીએ તો સામાન સાથે હોડી તળિયે બેસે એવી પરિસ્થિતિ હતી, એટલે ત્વરિત નિર્ણય કરીને અમારામાંના બે સારા તરનારા નદીમાં કૂદી પડ્યા ને બે હોડી સંભાળવા અંદર બેસી રહ્યા. અત્યાર સુધી તો હજી પા માર્ગ જ કપાયો હતો; બાકીનો તરતાં-તરતાં હોડીને ખેંચી જતાં કાપવા માંડ્યો.

આમ કરતાં માંડ અર્ધે પહોંચ્યા હોઈશું ત્યાં જણાયું કે અમારી ગતિ કરતાં પાણી ભરાવાનો અને નીકળવાનો વેગ વધારે હતો અને અમારી સઘળી મહેનત છતાં અમે સામાનને બચાવી નહિ શકીએ, એટલે અગરક્ષક-નાવને કૂમકે આવવા સંકેત કર્યો. પરંતુ તે વળી તીવ્ર પ્રવાહમાં તણાઈ ગએલી એક બીજી નાવની મદદે ગઈ હોવાથી અમારી પાસે પહોંચતાં તેને ઠીકઠીક વિલંબ થયો. દરમિયાન પોણા ઉપરાંત પંથે તો અમે પહોંચેલા, પણ સામાન ઠીકઠીક પલળી ગએલો. કૂમક આવી પહોંચતાં ઘણોખરો સામાન એમાં ફેરવીને બાકીનું અંતર અમે તરતાંતરતાં જ કાપ્યું, ને કેદારેશ્વરના પ્રાચીન મંદિરના વિશાળ પગથારે પહેલો પડાવ કરી, અમારા પ્રથમ અર્ઘ્ય તરીકે પલળીને નદીનિર્માલ્ય થઈ ગએલા પાપડ બધા નદાર્પણ કર્યા.

આવા ખાટામીઠા અનુભવોની મોજ માણતાં ત્રણ દિવસ પસાર થઇ ગયા, દરમિયાન અમારી પાસેની નાવોમાંથી એકએક કરતાં પાંચ નકામી થઈ ગઈ ને ચાર જ સિલીકે રહી! આથી એ ચાર સારી હોડી પર પાંચ નકામી થએલી હોડીનો તથા તેમાંના સઘળા સામાનનો ભાર વધ્યો. દેખીતું જ છે કે આટલા મોટા ખડકલા સાથે છવ્વીસે જણા ચાર નાનકડી નાવોમાં પ્રવાસ ન ખેડી શકે. વળી, નદીનો આગળનો માર્ગ પણ જોખમી હતો. તેથી સમય આવ્યે તરતાં તરતાં હોડી, સામાન તથા પોતાની જાતને કાંઠે પહોંચતી કરી શકે એવા તરવૈયાઓ જ નાવ દીઠ ચાર જણા (મળીને ૧૬ જણ) હોડીમાં બેસે અને બાકીના ૧૦ જણા જંગલમાં થઇને પગપાળો પ્રવાસ કરે એમ નક્કી થયું.

જંગલનાં પદયાત્રીઓએ કુહાડી, ફરસી, ભાલો, ખંજર, પિસ્તોલ વગેરે સ્વરક્ષણનાં સાધનો સાથે રાખ્યાં. બપોરે ૧૧ વાગ્યે તેઓ નદીના ભાઠામાં ઊતરી આવે અને અમે બધાં સાથે મળીને બપોરનું ભોજન લઇએ એવું નક્કી થએલું, તેથી તેઓએ ખાવાપીવાનો સામાન, ઓઢવા-પાથરવાના બિસ્તરા કે પહેરવાનાં ગરમ કપડાં સાથે લીધેલાં નહિ. આવી તદ્દન અભાવની હાલતમાં એ ટુકડી ગાઢ જંગલમાં એવી તો અટવાઇ ગઈ કે ક્યાંયે રસ્તો ન સૂઝે. પરિણામે તેઓ કેમે કરીને અમારી જોડે સંપર્ક સાધી શક્યા નહિ. કેડી તો હતી જ નહિ, એટલે ફક્ત દિશાભાનથી ઝાડીઝાંખરાંમાં માર્ગ કરતા, ખાડાખૈયા ઓળંગતા અને વચ્ચેવચ્ચે અનુલ્લંઘ્ય અવરોધો આવે ત્યારે મોટા ચક્રાવાઓ લેતા, પડતાં-આખડતાં ગતિ કરતા ગયા. રસ્તામાં ડગલે ને પગલે ભયસ્થાનો આવતાં હતાં ને ૧૦થી ૧૫ વર્ષની વચ્ચેનાં કિશોર-કિશોરીઓ પ્રવાસમાં સાથે હતાં, તેથી પ્રવાસ-નાયક ને ઉપનાયક હમેશાં આગળ રહેતા.

રસ્તામાં એક વહેળો આવ્યો. એનું પાણી તો સુકાઈ ગએલું, પણ કાંપ ભીનો હતો. નાયકે એમાં પગ મૂકતાંની સાથે તે લગભગ કમર સુધી કળણમાં ખૂંચી ગયા! સદ્ભાગ્યે ઉપનાયકે તરત જ એમને બહાર ખેંચી કાઢ્યા, ને આગળ વધવા માટે ફરી મોટો ચક્રાવો લીધો. એમ કરતાં કરતાં રાત પડી ને અંધારું ઘેરાયું. હવે તો હતા ત્યાં જ પડાવ કર્યા વગર છૂટકો નહોતો. આજુબાજુથી સૂકાં લાકડાં, પાંદડાં ને ઘાસ

ભેગું કરીને શિબિરાગ્નિ ચેતવ્યો ને એની ફરતાં સૌ બેઠાં. થોડી વારમાં જંગલમાંથી પ્રાણીઓના તરેહતરેહના અવાજો આવવા માંડયા ને એમના હલનચલનથી થતો સૂકાં પાંદડાંનો ખડખડાટ સંભળાવા લાગ્યો. ચોદિશાથી તમરાંઓએ પણ ભૈરવીની ગત છોડી દીધી ને જોતજોતાંમાં વાતાવરણ બિહામણું બની ગયું.

ખાવાનું તો કાંઇ હતું નહિ, કે ન તો ટાઢમાં ઓઢવા-પાથરવા કે પહેરવાનું કાંઇ સાથેલીધેલું જંગલની ભયાનકતાને લીધે જાગરણ આવશ્યક હતું. તેથી સૌ અંતકડી બોલીને જાગરણ જારી રાખવા મથી રહ્યાં. એક તો આખા દહાડાની તડકામાં રઝળપાટ,



આર્કારીના ધોધ પાસેના નદીના ભાઠામાં રાત્રિ-મુકામની છાવણી (રશ્મિ પેઈન્ટર)

તેમાં ભયનું વાતાવરણ, ધગધગતા અગ્નિનું સાન્નિધ્ય, ખાલી પેટ ને તેમાં અંતઃકડીનું સતત ઉચ્ચારણ,—આ બધાં કારણે સૌને ગળામાં શોષ થવા લાગ્યો. ફક્ત એક જ જણાએ નાની લશ્કરી વૉટર બૉટલમાં થોડું પાણી સંઘરી રાખેલું, તે ૧૦ જણા વચ્ચે કેટલું ચાલે? સૌને ભાગે પડતું એકએક ઔંસ અપાતું. દરમિયાન, સારું થયું કે નાનાં કિશોર-કિશોરીઓ ઘસઘસાટ ઊંઘી ગયાં હતાં. પછી તો બે ઝાડવાં વચ્ચેના ખુલ્લા આકાશ નીચે પ્લાસ્ટિક કવરવાળી હૅટો ઉપર ઝાકળ ઝીલીને મોટાઓએ પોતાની તરસ છિપાવી. સૂકાં લાકડાં, ઘાસ ને પાંદડાં વડે શિબિરાગ્નિ આખી રાત ચાલુ રાખ્યો. વચ્ચે ક્યાં યે સહેજ પણ ખડખડાટ સંભળાતાં, અગ્નિમાં એકદમ સૂકાં પાંદડાં ને ઘાસ નાખીને ભડકો કરતા ને ભયને દૂર રાખવાનો પ્રયાસ કરતા. આ રીતે આખી રાત જંગલમાં વીતાવીને પરોઢિયે મોંસૂઝણું થતાં જ સૌપ્રથમ કિનારો ખોળી કાઢીને સૌએ પેટ ભરીને પાણી પીવાનું ઐશ્વર્ય માણ્યું, અને ત્યાર બાદ બે કલાકે અમારી જોડે મુલાકાત થઇ; એટલે કે કુલ ૨૬ કલાક તેઓએ જંગલમાં ખાધાપીધા વગર ગાળ્યા, અને ખાલી પેટે બાળકો સાથે સતત ૨૨-૨૩ માઇલનો વિકટ રસ્તે પગપાળો પ્રવાસ ખેડયો. છતાં એ રુદ્ર-રસિક અનુભવના ભોક્તાઓએ તો એની લહેજ્જત જ માણી છે; એટલું નહિ પણ આથી યે વિશેષ રોમાંચકારી, સાવજભોમ ગીરનાં જંગલના પ્રવાસની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

રોજ પરોઢિયે અમે ચા-નાસ્તો કરીને પ્રયાણ કરતાં, બપોરે અનુકૂળ જગ્યાએ પડાવ નાખી સેવ-ચેવડો, ફરસીપુરી ને બુંદીના લાડવાનું તૈયાર ભાણું જમતાં ને સાંજ પડયે અનુકૂળ રેતાળ ભાઠો શોધી ત્યાં વ્યવસ્થિત લશ્કરી છાવણીની જેમ પડાવ નાખતાં.

વચ્ચોવચ બહેનોનો તંબૂ; પાસે જ રસોડું શિબિરાગ્નિ અને ફાનસ; એની આસપાસ અર્ધવર્તુળાકારમાં અમારી સૌની પથારીઓ.

છાવણી નંખાયા કેડે જુદાજુદા કામે જુદીજુદી ટુકડીઓ વહેંચાઇ જતી. કઠિયારાની ટુકડી જંગલમાંથી લાકડાં કાપી લાવતી, હોડી-સંરક્ષક ટુકડી બધી હોડીઓમાંનું પાણી નિતારી વ્યવસ્થિત ઊભી ગોઠવી દેતી, હોડી-ડૉક્ટર ઘાયલ હોડીઓને પાટાપિંડી કરતા, માનવોના ડૉક્ટર નાદુરસ્ત યાત્રીઓને દવા-દારૂ આપતા, અને એક મોટી ટુકડી રસોઇકામ સંભાળી લેતી—જે સૌપ્રથમ બધાંને ચા, કૉફી કે દૂધ પાઇને ખીચડી-શાક રંધાવા મૂકી દેતી. રોજ એક જ ટંક, માત્ર રાત્રે ગરમ રસોઈ જમી શકતાં અને તે પણ દરરોજ એકની એક વાનગી: ખીચડી, શાક ને ઘી.

આખો દહાડો હલેસાં મારીમારીને અને વહેલી પરોઢથી તે મોડી રાત સુધી શિસ્તબદ્ધ શિબિર-જીવન ગાળીને સૌ એટલાં તો થાકી જતાં કે કોઇને પણ જમવાની વાનગી વિષે કશો ય આગ્રહ નહોતો રહેતો. ભૂખ પણ કકડીને લાગતી, તેથી જે કાંઇ પીરસાતું તે ભાવથી આરોગતા. છેલ્લી રાતે તો દાળ-ચોખા પણ પલળીને બટાઇ જતાં નાખી દેવાં પડેલાં, અને તે જ દહાડે યોગાનુયોગે પ્રાપ્ત થઈ ગએલા કોળાનું શાક ને ચવાણું જ પીરસાએલું. ત્યાર પૂર્વેની રાત્રે પણ, સઘળું મીઠું નદીમાં સ્વાહા થઇ જતાં અલૂણી ખીચડી ખાવી પડેલી. છતાં કોઇને અસંતોષ નહોતો—બલ્કે આવી અગવડોમાંથી વિનોદ નિષ્પન્ન કરી લેતાં.

એક વાત રહી ગઇ. રાતની છાવણી દરમિયાન સશસ્ત્ર પહેરો જરૂરી હતો. અમે એટલો ગણતરીનો સામાન સાથે લીધેલો કે એમાંથી કૈં યે આઘુંપાછું થાય તો સૌ મુશ્કેલીમાં મુકાઇએ. ઉપરાંત અમારી છાવણીઓ વન્ય પ્રદેશમાં નંખાતી. બે છાવણીઓ તો એવા ભાઠામાં કરવી પડેલી કે જેની આસપાસ મોટામોટા મગરોનો (અનુ. પૃ. ૧૮મે)



મોટા ખરબચડા પથ્થરો વચ્ચે વેગથી વહેતી તાપીમાં સર્જાતા ભયંકર 'રૅપિડ'(તીવ્રપ્રવાહો)માંના એકમાં સપડાએલી હોડી.

પચ્ચીસ વર્ષ પહેલાં



પોષ ૧૯૯૦
અંક ૧૨૧

ઈ.સ. ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ પછી બંગાળામાં અંગ્રેજી સત્તાના સ્થાપનાર ક્લાઇવના હાથમાં ત્યાંની સરમુખત્યારી આવી. કંપની સરકારે પોતાના હરીફ ફ્રેંચોને સદાને માટે હરાવી દીધા. અહમદ દુરાની અને મરાઠા સત્તા વચ્ચે મચેલી યાદવાસ્થળીમાં મરાઠાઓએ હિંદની રાજરંગભૂમિ ઉપરથી સદાને માટે વિદાય લીધી. દિલ્હીની મુઘલ સલ્તનતના તો ટુકડા થઈ ગયા હતા. આ બધાનો લાભ વેપાર કરવા આવેલી પ્રજાને મળ્યો, અને એમની સત્તાના ભાનુનાં કિરણો હિંદના આકાશમાં ધીમેધીમે ઉષઃપ્રકાશ પ્રસારવા લાગ્યાં.

અઢારમી સદીનાં એ છેલ્લાં વરસોમાં હિંદુસ્તાનમાં અંધકારયુગ ચાલતો હતો. પુરાણા સમાજની સ્થિતિ ઘણી શોચનીય હતી. દેશમાં બધે અંધાધુંધી વ્યાપી રહી હતી. સમાજનાં ચેતન ભરેલાં અંગોને પક્ષાઘાત થયો હતો. ધાર્મિક સંસ્થાઓ, શાળાઓ, ગામડાં, ખેતી, ઉદ્યોગ, વેપાર, કાયદો અને રાજ્યતંત્ર, સર્વમાં નાશનાં ચિહ્નો દૃષ્ટિગોચર થતાં હતાં.

ધાર્મિક જડતા અને નિષ્પ્રાણ અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય આખા દેશમાં પ્રવર્તી રહ્યું હતું. જીવદયાના હિમાયતી આ ભારતદેશમાં ધર્મને નામે નિરાધાર વિધવાઓને સતી થવાની ફરજ પાડવામાં આવતી હતી. હૃદયને કંપાવી નાખે એવી આ માનવહત્યાનો વિરોધ કરનાર અધર્મી ગણાતો. કોઈ પણ પ્રકારના અંકુશ વિનાનાં જીવન સ્વચ્છંદી અને દુરાચારી બની ગયાં હતાં. દેશની આવી સામાજિક ને ધાર્મિક અધોગતિના સમયમાં, હિંદના સામાજિક નવસર્જનના પિતા અને અર્વાચીન ભારતના આદ્ય સ્રષ્ટા એવા એક મહાન નરનો જન્મ થયો. એ વીરનર તે રાજા રામમોહન રાય. અર્વાચીન સુધારાની જે જે પ્રગતિઓ આજના સમાજમાં દૃષ્ટિગોચર થાય છે તેના પાયાનું ચણતર તેમણે કર્યું. આધુનિક હિંદની સંસ્કૃતિમાં જે મહાન પુરુષોએ ભાગ ભજવ્યો છે તેમાં એમનું નામ પ્રથમ પદે વિરાજે છે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી એમની જીવનરેખા આજે પણ એટલી જ પ્રબોધક હોઈ અહીં ટૂંકાવીને ઉતારી છે.

જે સાલમાં હિંદનો રાજ્યવહીવટ બરોબર નિયમિત કરીને ચલાવવા માટે વિલાયતની પાર્લમેન્ટમાં 'રેગ્યુલેટિંગ ઍક્ટ' નામનો ખરડો પસાર થયો તે જ સાલમાં, ઈ. ૧૭૭૨માં, બ્રિટિશ રાજ્યની કૃપાની સાથે જ બંગાળમાં બરદ્વાન જિલ્લાના રાધાનગર ગામમાં ૨૨મી મેએ બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો. પિતા રમાકાન્ત શુદ્ધ સનાતની હતા. માતા તારિણી અથવા ફૂલઠાકુરાણી પણ અતિશય ધાર્મિક હતાં ને જીવનનાં છેવટનાં વરસોમાં જગન્નાથજીના મંદિરમાં ધર્મભાવનાથી હલકા પ્રકારની સેવાનું કાર્ય કરતાં. તેમને બે પુત્ર હતા: જગમોહન ને રામમોહન.

રમાકાન્ત રાયના પૂર્વજો મુર્શિદાબાદના મુસ્લિમ રાજ્યમાં સારો હોદ્દો ને માનમરતબો ભોગવતા. આજે જે કિંમત અંગ્રેજી ભાષાની છે તે એ વેળા ફારસીની હતી, કેમકે અદાલતોમાં

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ગુજરાતમાં પહેલવહેલી વાર, અખિલ ભારતની મહત્તમ વિદ્વત્તાવાળી પ્રાચ્યવિદ્યા પરિષદ વડોદરામાં ભરાએલી. તેમાં ઘણા ગુજરાતી વિદ્વાનોએ અગ્ર ભાગ લીધેલો. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ હતા; શ્રી વિશ્વનાથ વૈદ્ય ગુજરાતી વિભાગના ને શ્રી નાનાલાલ મહેતા લલિતકલા વિભાગના પ્રમુખ હતા. શ્રી ગૌરીશંકર ઓઝા ને એક વાર ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ વિભાગના પ્રમુખપદે નીમેલા તે અહીં ઇતિહાસ વિભાગના પ્રમુખસ્થાને હતા. પંડિત પરિષદના પ્રમુખ જામનગરના મહામહોપાધ્યાય હાથીભાઇ શાસ્ત્રી હતા.

વળી ૧૧મી ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન રાજવી કવિ કલાપીની ભૂમિ લાઠીમાં ભરીને એ વિભૂતિને પણ ત્યારે સ્મરણાંજલિ આપેલી. તેના પ્રમુખ શ્રી કૃષ્ણલાલ ઝવેરી હતા ને કલાપ્રદર્શન સર પ્રભાશંકર પટણીએ ખુલ્લું મૂકેલું. અહીં તેના સ્મરણ તરીકે શ્રી રવિશંકર રાવળે ત્યારે કરેલા એ સંમેલનોમાંના કેટલાક અગ્રણીઓના સ્કેચ આપીએ છીએ. આજે એમાની એક પણ વ્યક્તિ હયાત નથી એ બીના શોચકારક છે; સાથેસાથે એ હકીકતને લીધે એમનું ત્યારનું દર્શન આ સ્કેચોને મહત્ત્વ અર્પે છે.



મથાળેથી ડાબી બાજુ ગણતાં ક્રમમાં: શ્રી નાનાલાલ મહેતા—પ્રમુખ લલિતકલા વિભાગ પ્રાચ્યવિદ્યા પરિષદ વડોદરા; સર પ્રભાશંકર પટણી જેમણે સાહિત્ય પરિષદનું કલાપ્રદર્શન ખુલ્લું મૂક્યું; શ્રી મનહરરામ મહેતા અને શ્રી માનશંકર પીતાંબરદાસ (સાહિત્ય પરિષદમાં); શ્રી વિશ્વનાથ વૈદ્ય ને શ્રી હાથીભાઇ શાસ્ત્રી—પ્રમુખો અનુક્રમે ગુજરાતી વિભાગ તથા પંડિત પરિષદ, સાતમી પ્રાચ્યવિદ્યા પરિષદ વડોદરા. (સ્કેચ : ર. મ. રાવળ)



એ ભાષામાં કામ ચાલતું. આથી રમાકાન્ત રાયે પુત્રને ફારસી ને અરબી ભાષાનું જ્ઞાન અપાવ્યું. રામમોહન નાનપણથી જ બુદ્ધિશાળી હતા, એટલે તે વખતના વિદ્યાધામ ગણાતા પટણા શહેરમાં તેને અભ્યાસ માટે મૂકવામાં આવ્યા. અહીં રામમોહને કુરાનનો અભ્યાસ કર્યો અને ફારસી તથા અરબી એ બન્ને ભાષાઓમાં સારી પ્રવીણતા મેળવી. ફારસી તત્ત્વજ્ઞાનની ગઝલોની તેમના ઉપર ખૂબ અસર થએલી. ત્યાર પછી ચૌદ વર્ષની ઉંમરે તેમને સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે હિંદુ સંસ્કૃતિના ધામ બનારસ મોકલવામાં આવ્યા. અહીં કોઈ પંડિતને ત્યાં રહીને તેમણે સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ મેળવ્યું. બે ત્રણ વરસે તે ઘેર આવ્યા, પણ હવે તે પહેલાંના રામમોહન રહ્યા નહોતા. ફારસી, અરબી, સંસ્કૃત એમ જુદી જુદી ભાષાઓનાં તત્ત્વજ્ઞાન જાણ્યા પછી તેમના વિચારોમાં ઘણું જ પરિવર્તન થઈ ગયું હતું. સ્થિતિચુસ્ત હિંદુ ધર્મની જડ અંધશ્રદ્ધા તેમનામાંથી ઊડી ગઇ. મૂર્તિપૂજા અને હિંદુ ધર્મની દુર્દશા તરફ તેમને ખૂબ અભાવ ઉત્પન્ન થયો. પિતાએ પુત્રને ધાર્મિક બનવાને બદલે અધર્મી બનેલો નિહાળ્યો. બન્ને વચ્ચે વાદવિવાદ થયા અને પરિણામે રામમોહનને ઘરમાંથી રૂખસદ મળી!

સામાજિક પુનઃરચના માટે એ વખતે દેશમાં ત્રણ સંસ્કૃતિનું તુમુલ યુદ્ધ જામ્યું હતું: હિંદુ, મુસ્લિમ અને પશ્ચિમની ખ્રિસ્તી સંસ્કૃતિ. આ ત્રણે સંસ્કૃતિના વિસંવાદી સૂરોમાંથી જ હિંદુસ્તાનનો ઉદય થવાનો હતો, નવભારતનું સર્જન થવાનું હતું. રામમોહન રાયે આ ત્રણે તત્ત્વોને પચાવ્યાં અને આજના હિંદની પ્રગતિનાં પગરણ તથા પ્રસ્થાન મંડાયાં.

પોતાની સત્ય માન્યતાને ખાતર એ ગૃહત્યાગ પણ રામમોહને સ્વીકાર્યો અને જુદા જુદા ધર્મ તથા રીતરિવાજોના અભ્યાસ અર્થે તેમણે પરિભ્રમણ શરૂ કર્યું. ફરતાફરતા તે તિબેટ પહોંચ્યા. બૌદ્ધ ધર્મનાં સત્યો તેમને સરળ લાગ્યાં પણ બૌદ્ધોના સ્થિતિચુસ્ત ધર્મગુરુ લામા ઉપર તેમણે ટીકા કરી. આથી ત્યાંના બૌદ્ધોનો કોપ તેમના ઉપર ઊતર્યો, અને પરિણામે તેમનું ખૂન થવાની તૈયારી હતી એવામાં કેટલીક સ્ત્રીઓને એ વાતની ખબર પડતાં તેમણે રામમોહનને નાસી જવાની સગવડ કરી આપી. રામમોહન રાય એ પ્રસંગ જિંદગી સુધી ભૂલ્યા નહિ. સ્ત્રીજાતિ તરફનો તેમનો પક્ષપાત એ પ્રસંગથી ખૂબ વધી ગયો અને હિંદમાં સ્ત્રીઓની દુર્દશા જોઈને તેમણે એ જાતિના ઉદ્ધાર અર્થે પોતાનું જીવન અર્પવાનો નિરધાર કર્યો.

રામમોહનમાં હવે જરૂર પરિવર્તન થયું હશે એમ માનીને પિતાએ તેમની શોધ કરાવી તેમને બોલાવી લીધા. પરંતુ હવે તો તેમના વિચારોમાં ફેરફાર થવો અશક્ય હતો. જે વિચારોનો તેમણે બુદ્ધિપૂર્વક સ્વીકાર કર્યો હતો તેમાંથી તેમને ડગાવવાની કોઈનામાં શક્તિ નહોતી. આથી ફરીથી રામમોહનને ઘર બહાર નીકળવું પડ્યું. પણ મહાપુરુષો વિઘ્નોથી કદી ડરતા નથી. તેમણે રસ્તાના ભિખારી થવાનું કબૂલ્યું, પણ નિષ્પ્રાણ ધર્મમાં શ્રદ્ધા મૂકવાની તો સાફ ના પાડી.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીના રેવન્યુ કલેક્ટરની ઑફિસમાં ઈ. ૧૭૯૬માં કારકુન તરીકે તેમણે નોકરીની શરૂઆત કરી. અહીં તેમને અંગ્રેજીના અભ્યાસનો શોખ થયો, અને એ.બી.સી.થી શરૂ કરીને ચડતાંચડતાં ટૂંક વખતમાં તો અંગ્રેજ અધિકારીઓ મારફત તેમણે બેકન, લૉક, હ્યૂમ, ગિબન વગેરે મહાન લેખકોનો અભ્યાસ કરી લીધો. નોકરીમાં પણ તે પોતાની બુદ્ધિમત્તાથી છેક શિરસ્તેદારના હોદ્દા સુધી પહોંચ્યા.

ઈ. સ. ૧૮૦૫માં રામગઢના કલેક્ટર જૉન ડગ્બી સાહેબના શિરસ્તેદારની જગ્યાનો તેમણે સ્વીકાર કર્યો, પણ તે એવી શરતે કે પોતાને સામાન્ય નોકર ગણવા નહિ, તેમજ મળવા જાય ત્યારે ખુરશી આપવી! ડગ્બી સાહેબ વિદ્વાનોનો સારો સત્કાર કરતા. રામમોહનની વિદ્વત્તાની તેમના પર સારી અસર પડી, તેની પાસેથી ધર્મોનો અભ્યાસ કર્યો ને તેમનું પૂરતું માન જાળવ્યું. ઉદરપોષણને માટે સ્વમાનનો ભંગ થવા દેનારાની કોઇ પણ જમાનામાં ખોટ નથી હોતી. પણ રામમોહન તો વિરલ પુરુષ હતા. એમને યશ અને સ્વમાન એ જ મુખ્ય ધન હતું. છતાં આર્થિક સ્થિતિ પણ તેમની ઘણી સારી હતી. ઈ. સ. ૧૮૦૩માં એમના પિતા ગુજરી ગયા પછી એમની બધી મિલ્કતનો વારસો મોટા પુત્ર જગમોહન રાયને મળ્યો હતો, પરંતુ ઈ. ૧૮૧૧માં તે પણ ગુજરી ગયા અને પિતાની બધી મિલ્કત રામમોહન રાયને મળી. કેટલાંક વર્ષ સુધી ન્યાયાધીશ તરીકે પણ તેમણે કાર્ય કર્યું હતું. પણ અંતે, ધર્મવિચારના પોતાના ધ્યેયમાં નોકરી અને જગતની ખટપટ અંતરાયરૂપ લાગતાં ઈ. ૧૮૧૪માં તેમણે સરકારી નોકરીનો ત્યાગ કર્યો. આ જ સાલમાં કલકત્તામાં તેમણે ધર્મ ઉપર સ્વતંત્ર વિવેચના કરવા સારુ તથા નીડર ધર્મવિચારોનો ફેલાવો કરવા માટે 'આત્મીય સભા' સ્થાપી. ત્યાર પછી બ્રાહ્મેનિકલ મૅગેઝીન નામનું માસિક અને યુનિટેરિયન છાપખાનું કાઢ્યાં.

આ પછી કેટલોક સમય તેમણે જુદાજુદા ધર્મોનાં પુસ્તકોના અભ્યાસ પાછળ ગાળ્યો. સત્ય ધર્મનું પાલન અને સત્ય ધર્મયુક્ત આચરણનો ઉપદેશ તેમને બધા જ ધર્મોમાં દેખાયો અને એકેશ્વરવાદમાં તેમની માન્યતા દૃઢ થઇ. હિંદુઓનાં જ્ઞાતિબંધારણ તોડી નાખીને તેમનામાં સંપ, શાન્તિ, સત્તા, શૌર્ય અને શક્તિ લાવે એવો ધર્મ સ્થાપવાની તેમને મહત્ત્વાકાંક્ષા હતી, અને તે પાર પાડવા ઈ. સ. ૧૮૨૮માં તેમણે બ્રાહ્મોસમાજની સ્થાપના કરી. ઉપનિષદો તથા વેદાંતનાં પુસ્તકોનાં અંગ્રેજી ભાષાંતરો તેમણે પ્રસિદ્ધ કર્યાં. જૂના વિચારોના પંડિતોએ તેમના આ કૃત્યને પાપી ગણ્યું અને તેમના ઉપર નિંદાનો વરસાદ વરસાવ્યો. પણ તેમને તો જે સત્ય લાગે તેનો પ્રચાર કરવા માટે નિંદા કે અપમાનની પરવા નહોતી. ખ્રિસ્તી ધર્મનાં નીતિસૂત્રો તે વખાણતા, પરંતુ બુદ્ધિને અગમ્ય એવા ચમત્કારો અને ખ્રિસ્તી ધર્મના ત્રયવાદનું તેમણે ખંડન કર્યું. હિંદુ ધર્મને જંગલી કહેનારા ખ્રિસ્તીઓ તેમના આ વર્તનથી ઉશ્કેરાયા અને વાદવિવાદ કરવા લાગ્યા, પરંતુ રામમોહન રાયે શાંતિથી બધા પ્રશ્નોના જવાબ આપી હિંદુ ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરી આપી. ખ્રિસ્તીઓ ચૂપ થઇ ગયા એટલું જ નહિ, પણ તેમાંના કેટલાકે તો એમના મતનો સ્વીકાર કર્યો!

લોકસુધારણા માટે અંગ્રેજી શિક્ષણની આવશ્યકતા જોનાર પણ રામમોહન રાય જ સૌથી પહેલા હતા. પશ્ચિમની વ્યવહારકુશળતા અને હિંદના તત્ત્વજ્ઞાનનો સંયોગ જોવાની તેમની ઉત્કટ ઇચ્છા હતી. હિંદીઓએ જીવનમાં હિંદી જ રહેવું જોઇએ એવો એમનો ઉપદેશ હતો. પશ્ચિમનું જે કંઈ સારું હોય તેને હિંદી સ્વરૂપ આપીને તેનો સ્વીકાર કરવાનું તે કહેતા. આમ અંગ્રેજી કેળવણીનાં દ્વાર તેમણે ખોલ્યાં. તેમણે વાવેલાં કેળવણીનાં બીજમાંથી જ રાષ્ટ્રીયતા અને સ્વદેશીનો જન્મ થયો. છાપખાનાં ને વર્તમાનપત્રોની શરૂઆત પણ તેમણે જ કરી.

બંગાળી સાહિત્યમાં ગદ્યલેખન શરૂ કરવાનો જશ પણ તેમને છે. વિદ્વત્તાભરેલી ભાષામાં લખવું ત્યજીને સાદી, સરલ અને લોકો સમજી શકે તેવી ભાષામાં લખવાનું તેમણે શરૂ કર્યું, રાષ્ટ્રીય સાહિત્યનો પુનરુદ્ધાર કર્યો તથા વ્યાકરણ અને ભૂગોળનાં પુસ્તકો પણ લખ્યાં.

૧૮૩૫માં જ્યારે છાપખાનાની સ્વતંત્રતા છીનવી લેવા 'પ્રેસ ઍક્ટ' પસાર થયો ત્યારે તેઓ તે સામે સુપ્રીમ કોર્ટ સુધી લડયા અને છેક પાર્લમેન્ટ તથા રાજાઓ સુધી અપીલો કરી તેમાં ઉદાર ફેરફારો કરાવ્યા. છાપાંઓમાં તેમણે વિવેચન કર્યાં છે એટલું જ ફક્ત નહિ, પણ દેશના નાગરિકોને જ્ઞાન અને સંસ્કાર પૂરાં પાડ્યાં છે. તેઓ 'કૌમુદી' અને 'મીરત-ઉલ-અખબાર' નામનાં પત્રો પણ ચલાવતા હતા.

રામમોહન રાયનું ત્રીજું મહાન કાર્ય તે ધર્મને નામે થતી માનવહત્યા અટકાવવાનું હતું. એ વખતે સ્ત્રીની મરજી વિરુદ્ધ તેને પતિની પાછળ ચિતામાં બાળી મૂકવામાં હિંદુઓ ધાર્મિક ક્રિયા જોતા હતા. અગ્નિથી દાઝતાં ચિતામાંથી બહાર દોડી આવતી સ્ત્રીઓને વાંસડાથી ધકેલી દેનારા એ ધાર્મિકોની સામે બંડ ઉઠાવી રામમોહનરાયે તેમના તરફથી નાસ્તિકનો ખિતાબ મેળવ્યો, એટલું જ નહિ પણ ગાળો તથા અપમાન પણ સ્વીકાર્યાં. આખા સમાજની વિરુદ્ધ એએકલે હાથે ઝૂઝ્યા. વિરોધીઓએ આપેલી ખૂનની ધમકીથી પણ ન ડરતાં શાસ્ત્રોનો આધાર આપી તેમણે સતીના રિવાજને ખૂની રિવાજ તરીકે ધુત્કારી કાઢ્યો, ને ગવર્નર જનરલ લૉર્ડ બેન્ટિકની મદદથી જીવને જોખમે સતીની બંધીનો કાયદો પસાર કરાવ્યો.

સતીના કાયદા વિરુદ્ધ લોકોનો ખળભળાટ હજી ચાલુ જ હતો, અને કદાચ પાર્લમેન્ટમાં એ કાયદો રદ થાય એવો સંભવ હતો. આ માટે રામમોહન રાયને વિલાયત જવાનો વિચાર હતો. એવામાં દિલ્હીના બાદશાહને કંપની સાથે તકરાર થતાં તેણે પાર્લમેન્ટમાં પોતાના હક્કોનું પ્રતિપાદન કરવા માટે રાજાનો ખિતાબ આપીને ઈ. સ. ૧૮૩૦માં તેમને વિલાયત મોકલ્યા. ત્યાં રામમોહન રાયના મનોરથો સફળ થયા અને ઈ. સ. ૧૮૩૩માં સતીનો નિર્દય રિવાજ હમેશને માટે બંધ કરવામાં આવ્યો. આજ વખતે કંપનીને નવી સનદ મળી અને તેમાં હિંદીઓને પણ નવા હક્કો મળ્યા.

મ્લેચ્છોના દેશમાં જનાર એ હિંદુનો સર્વત્ર તિરસ્કાર થઈ રહ્યો. જૂના વિચારના બ્રાહ્મણોએ તેને અનેક શાપ આપ્યા. પોતાના દેશમાં રામમોહન રાયનો આવી રીતે તિરસ્કાર થઈ રહ્યો હતો ત્યારે વિલાયતમાં આ હિંદુ પંડિતને જોવા ને સાંભળવા લોકોની ઠઠ જામતી હતી! ઇંગ્લંડનો રાજા સુદ્ધાં તેમને આમંત્રણ આપતો.

પણ લંડનનો આ બધો શ્રમ જીવલેણ નીવડ્યો અને ઈ.સ. ૧૮૩૩ના સપ્ટેમ્બર માસની ૨૭મી તારીખે બ્રિસ્ટલમાં આ નરરત્નનું અવસાન થયું. ઇંગ્લંડમાં ભિન્નભિન્ન દેવળોમાં એમને માટે પ્રાર્થના કરવામાં આવી. વર્તમાનપત્રોએ દુઃખદર્શક લેખો પ્રસિદ્ધ કર્યા વિદેશમાં એમની આવી પ્રતિષ્ઠા હતી. ત્યારે એમના અવસાનથી આ રંક દેશને કેટલો ગેરલાભ થયો છે તેનું આપણને ભાન પણ નહોતું.


'જો મારું મરણ થાય તો મારો મરણસંસ્કાર ખ્રિસ્તી વિધિ પ્રમાણે ન કરતાં એક સ્વતંત્ર સ્થાન લઈ ત્યાં મારો અંત્યવિધિ કરવો' એમ તેમણે મિત્રોને કહી રાખ્યું હતું. તેમની ઇચ્છા મુજબ એ વિધિ કરવામાં આવ્યો. તેમના મિત્ર બાબુ દ્વારકાનાથ ઠાકોરે (કવિવર રવીન્દ્રનાથના વડવા) વિલાયત જઈને આર્નોઝ વેલ નામના સ્થળે એમના શબને ભૂમિદાહ કરી તેના ઉપર એક સુંદર સમાધિમંદિર બંધાવ્યું. ગયા સપ્ટેમ્બર માસમાં એમના અવસાનને સો વર્ષ (આજે સવાસો વર્ષ) પૂરાં થયાં.

અંકજંત્ર-રચનાની રસપૂર્ણ માળાનો વધુ એક હપતો એ અંકમાં હતો તે તો ઉતારીએ: ' ૪×૨=૮; ૬×૨=૧૨; ૮×૨=૧૬ એ પ્રમાણે બેકી સંખ્યાને બમણા કરવાથી આવતી બેકી સખ્યાને 'બેવડી બેકી સંખ્યા' કહે છે.


'એકવડી બેકી સંખ્યા'ના અંકજંત્રમાં ચોરસના ચાર સરખા ભાગ કરવાથી થતા પ્રત્યેક વિભાગની રચના એક વર્ગસંખ્યાના જંત્રની રીત પ્રમાણે કરવી એમ આપણે અગાઉ જોયું છે. તે જ પ્રમાણે 'બેવડી બેકી સંખ્યા'ના અંકજંત્રમાં ચોરસના ચાર સરખા ભાગ તો કરવા; પણ પછી તેવા પ્રત્યેક વિભાગના પણ ચાર સરખા પ્રવિભાગ કરવા. આથી આખા ચોરસના એકંદર સોળ પ્રવિભાગ થશે. ગયા વર્ષમાં આ લેખમાળાના ચોથા તથા પાંચમા હપ્તામાં ૧૬ના જંત્રની જે ત્રણ રીતો બતાવેલી છે તે પ્રમાણે આ સોળ પ્રવિભાગોમાં આવેલી સંખ્યાઓના સમૂહોનું સ્થાનાંતર કરવાથી આ અંકજંત્ર તૈયાર થશે. આ નિયમ પ્રમાણે આઠનો જંત્ર ત્રણ રીતે આ નીચે તૈયાર કરી આપેલો છે.

ગયા વર્ષમાં બતાવ્યા પ્રમાણે આકૃતિ-૧-માંના અંકોનો અદલોબદલો કરવાથી આકૃતિ ૨ માં બતાવેલી રચના થશે. ફેર એટલો કે તેમાં એકેક અંકનું એક એવાં સોળ ખાનાં છે, જ્યારે આમાં એકને બદલે ચારચાર અંકનાં ચાર ખાનાંનો એક એવા સોળ પ્રવિભાગોને ફેરવવાના છે. આકૃતિ ૧માં મથાળાના વચલા કાળી લીટીના ચોકઠામાંની બે હારો ઉલટાઇને નીચેના ચોકઠામાંની તેવી જ બે હારોને બદલે ગોઠવાશે અને એ જ રીતે નીચલી ઉપર જશે. એ પ્રમાણે પડખાંની હારોનો પણ ફેરબદલો થશે એટલે આકૃતિ ૨ મુજબનો જંત્ર તૈયાર થશે.

બીજી પદ્ધતિ આકૃતિ-૩ની ઢબે કરવાની છે. સિદ્ધાન્ત તો પેલો જ: એમાં બતાવેલા એકએક અંકને બદલે આપણે ચારચાર અંકના પ્રવિભાગને અકેકો ઘટક ગણીને ફેરવવાનો. આ ઢબે આકૃતિ-૧ માંના અંકો ફેરવવાથી આકૃતિ-૪માં બતાવ્યા મુજબનો જંત્ર તૈયાર થશે.



આકૃતિ ૩



આકૃતિ ૫

ત્રીજી પદ્ધતિની ઢબ આ સાથે આપેલી આકૃતિ-૫માં આલેખેલી છે. એ રીતે પ્રત્યેક પ્રવિભાગને એકેક અંક ગણીને આકૃતિ-૧માંના અંકો ફેરવવાથી આકૃતિ-૬ મુજબનો ત્રીજી ઢબનો જંત્ર તૈયાર થશે. —મોહનલાલ પંચોળી

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪

આકૃતિ-૧

૧	૨	૬૨	૬૧	૬૦	૫૯	૭	૮
૯	૧૦	૫૪	૫૩	૫૨	૫૧	૧૫	૧૬
૪૮	૧૭	૧૯	૨૦	૨૧	૨૨	૪૨	૪૧
૪૦	૩૯	૨૭	૨૮	૨૯	૩૦	૩૪	૩૩
૩૨	૩૧	૩૫	૩૬	૩૭	૩૮	૨૬	૨૫
૨૪	૨૩	૪૩	૪૪	૪૫	૪૬	૧૮	૧૭
૪૯	૫૦	૧૪	૧૩	૧૨	૧૧	૫૫	૫૬
૫૭	૫૮	૬	૫	૪	૩	૬૩	૬૪

આકૃતિ-૨

૬૪	૬૩	૩	૪	૫	૬	૫૮	૫૭
૫૬	૫૫	૧૧	૧૨	૧૩	૧૪	૫૦	૪૯
૧૭	૧૮	૪૬	૪૫	૪૪	૪૩	૨૩	૨૪
૨૫	૨૬	૩૮	૩૭	૩૬	૩૫	૩૧	૩૨
૩૩	૩૪	૩૦	૨૯	૨૮	૨૭	૩૯	૪૦
૪૧	૪૨	૨૨	૨૧	૨૦	૧૯	૪૭	૪૮
૧૬	૧૫	૫૧	૫૨	૫૩	૫૪	૧૦	૯
૮	૭	૫૯	૬૦	૬૧	૬૨	૨	૧

આકૃતિ-૪

૪૬	૪૫	૧૭	૧૮	૨૩	૨૪	૪૪	૪૩
૩૮	૩૭	૨૫	૨૬	૩૧	૩૨	૩૬	૩૫
૩	૪	૬૪	૬૪	૫૮	૫૭	૫	૬
૧૧	૧૨	૫૬	૫૫	૫૦	૪૯	૧૩	૧૪
૫૧	૫૨	૧૬	૧૫	૧૦	૯	૫૩	૫૪
૫૯	૬૦	૮	૭	૨	૧	૬૧	૬૨
૩૦	૨૯	૩૩	૩૪	૩૯	૪૦	૨૮	૨૭
૨૨	૨૧	૪૧	૪૨	૪૭	૪૮	૨૦	૧૯

આકૃતિ-૬

સાહિત્યસંપર્ક

એક માળાનાં ત્રણ પંખી (ભાગ ૧-૨): ગુજરાતી વાર્તાસાહિત્યને ક્ષેત્રે શ્રી ચુનીલાલ વર્ધમાન શાહની સેવા આધુનિક વાર્તાસાહિત્યના પ્રભાત જૂની જાણીતી છે. વાર્તાકલાનાં સમતલ તત્ત્વોને તટસ્થતાથી ખીલવતી તેમની કલમ વર્તમાન સમાજ-પ્રશ્નોને તેમનાથી વિમુખ થયા વિના હૂબહૂ રજૂ કરે છે અને તેના ઉકેલને યે નિરૂપે છે.

'ગુજરાત સમાચાર'માં સાપ્તાહિક ચાલુ કથા તરીકે પ્રસિદ્ધ થએલી પ્રસ્તુત વાર્તા એ તેમનું સમયાનુક્રમે છેલ્લું વાર્તા-પ્રકાશન છે. 'સંસ્કૃતિની કટોકટી' નામના તેના આમુખમાં તેમણે આ વાર્તાનો સામાજિક હેતુ જણાવતાં લખ્યું છે તેમ, બે વર્ષ પૂર્વે પોતાની નવલકથા 'સંધિકાળ'નું લાક્ષણિક દર્શન કરાવવાનો યત્ન કર્યા પછી એ જ કાળનું વિશિષ્ટ દર્શન આમાં વ્યક્ત કર્યું છે: "આ ગાંધીયુગમાં પણ જીવનચર્યામાં આદર્શ અને આચરણ વચ્ચેનું અંતર ઘટવાને બદલે વધતું લાગે છે અને દેશની જનતા નવયુગના ઉચ્છ્વાસો લઈ રહી છે ત્યારે પણ પ્રકૃતિભેદે તેમાં ભંગલા પાડી નાખ્યા છે. કોઈ કોઈને સમદૃષ્ટિએ જોઈ-સમજી શકતા નથી અને સ્થૂળ પ્રતિની દૃષ્ટિ દેશને વેગપૂર્વક પતનપરાયણ બનાવતી જાય છે." આજના સંધિકાળે વધુ વેગીલી બની રહેલી સંસ્કૃતિની આ કટોકટીનો ખયાલ એમની સ્વસ્થ ને સચોટ કલમે 'આ કથાનાં ત્રિગુણાત્મક ત્રણ પાત્રો તથા તેનાં આપ્તવર્તુળો દ્વારા' આપ્યો છે, અને આશા રાખી છે કે 'એ વર્તુળોમાંનાં ગણ્યાં ગાંઠ્યાં વિચારશીલ તથા પ્રૌઢ પાત્રો વિવેકદૃષ્ટિનાં દ્વાર ઉઘાડનારાં બનશે તો આ પ્રયત્નને સફળ સમજીશ.' અને અમને લાગે છે કે એ સફળ થશે જ; કેમકે નાનાવિધ પાત્રોને તથા તેમની પરિસ્થિતિને સફળતાથી સર્જવા ને વિકસાવવામાં જરૂરી જીવનાવલોકનની તથા કલાનૈપુણ્યની પ્રૌઢિ એમને હસ્તામલકવત્ છે.

આજની એ કટોકટીના સાક્ષી અને આ સમાજને વિષે જેને દાઝ છે એવા સૌને આ નવલકથા વાંચવાની (ને વસાવવાની પણ) અમારી ભલામણ છે; કેમકે શ્રી ચુનીભાઈની સર્વે નવલો આખા કુટુંબને માટે ઉપકારક હોય છે—આ તો 'વિવેકદૃષ્ટિનાં દ્વાર ઉઘાડવા માટે' ખ.સ. પ્રકાશક, ગાંડીવ સાહિત્યમંદિર, હવાડિયો ચકલો, સૂરત; કિંમત: પહેલા ભાગની રૂ. ૩-૭૫, બીજા ભાગની રૂ. ૪-૨૫. કુલ પૃ. ૪૬૫.

શૂન્યશેષ: યુવાન, અને હવે તો પ્રકીર્તિત નાટ્યકાર શ્રી ચુનીલાલ મડિયાનું ત્રિઅંકી નાટક, પ્રકાશક: આર. આર. શેઠની કંપની, કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, રૂા. ૨-૫૦; **કાળજાં કોરાણાં:** વિવિધ ભાષાઓમાંથી અનુવાદિત કે રૂપાંતરિત કરેલી એ જ પ્રસિદ્ધ લેખકની ૧૮ ટૂંકી વાર્તાઓ, પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ-૧, ૪-૦૦; **અંતે તો તમારી જ:** નાટ્યવિદ્યાના તજ્જ્ઞ અને રંગભૂમિના સક્રિય કાર્યકર્તા—નટ શ્રી મધુકર રાંદેરિયાનું ત્રિઅંકી નાટક, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, ૧-૫૦; **અનન્તને આરે:** હેનરિક ઈબ્સના, ઉચ્ચ કલાગુણ અને વ્યાપક તથા સૂક્ષ્મ સંદર્ભધ્વનિ ધરાવતા નાટક 'ધ માસ્ટર બિલ્ડર'નું શ્રી મધુકર રાંદેરિયાએ ત્રિઅંકી નાટક રૂપે કરેલું રૂપાંતર, પ્રકાશક: દે. ના. કલ્ચરલ સર્કલ, દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ, ૧૭ એ હૉર્નિમૅન સર્કલ, મુંબઈ-૧, ૧-૦૦; **એક લહર:** ધીરુબહેન પટેલની, વ્યક્તિ-માનસ અને કસોટીની પળે થતો માનવતાનો આવિષ્કાર નિરૂપવાની વિશિષ્ટતાયુત વાર્તાઓ, એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઈ ૨ રૂ. ૩-૦૦.

શ્રીનંદા: 'શ્રીરંગ', 'ગુજરાત સમાચાર' તથા 'લોકનાદ' પત્રોમાં આવેલાં, જાણીતા લેખક શ્રી યશોધર મહેતાનાં, તેમની આગવી શૈલીથી લખાએલાં જુદાંજુદાં શહેરો-સ્થળોની, સંસ્કૃતિ ધર્મ સમાજ રાજ્ય આચાર વગેરે વિષે પડેલી તેમના મન પરની છાપનાં વર્ણન, પ્રકાશક: ધી અમદાવાદ કંપની, શાહીબાગ, અમદાવાદ-૪, ૨-૫૦; **પડઘા ડૂબી ગયા:** 'કુમાર'ના પરિચિત નવલિકાકાર શ્રી ચન્દ્રકાન્ત બક્ષીની પહેલી નવલકથા, પ્રકાશક: સ્વાતિ પ્રકાશન, ૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૩, ૪-૦૦; **સગી આંખે:** સમાજજીવનનાં જુદાંજુદાં ચિત્રો ઉપસાવતી શ્રી ભાનુભાઈ શુક્લની વાર્તાઓ, પ્રાપ્તિસ્થાન: 'સમય' કાર્યાલય, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર), અને ભારતી સાહિત્ય સંઘ પ્રાઇવેટ લિમિટેડ, ગાંધી માર્ગ, અમદાવાદ, રૂ. ૨-૫૦; **કંકુનાં પગલાં:** નવા વાર્તાકાર શ્રી છોટુભાઈ પટેલ-

શબ્દકથા : કુમાર - સુકુમાર

શબ્દોના ઇતિહાસમાં કેટલીક વાર એવું બને છે કે મૂળ એક શબ્દ હોય, તે સહેજ કે વધુ જુદા એવા બે અર્થમાં વપરાતો હોય અને પરિણામે એ એક જ શબ્દમાંથી તેના જુદાજુદા અર્થનાં વાચક બે જુદાંજુદાં રૂપો વિકસે. સંસ્કૃત 'કુમાર' શબ્દનો વિકાસ આનું સારું ઉદાહરણ છે. 'કુમાર' (સ્ત્રી૰ 'કુમારી' 'કુમારિકા')ના મુખ્ય અર્થ બે: (૧) પુત્ર, છોકરો, રાજપુત્ર, (૨) કિશોર, તરુણ, અપરિણીત. એ અનુસાર ગુજરાતીમાં 'કુમાર' બે રૂપે ઊતરી આવ્યો છે: (૧) 'કુંવર' (સ્ત્રી૰ 'કુંવરી') અને (૨) 'કુંવારો' (સ્ત્રી૰ 'કુંવારી', 'કુંવારકા'). સંસ્કૃતમાં 'કુમાર'ના બે વિશિષ્ટ અર્થ પણ છે: કુમાર—કાર્તિકેય (તે ચિરકુમાર હતા); ને 'કુમારી' એક ઔષધીય વનસ્પતિ. સ્કંદ(કાર્તિકેય)ની પૂજા લુપ્ત થવે પડેલો અર્થ ગુજરાતી રૂપાંતરોમાં નથી જળવાયો, પણ બીજા અર્થમાં 'કુંવાર' શબ્દ મળ્યો છે: જે છોડના પ ઠામાંથી એળિયો બને છે તે 'કુંવાર'.

પણ 'કુમાર-કુમારી' બીજા યે ભાતભાતના વેશમાં આપણી આગળ હરેફરે છે. વિશેષ નામોમાં 'કુમાર' મુખ્ય અંશ તરીકે કે નામાંત તરીકે વપરાતો રહ્યો છે. 'કુંવરજી', 'કુરજી' ને 'કુંવરબાઈ'માં એ મુખ્ય અંશ રૂપે છે, તો 'અમૃતકુંવર', 'આનંદકુંવર' 'પ્રેમકુંવર' વગેરે મધ્યકાળ પછી પ્રચલિત થએલાં નામોમાં તે અંતે આવે છે. પછીથી 'કુંવર'નું 'કોર' થઈ જાય છે. જેમ કે 'પ્રાણકોર', 'પ્રેમકોર', 'હરકોર'. ગોહિલવાડના રહેવાસીઓએ એથી પણ આગળ વધીને 'કુર' કરી નાખ્યું છે: 'પ્રાણકુર', 'વીજકુર', 'દેવકુર', 'જેકુર'. ક્યાં 'વિદ્યુતકુમારી' ને ક્યાં તેના ઠઠ્ઠાચિત્ર જેવું 'વીજકુર'! તો કે શુદ્ધ સંસ્કૃત નામો પ્રચારમાં આવતાં આપણને 'કુમારભાઈ', 'શિવકુમાર', 'વિષ્ણુકુમાર', 'અશોકકુમાર', 'પાર્વતીકુમાર' ને 'મીનાકુમારી'માં 'કુમાર'-'કુમારી' મૂળ રૂપમાં ફરી મળ્યાં. હવે તો એ પણ અદૃશ્ય થવા માંડ્યાં! નામાંત તરીકે 'કુમાર' 'કુમારી'ના દિવસો ગણાઈ ગયા કહેવાય.

'કુમાર' ઉપરથી સધાએલો સંસ્કૃત 'સુકુમાર' ગુજરાતીમાં 'સુંવાળું' રૂપે મળે છે. તેનું વચલું પ્રાકૃત રૂપ હતું 'સુઉમાલ', 'સૂમાલ'; તેમાંથી થયું 'સુંવાળું'. અર્થની છાયા થોડીક ફરી ગઈ છે. 'સુકુમાર'નો વિરુદ્ધ શબ્દ છે 'કર્કશ', 'કઠોર'. 'સુંવાળું'નો વિરુદ્ધ શબ્દ 'ખરબચડું'. પણ લાક્ષણિક અર્થમાં ('સુંવાળો સ્વભાવ', 'સુંવાળી ચામડી', 'સુંવાળપમાં ઉછરેલો') મૂળનો ભાવ જોવા મળે છે. 'સુંવાળી' એ પૂરી જેવી એક વાનીનું નામ પણ છે. મધ્યકાળમાં તેને માટે 'સુકુમારિકા' શબ્દ મળે છે. ખાતાં સ્વાદ રહી જાય એવી એ હશે એમ, સ્વાદ લેવાની તક ન મળે ત્યાં સુધી, કલ્પના કરીને જ સંતોષ માનવો પડે છે.

—હરિવલ્લભ ભાયાણી

ની સમાજજીવનને સ્પર્શતી વાર્તાઓ, પ્રકાશક: લોકબંધુ સહકારી પ્રકાશન લિમિટેડ, સંતરામ ટાવર પાસે, નડિયાદ ૩–૦૦; **ધરતીનું સૌંદર્ય**: ભારતની આઝાદી પછીનાં સમયની દેશભક્તિની ભૂમિકા પર પ્રા. પ્રબોધ મહેતાએ લખેલી વાર્તા, સ્મૃતિ સાહિત્ય મંદિર, ઊમરગોઠણ–વિરાર (મુંબાઇ), ૩–૫૦.

વનવગડાની વનસ્પતિ (ભાગ ૧ ને ૨): વનસ્પતિવિજ્ઞાન આપણે ત્યાં ઓછું લખાયું છે. વનવગડાની વનસ્પતિની જરૂરી માહિતીનો આ સુગમ પરિચય બાળકો-પ્રૌઢો તથા જિજ્ઞાસુઓને તે ક્ષેત્રમાં રસ લેતા કરી શકે એવા આત્રકાર્ય લક્ષણવાળો છે. આ જ લેખકનાં અગાઉનાં પ્રકાશનો 'આંગણાંની' અને 'પાદરની' વનસ્પતિની પેઠે 'વનવગડાની વનસ્પતિ'ના આ પ્રકાશનથી હવે વનસ્પતિસૃષ્ટિનો બહોળો પરિચય સહુ જિજ્ઞાસુઓને થઈ રહેશે. લેખક: શ્રી મનુભાઈ જોધાણી, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કિંમત: બંનેનો એકેક રૂપિયો. **ભાજીપાલો અને મરીમસાલો**: ખાનપાનના પદાર્થોનો વૈદક-દૃષ્ટિએ ઉપયોગી, વિગતપ્રચુર અને મૂલ્યવાન સૂચનો સહિત પરિચય, લેખક-પ્રકાશક વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર, કાલબાદેવી, મુંબાઈ-૨, રૂ. ૧.

બાલકેન્દ્રી કેળવણી: તાલીમ લેતા શિક્ષકોને માર્ગદર્શન રૂપે શ્રી પુરુષોત્તમ છગનલાલ શાહે લખેલું પુસ્તક ચાર ખંડોમાં: (૧) જગતના મહાન કેળવણીકારોનો પરિચય, (૨) શિક્ષણની પંચપદી યોજના, (૩) જુદાજુદા વિષયોના પાઠોની આયોજના, અને (૪) જુદાજુદા વિષયોના પાઠોની નોંધ, શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીના 'આમુખ' સાથે, પ્રકાશક: સ્ટુડન્ટસ પબ્લિશિંગ હાઉસ, ૧૨૪ બદરિકાશ્રમ, મુંબાઈ-૪, રૂ. ૪.

The New Class: સામ્યવાદના આંતરરાષ્ટ્ર-ખ્યાત અનુભવી નિરીક્ષક મિ. મિલોવાન જિલાસની સામ્યવાદ વિષેની તટસ્થ સમાલોચના, પ્રાપ્તિસ્થાન: Office for Asian Affairs, Congress for Cultural Freedom, 5 Hailey Road, New Delhi-1, કિંમત છાપી નથી; **અલ્લાહના બંદાઓ** (ભાગ ૧લો): ઈસ્લામના પયગંબર સાહેબ અને કેટલાક ખલીફાઓ તથા ઓલિયા–ફકીરોના, શ્રી 'અંજુમ' વાલોડીએ હૃદયસ્પર્શી સરળ શૈલીમાં લખેલા પ્રેરક જીવનપ્રસંગો; પ્રકાશક: રૂપાયતન પ્રકાશન, જૂનાગઢ, ૦–૩૭; **ગાંધીજીની ઉત્તરજીવનકથા**: ગાંધીજીના મરણોત્તર જીવનનું લેખક શ્રી ત્રિભુવનદાસ ફકીરચંદ પાનવાલાએ કરેલું દિવ્યસ્વપ્રદર્શન, પ્રાપ્તિસ્થાન: અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ, ૩ ૫૦.

શ્રી જેઠાલાલ નારાયણ ત્રિવેદી વનપ્રવેશ સન્માન ગ્રંથ: એ જાણીતા કવિ અને સાહિત્યસેવકના તાજેતરમાં ઊજવાએલા વનપ્રવેશ ઉત્સવને ઉપલક્ષીને બહાર પાડવામાં આવેલો ગ્રંથ: તેમનાં જીવનકવનની અનેકવિધ માહિતીઓ આપતા, આપ્તજનો અને પરિચિત સાહિત્યકારોના લેખો, તેમને અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તરફથી સાંપડેલી શુભ ભાવનાઓ, ફોટો-પ્લેટો વગેરે સાથે, સંપાદકો: સર્વશ્રી કનૈયાલાલ જોશી, કાન્તિલાલ છ. પરીખ, લક્ષ્મીશંકર આચાર્ય, અને બકુલ જોષીપુરા, પ્રકાશક: શ્રી ડાહ્યાભાઇ સોમનાથ શુકલ, ૨૮૩૦ પીપરડીની પોળ, અમદાવાદ; કિંમત છાપી નથી.

જીવન-પ્રયાગ: અમદાવાદના અગ્રણી ઉદ્યોગપતિ શેઠશ્રી હરિદાસ અચરતલાલના ૭૫મા વર્ષમાં પદ-પ્રદાન પ્રસંગનો હીરક ગ્રંથ, ત્રણ ખંડોમાં: (૧) જીવનગંગા–શેઠશ્રીનો જીવનપરિચય, (૨) જીવનસરસ્વતી–તેમનાં વ્યાખ્યાનોની વિચારકકંડિકાઓ, (૩) જીવનયમુના–હીરક મહોત્સવ પ્રસંગની શુભ ભાવનાઓ; લેખક: શ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, સંગ્રાહક: શ્રી ગજાનન વિ. જોષી, કિંમત છાપી નથી.

વૃદ્ધાવસ્થા અને બ્લડપ્રેશર: એ વિષય પર 'જન્મભૂમિ અને પ્રવાસી'ના 'શરીર અને સ્વાસ્થ્ય' વિભાગમાં પ્રકટ થયેલા વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ 'ચિકિત્સક'ના લેખોનો સંગ્રહ. પ્રકાશક: ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લિમિટેડ, ગોખલે રોડ, મુંબાઈ ૨૮, ૦–૫૦; **માટી અને આરોગ્ય**: ડૉ. મણિભાઈ ભા. અમીનના તે લેખ ઉપરાંત આરોગ્ય વિષેના ગાંધીજીના અને જીવનનીતિ વિષે વધુ બે લખાણોની ઉપયોગી સામગ્રી, સંગ્રાહક તથા પ્રકાશક: શ્રી છોટાલાલ ત્રિભોવનદાસ શાહ, ભાવનગર સેવા મંડળનું દવાખાનું, મહેતા શેરીને નાકે, ભાવનગર; કિ. માત્ર પાંચ નયા પૈસા.

દાંતનો સડો (અનુસંધાન પૃ. ૧૮થી)

પડ્યા વિના રહેતો નથી. જે દાંતને બાંધતાં કુદરતને અઢી વર્ષ લાગે છે તેને બીચારાને અવાળુની બહાર આવતાં વેંત જ સડો લાગુ પડે છે. આ અટકાવવા દાંતને સડો લાગુ પડે કે તરત તેની સારવાર હિતાવહ છે.


દાંતના જુદાજુદા રોગો તો ત્રેવીસ જાતના છે, પણ એમાં બે મુખ્ય છે: (૧) દાંતનો સડો અને (૨) પાયોરિયા. દેશદેશના લોકોને એ પીડે છે, પણ જાણીને નવાઈ લાગશે કે સુધરેલા દેશોમાં એનું પ્રમાણ અધિક છે! દાંતના સડાનાં મુખ્ય કારણો બે છે: કાં તો દાંત પહેલેથી જ પૂરા મજબૂત તથા સંપૂર્ણ રચાએલા ન હોય; અથવા તો પછી તેમની ચોખ્ખાઇ જળવાતી ન હોય. મોટા ભાગે તો બે રીતે દાંતનો સડો લાગુ પડે છે: દાંતની ચાવવાની સપાટીના ખાડાખૈયામાં એનૅમલ બરાબર ન હોવાથી ત્યાં સડો શરૂ થાય છે; કાં તો દાંતની રચનામાં ચૂનો ફૉસ્ફરસ વગેરેની ને ખોરાકમાં વિટામિન 'ડી'ની અછત હોય તેથી દાંત મજબૂત ન હોવાના લીધે સડો વહેલો લાગુ પડે છે.

સુધરેલા દેશોમાં દાંતના સડાનું પ્રમાણ અધિક રહેવાનું કારણ ખોરાકમાં ખાંડનું વધુપડતું પ્રમાણ છે. આદિવાસી પ્રજાઓમાં આ રોગનું પ્રમાણ જૂજ રહે છે, કારણ કે એમના ખોરાકમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થોનું પ્રમાણ થોડું છે. બાળકોમાં સડો વધારે હોવાનું કારણ એમને વધારેપડતું ગળ્યું ખાવાની ટેવ છે. ખાંડ કે ગોળના પદાર્થો લાંબા વખત સુધી દાંત ઉપર ચોંટી રહે છે. થૂંક પણ એમને જલદીથી સાફ કરી શકતું નથી. પુરુષો કરતાં સ્ત્રીઓને આ સડો વધારે લાગુ પડે છે. વળી હેબરનું કથન છે કે ખોરાક ચાવવાનું પ્રમાણ પણ જેમ ઘટે છે તેમ આ સડાનું પ્રમાણ વધે છે. બાળપણથી જ જો ખૂબ ચાવવો પડે એવો સપ્રમાણ ખોરાક બાળકને અપાતો રહે તો તેને મજબૂત જડબાં ને શ્રેષ્ઠ દાંત મળીને દાંતની સફાઈ પણ આપમેળે થાય છે ને સડાનું પ્રમાણ અત્યંત જૂજ રહે છે.

માનવીની તંદુરસ્તીનો ને તેના ચહેરાની સુંદરતાનો નાશ આણનાર આ દાંતના સડાને અટકાવવાનો ઉપાય શો? (૧) સડો શરૂ થયો હોય તો દાક્તરી ઉપચાર સાથે ખોરાકમાંથી કાર્બોહાઇડ્રેટ પદાર્થો ઓછા કરવા. આ જ અસરકારક ઉપાય છે. એથી ત્રણથી છ અઠવાડિયાંમાં સડો કાબૂમાં આવી જાય છે. (૨) ખાધા કે ચા વગેરે પીણા પીધા બાદ આંગળી વતી બધા દાંત સાફ કરી પાણીના કોગળા કરવા. આ જો ન બની શકે તો ખળખળાવીને કોગળા તો કરવા જ; એમ કરવાથી પણ દાંત ઉપર ચોંટી રહેલા કાર્બોહાઇડ્રેટ પદાર્થોના કણો દૂર થઈ જાય છે. (૩) ખાવામાં ગળપણ ઓછું કે બંધ કરવું. (૪) દંતમંજન વાપરવાની જેમને ટેવ હોય તેમણે 'એમોનિયેટેડ' ટૂથ પાઉડર વાપરવો. રાત્રે સૂતાં અગાઉ પણ આ પાઉડરથી દાંત સાફ કરવા. (૫) વિટામિન સી. જેમ અવાળાંને મજબૂતી આપે છે તેમ કૅલ્શ્યમ પ્રોટીન અને વિટામિનયુક્ત આહાર (જેવો કે દૂધ) દાંતના મજબૂત બંધારણ માટે ઉપયોગી છે.

(હવે પછી 'પાયોરિયા' વિશે)





દુઃખના પ્રચંડ તાપથી આંખો ન કર ભીની,
ઝાકળ બનીને સૂર્યની સામે શરણ ન શોધ;
પછડાય પથ્થરે તો ઊડે હાસ્યનો ફુવાર,
ગાલો ઉપર પડી સુકાય તે ઝરણ ન શોધ.

(પ્યારા બાપુ) —રતિલાલ 'અનિલ'

અંગ્રેજ ખાડી તરનાર પ્રથમ ભારતીય : શ્રી મિહિર સેન

ઉત્તર સાગરને ઍટ્લાન્ટિક મહાસાગર સાથે સાંકળતી અને ઇંગ્લંડ-ફ્રાન્સને જુદાં પાડતી ડોવરની સામુદ્રધુની પાસે ટૂંકામાં ટૂંકું—૨૧ માઈલનું અંતર ધરાવતી અંગ્રેજ ખાડી (ઈંગ્લિશ ચૅનલ) જગતભરના તરવૈયાઓની પરાક્રમશક્તિનો માપદંડ રહી છે. એ ખાડીને તરી જવાના આજ સુધી કુલ સાઠેક પ્રયત્નો નોંધાયા છે. ગઈ સાલ સપ્ટેમ્બરની ૨૬-૨૭મીને દિવસે તેને ઇંગ્લંડથી ફ્રાન્સ તરફને માર્ગે (આ માર્ગ ફ્રાન્સથી ઇંગ્લંડના કરતાં ઘણો વિકટ અને મુશ્કેલી-ભર્યો છે) માત્ર ૧૪ કલાક અને ૪૫ મિનિટમાં કેવળ પોતાનાં બે બાવડાંની તાકાતથી પાર કરવાનું માન એશિયાભરમાં પહેલું ભારતના શ્રી મિહિર સેનને મળ્યું છે. આજ સુધીના સાઠ પ્રયત્નોમાં ઈંગ્લંડથી ફ્રાન્સને માર્ગે માત્ર ૧૧ જણ સફળ થયા છે, જેમાં મિહિર સેને કરેલો ૧૪ ક. ૪૫ મિ.નો વિક્રમ એ ચ.થો વિક્રમ છે.

જગતભરના લોકસમુદાય વચ્ચે ભારતે ગૌરવોન્નત રહેવું જોઈએ એવો સ્પષ્ટ આદર્શ (પરંતુ તે માટેની અસ્પષ્ટ યોજના) શ્રી સેનના મગજમાં, ૧૯૫૩માં એ ઈંગ્લંડ જઈ બૅરિસ્ટરીનો અભ્યાસ કરતા હતા ત્યારનો ઘૂમરાતો હતો. એને સફળ બનાવવા માટેનો એક માર્ગ તેમને તરવાની દિશાનો લાગ્યો, અને ધોરણપૂર્વકનું તરતાં પણ ન જાણનાર એ આશાવાદી યુવાને અંગ્રેજ ખાડી તરી જવાનાં સ્વપ્નાં જ માત્ર નહિ પણ તે માટેના સક્રિય પ્રયાસો પણ ૧૯૫૪થી આરંભી દીધા. પેટચાલ કાતર(crawl stroke, જે વડે તેઓ અંગ્રેજ ખાડી તર્યા તે)નું નામ સુધ્ધાં ૧૯૫૪માં તેઓ જાણતા નહોતા; પરંતુ ૧૯૫૫-૫૬-૫૭ દરમ્યાન તેમણે તરવાની કળાનાં જ્ઞાન અને અનુભવ વધારી દીધાં, અને એ વર્ષો દરમ્યાન અંગ્રેજ ખાડી તરી જવાના પ્રયત્નો પણ તેમણે કરી જોયા, જેનું વિરલ એવું પરિપક્વ અને સુમિષ્ટ ફળ ગયે વર્ષે તેમને મળ્યું.



તેઓ કહે છે: 'હું કાંઈ શ્રીમંત નથી. પેટનું ભરણપોષણ કરવા કમાણી તો કરવી જ રહી. કલકત્તાની કોર્ટમાં વકાલત શરૂ કરવાનો ઇરાદો રાખું છું. બીજું, આપણા તરુણોમાં સાહસિક વૃત્તિની કમીને લીધે આપણે દુનિયાની રફ્તારમાં પાછા પડી ગયા છીએ, તે હીણી દશાને દૂર કરવાની જુદીજુદી યોજનાઓ પણ હું વિચારી રહ્યો છું. સાહસિકોનું એક મંડળ 'એક્સ્પ્લોરર્સ ક્લબ' સ્થાપીને તેના કાર્યમાં મચી પડવાનો મારો મનસૂબો છે.' અંગ્રેજ ખાડી તરી જવાના તેમના પ્રસંગાનુભવના જુદાજુદા પત્રોમાં આવેલા સવિસ્તર બયાન પરથી તેમજ મરાઠી માસિક 'કિર્લોસ્કર'માં આવેલા તેમના આત્મપરિચયને આધારે, તેમનાં સાહસ ને ચરિત્રની તેમના જ શબ્દોમાં આ નીચે રૂપરેખા આપીએ છીએ:

આપણાં પંખીઓ : ૧૧૨

હાડગીલા



ગીધનું પિતરાઈ આ પંખી કદમાં ગીધ કરતાં એટલું મોટું, કે ઊભું, હોય ત્યારે ચારથી પાંચ ફૂટ ઊંચું દેખાય! તેની જાતો(થોકડાં)માં તે સૌથી મોટું—ને સૌથી બેડોળ છે! રંગે મેલું—કાળું, રાખોડી અને ગંદું સફેદ; તેની ચાંચ સારી પેઠે જાડી, ચોખૂણ, ફાચર—આકારની; માથું ને ડોક ઉઘાડાં, અને છાતીને ઉપલે ભાગેથી લટકતી ૧૨—૧૫ ઈંચની વિલક્ષણ લાલ થેલી! ઝીલની કે માનવ-વસવાટની જગ્યાએ પણ એકલું કે સમૂહમાં જોવા મળે. ઉત્તર ભારત, આસામ અને બ્રહ્મદેશ, મલયદ્વીપ ને હિંદી ચીન દેશોથી જાવા અને બોર્નીઓ સુધી તે થાય છે. ઉત્તર ભારત ને બંગાળ તરફ ઘણુંખરું ઉનાળા દરમ્યાન તે દેખાય છે. એ કુશળ યાયાવર છે. તાજા માંસના ટુકડા અને ટાઢા માંસ ઉપરાંત તે દેડકાં, માછલાં, ગરોળી, અળસિયાં ને મોટાં-મોટાં જંતુઓ—જે કંઈ મળે તે ખાય છે.

હાડગીલનું ઉડાણ ભારે અને અવાજવાળું હોય છે. ઊડતાં પહેલાં થોડાંક પગલાં ચાલવું પડે, પરંતુ આકાશમાં સ્થિર થયા પછી તે આરામથી ઊડી શકે છે. પિતરાઈઓની માફક તેને પણ ઘૂમરાતાં વર્તુળો રચતાં ખૂબ જ ઊંચે ઊડવાનો શૉખ છે. ઘૂંટણથી સામે પગ વાળીને અને માથું ડોકની અંદર ડુબાડીને બેઠું હોય ત્યારે રમૂજી દૃશ્ય ઊભું થાય છે. બીજાં કુટુંબીઓની જેમ તે અવાજના સ્નાયુઓથી વંચિત છે.

હિંદમાં જોકે અમુક વિસ્તારોમાં જ તેના માળા નોંધાયા છે, પરંતુ તેની ખરી પ્રજનન-ભૂમિ તો દક્ષિણ બ્રહ્મદેશ. અહીં ઑક્ટોબર-ડિસેમ્બર વચ્ચે, ખડકની કોતરો કે જંગલી ઝાડી પર બાંધેલા સાંઠીકડાંનાં મોટાં માળખાં જેવા માળામાં ૩ થી ૪ સફેદ ઇંડાં મૂકે છે.

નવા યુગની કહેવતો

તારું તેલ ગયું ને મારા વાળ ગયા!
વાંઝિયા ઘરમાં ટાંમી લાડકો.
ખેતરની કમાણી ખળામાં દેખાય.
ધોલ્લા મહાજનને કાયમનાં નોતરાં!
ટાઢી દાઝ ગરમ દાઝને સારી કહેવડાવે.
શિયાળે શક્તિ ને ચોમાસે (ચાતુર્માસે) ભક્તિ.
મુડદાના મોવાળા તાણો કે મૂછ મરડો—બધું સરખું.
મિયાં ભારતનાં સ્વપ્નાં સેવે ને હરિજનને કહે પાકિસ્તાનમાં રહે.
વેલ વધે તો ય ઝાડ ઉપર, અને સુકાય તો પણ ઝાડ ઉપર.
હાથેજાતે છાતી ઠોકો કે વાંસો થાબડો—બધું સરખું.
દશેરાના ઘોડાને અગિયારશના દહાડા આવ્યા.
ધોબી ખેડૂત થાય, તો એ પણ વરસાદ માગે.
છાપાં ને વાજાંના સૂર સરખા ન હોય.
હજૂર તેવા હજૂરિયા!

રતિલાલ 'અનિલ'

"અમારું કુટુંબ કંઈ સાહસિક વૃત્તિ માટે પ્રસિદ્ધ નહોતું. મારું બાળપણે ય તરવામાં ગયું નહોતું કે હું કુશળ તરવૈયો પણ નહોતો. કલકત્તા છોડીને બૅરિસ્ટરીના અભ્યાસ માટે હું ઇંગ્લંડ ગયો ત્યારે કેવળ રાષ્ટ્રગૌરવના ખયાલે જ અંગ્રેજ ખાડી તરવાનો મેં સંકલ્પ કર્યો.

મારું હૃદય જેની પાસે હલકું કરી શકું એવી એકમાત્ર વ્યક્તિ હતી બિલા,—બિલા વિંગાર્ટન. એ ઇંગ્લંડની રહેવાસી હતી (જેની સાથે શ્રી સેન લગ્નગ્રંથિથી જોડાયા છે). મારી વાત સાંભળીને તેની આંખમાં ઝળકેલી આનંદ અને સંતોષની ચમકે મને હજારગણો ઉત્સાહિત કર્યો.

ખાડીને તરવા માટે પૂર્વતૈયારીનો ખરચો પણ ખાસ્સો મોટો થઈ જાય તેમ હતું. અકિંચન એવા મને પૈસા ઉધાર પણ કોણ આપે? મારો સ્નેહી માણિક મિત્ર મારો વ્યવસ્થાપક બન્યો. એક મોટા તળાવમાં તરવાનો મહાવરો મેં શરૂ કરી દીધો. મારી સાહસયોજનાથી મેં પંડિત નેહરુને વાકેફ કર્યા. તેમની હૂંફાળી હમદર્દીએ મને મારા સાહસ માટે આશાન્વિત બનાવ્યો. ભારતસરકાર તરફથી મને આર્થિક સહાય મળી, તથા 'ઇંગ્લિશ ચૅનલ સ્વિમર્સ એસોસીએશન' તરફથી મારી પરીક્ષા થઇ ને હું સાહસ માટે યોગ્ય ઠર્યો. મને આર્થિકરીતે સહાયભૂત થવા બિલા નોકરીએ ચડેલી.

અઠવાડિયે ચાર દિવસ ત્રણચાર કલાક અને પાંચમે દિવસે પાંચ કલાક તરવું અને પછી એક દિવસ આરામ લેવો, એવો નિયમ મેં ચીવટથી પાળ્યો હતો. પછી દસથી બાર કલાક સુધી સતત તરીને શક્તિનું માપ કાઢવું એવી યોજના હતી. માર્ગદર્શકો અને શરીરતપાસનાર દાક્તરોનો ખર્ચ બહુ ભારે હતો. ખોરાક પણ ખાસ દૃષ્ટિયુક્ત લેવો પડતો, કારણ કે ખાડી તરતાં શરીરમાં દર કલાકે સાડા સાતસો કૅલરીની ખોટ પડે એવો તજ્જ્ઞોનો અંદાજ છે. તરવાની શરૂઆત ૧૯૫૩થી કરી. ૧૯૫૪માં બૅરિસ્ટરીની પરીક્ષા આપી તેમાં હું સફળ થએલો.

ખાડીમાં મુખ્ય ત્રણ પ્રવાહ હોય છે: (૧) ઇંગ્લંડ અને ફ્રાન્સના બે, (૨) કિનારા પાસેના બે અને (૩) મધરસ્તેનો એક. ફ્રાન્સથી ઇંગ્લંડ જવું તો સહેલું છે, કેમકે એમાં સાડા સાત કલાકનો અનુકૂળ પ્રવાહનો અને ઇંગ્લંડ નજીક રહેલી પાણીની ઊંડાઇનો લાભ મળે છે, જ્યારે ઇંગ્લંડથી ફ્રાન્સ જતાં અનુકૂળ પ્રવાહનો લાભ માત્ર સાડા પાંચ કલાક જ મળે છે. આવી બધી તાકીદ અને સાથે બદનમાં તાકાત હોય છતાં પણ જો નસીબ યારી આપે તો જ એ ખાડી તરી શકાય. સૌપ્રથમ ૧૯૫૫માં મેં જ્યારે ફ્રાન્સથી ઇંગ્લંડ તરફ તરવાનો પ્રયત્ન કર્યો ત્યારે ઇંગ્લંડ માત્ર અઢી માઈલ જેટલું છેટું રહ્યું હતું, ત્યાં જ એકાએક ઘેરાઈ આવેલાં વાદળાંએ મારી અગિયાર કલાકની અખંડ જહેમત ઉપર પાણી ફેરવી દીધેલું. મારા સાહસને કોઇકોઇ તો હસ્યા: 'સેનને સસ્તી પ્રસિદ્ધિ મેળવવી લાગે છે!'

પણ તેમની ટીકાએ મારા આત્મગૌરવને સતેજ કર્યું. મેં ફરી લડી લેવાનો નિશ્ચય કર્યો, જિદ્દ પકડી: 'આ વખતે તો વધારે અઘરે રસ્તે થઇને જઈશ અને તે રસ્તેથી જ ખાડીનું ગુમાન ઉતારીશ.' બિલાનું ઉત્તેજન, માણિકની સહાય અને મારું રાષ્ટ્રીય અભિમાન એ હતી મારી મૂડી. એક વાર તો ફ્રેન્ચ કિનારા સુધી પહોંચવામાં માત્ર અરધો માઈલ જ રહ્યો હતો ત્યાં ઊમટી આવેલાં ભરતીનાં મોજાંએ મને ફ્રેન્ચ કિનારા પ્રતિ એક તસુ પણ ચસવા દીધેલો નહિ, અને ઊલટો ઍટ્લાન્ટિક તરફ મને ધકેલવા માંડેલો! મારી એ તરના કુલ ૧૮ કલાક અને ૧૫ મિનિટના સમયમાંથી ૬ કલાક તો મેં એ બે માઈલનો પટ સર કરવા પાછળ જ ખરચી નાખેલા!

પણ હવે તો છેલ્લે મારી પાસે પૈસા પણ ખૂટી પડેલા. બીજી બાજુએ શરદનું પ્રતિકૂળ વાતાવરણ હતું. ઘોર આશાવાદીને યે ચિંતાતુર કરી મૂકે એવો જોરદાર પવન આ મોસમ દરમ્યાન વાવા માંડે છે. ઉષ્ણતામાન પણ તદ્દન નીચું ઊતરી જાય છે. તરનારાઓ, સફળ-અસફળ બધા પાછા વળી ગયા હતા. બાકી રહી ગયો હતો એકલો હું.

પરંતુ ૧૯૫૮ની ૨૬મી સપ્ટેમ્બરે આકાશ એકાએક સાફ થઈ ગયું. હવામાનખાતાએ આગાહી કરી કે ૧૫ કલાક સુધી વાતાવરણ આવું જ સ્વચ્છ રહેશે તેમજ તોફાની પવન વાશે નહિ. આનંદ અને આશ્ચર્ય સાથે હું તો, સાહસ માટે કમ્મર કસીને, ૧૯૫૫માં મારી સંરક્ષક જહાજ ચલાવનાર એચ. રીડને મળી આવ્યો. તે યે ખુશ થઈ ગયો. મારી તરના આ વેળા સરકારનિયુક્ત નિરીક્ષક હતા 'ચૅનલ સ્વિમિંગ એસોસીએશન'ના જનરલ સેક્રેટરી મિ. જે. યુ. વૂડ. બપોરે એક વાગ્યે માણિકે મારે આખે શરીરે સારી પેઠે ગ્રીઝ લગાવી મને પ્રસ્થાન માટે તૈયાર કરી દીધો. મેં સૌની વિદાય લીધી. બિલા સાથે અમારી બે વર્ષની પુત્રી ચન્દ્રા પણ મને વળાવવા આવી હતી.

સૂર્ય માથે આવ્યો હતો, પરંતુ બેસતા શિયાળાની કાતિલ ઠંડી વાતાવરણમાં ફેલાઇ ગઈ હતી. છેલ્લા વખત કરતાં આ વખતે ઠંડી વધુ ઉત્કટ હતી. મોજાં પણ વધુ વિકરાળ હતાં. પહેલા ચાર કલાક સુધી મેં કશું ખાધું-પીધું નહિ. પાંચેક વાગ્યે સંરક્ષક જહાજ પરથી વાંસના સાધન વડે મને ગ્લુકોઝ સાથે ગરમ ચા આપવામાં આવી; કેમકે તરતી વખતે તરવૈયાને બીજી વ્યક્તિ કે હોડીને અડવા સુદ્ધાંની છૂટ નથી હોતી.

સાતેક વાગ્યે તો અંધારું છવાઈ ગયું. હવા ઠંડીગાર બની ગઈ. મને ગરમ રાખવા કલાકેકલાકે ગરમ સૂપ, ચા કે કૉફી આપવામાં આવતાં. પરંતુ રાત વધવા સાથે ઠંડી અક્ષરશઃ 'વરસવી' શરૂ થઇ. એ મારાં હાડકાં સોંસરવી પસાર થઇ જતી ને મારે આખે શરીરે અસહ્ય કંપારી વછૂટી જતી. તો વળી રાતની ખુશનુમા સૂરત જુદી જ હતી. સ્વચ્છ-સુંદર આકાશમાં થાળી જેવડો ચાંદો ઊગી નીકળ્યો હતો અને હવામાને જાણે કે મારો પક્ષ કર્યો હતો. પવન નામનો જ હતો.

લગભગ મધરાતે જ્યારે ફ્રેન્ચ કિનારો ત્રણ જ માઈલ દૂર રહ્યો હતો ત્યારે મને સખત ટાઢ ચડી આવી: પણ મારા મનોરથની ઉષ્મા મને ભાંગી પડતો બચાવતી રહી. ફ્રેન્ચ કિનારે પહોંચવાને માત્ર ૫૦૦ વાર રહ્યા હશે ત્યાં સંરક્ષક જહાજે લંગર નાખ્યું. ફ્રેન્ચ કિનારો ખડકાળ-

ને ઊંચાનીચા હોઇ તે આગળ વધી શકે તેમ ન હતું, અને અહીંના મોજાંના તાંડવે ભલભલા તરવૈયાઓને પણ હંફાવી મૂકયા છે.

શ્વેત વાલુકામય એ સમુદ્રતટ નજરે પડતાંની સાથે જ તેણે મારા પર કામણ કર્યું. એ કાલ્પનિક અનુભવ હતો કે સાચું જીવનનાટક એ હું કળી ન શકયો. છેલ્લેછેલ્લે હું બહુ ઝડપથી તરવા માંડયો હોઇશ, કેમકે મારી સાથેની આગળ જતી હોડી ત્યારે મારી પાછળ રહી ગઇ હતી. કિનારો નજીક આવેલો જોઈ મેં વારંવાર ઊભા રહેવા પ્રયાસો કર્યા, પરંતુ હજી મારા પગને કોઈ નક્કર વસ્તુનો સ્પર્શ નહોતો થતો.

દસ વાર જેટલું આગળ ગયો ત્યાં મારો પગ નક્કર ખડકને અડકયો. એ પ્રથમ અનુભવ જાદુઇ અને અવર્ણનીય હતો. મારું ગળું આનંદથી ભરાઇ ગયું ને મારી થાકેલી અનિદ્ર આંખોમાં આંસુ છલકાઇ આવ્યાં. પછી હું ફરી જમીન પર આવી ઊભો. ખાડી તરેલો તરવૈયો ફરી જમીન પર પગ મૂકે ત્યારે જ તે જાહેર રીતે સફળ ગણાય છે.

દરમ્યાન માણિક અને સહાયક–ચલાવનાર જેમાં બેઠા હતા એ નાની હોડી ખડકના પથ્થરો સાથે અથડાઇને ભાંગી ગઈ હતી, છતાં, એ લોકો બચી ગએલા અને કિનારા પર આવી ગએલા. હું જ્યારે કિનારે પહોંચ્યો ત્યારે મારા શરીર પરના ગ્રીઝ સાથે જ હું અને માણિક ભેટી પડયા અને ફ્રાન્સના રિવાજ અનુસાર મેં તેને બંને ગાલે ચુંબન લીધાં! એ ઠંડીમાં થરથરતે શરીરે અમે રાષ્ટ્રગીત ગાયું. પછી મારા શરીરમાં ગરમીનો હોશ લાવવા માણિકે મને માલિશ કરી આપી.

ત્યારે સવારના ચાર વાગ્યા હતા, અને સંરક્ષક જહાજ પર લઈ જનારી નવી હોડી તો છેક આઠ વાગ્યે મળે તેમ હતી. દરિયાકિનારે કડકડતી ઠંડીમાં ઠૂંઠવાતાં પડયા રહેવા સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો નહોતો. સંરક્ષક જહાજ પર પહોંચ્યા પછી તો ગરમ પીણાં અને કામળાઓની મદદથી મારા શરીરમાં પૂરતી ગરમી આવી ગઇ, અને બપોરે ડોવર ખાતેની હોટેલ ઉપર અમે પહોંચ્યા. ત્યાં વર્તમાનપત્રોના રિપોર્ટરો, ફોટોગ્રાફરો, મિત્રો, આત્મીયજનો વગેરેનું મોટું ટોળું વાટ જોતું જમા થયું હતું. એ સહુનો સત્કાર મેં કૃતજ્ઞતાપૂર્વક ઝીલ્યો. ત્યારે સ્વચ્છ નીલ આકાશમાં તેજસ્વી ભાનુ પ્રકાશી રહ્યો હતો અને હેમંતની હવામાં આપણો રાષ્ટ્રધ્વજ લહેરાઈ રહ્યો હતો.

ઘાસ નીંદવામાં હંસનો ઉપયોગ

હંસ અમુક જ ઘાસ શોધીશોધીને ખાઈ જાય છે ને બીજા પાકને અડતા નથી. આથી બટાટા, મકાઈ, શેરડી, બીટ, સ્ટ્રૉબેરી, નાનાં ફળવૃક્ષો, કલમી રોપા અને બીજા સંખ્યાબંધ પાકના કયારામાંથી નકામું ઘાસ નીંદી ખાવા માટે અમેરિકામાં હંસનો ઉપયોગ થાય છે! આજ સુધી ત્યાં હંસોને માંસ ને ઈંડાં ઉપરાંત પીંછાં માટે ઉછેરવામાં આવતાં. પીંછાં કાપીને તેને ગાદીમાં અને ઓશીકામાં ભરવામાં આવતાં, પણ હવે પીંછાંને બદલે સ્પ્રિંગવાળી કે 'ઍરફોમ' રબરની ગાદીઓ આવી અને વધુ સુંવાળી વસ્તુઓ ભરેલાં ઓશિકાં આવ્યાં એટલે ખેતરો પરથી હંસોનું સ્થાન ખતમ થવા લાગ્યું. પણ હવે ફરી હંસો પોતાનું મૂળ મહત્ત્વ પ્રાપ્ત કરી રહ્યા છે, કારણ કે મૂલ્યવાન પાકનાં ખેતરોને અત્યંત ઓછા ખર્ચે અને ઓછી મુશ્કેલીએ નકામા ઘાસથી મુક્ત કરવામાં તેઓ કુશળ છે. વળી તેમને ખવડાવવામાં બહુ ખર્ચ થતો નથી, કેમકે પેલું નકામું ઘાસ જ એમના ખોરાકનો મોટો ભાગ પૂરો પાડે છે. અનુભવે જણાયું છે કે નીંદવાનું કામ યંત્રો કરતાં હંસો વધારે સફાઇથી કરે છે. એક ચોકસાઈવાળા ખેડૂતની નોંધ પુરવાર કરે છે કે ત્રીજી સાલ એણે નીંદવાનું કામ હાથથી કરાવેલું તેને મુકાબલે ગઈ સાલ હંસોએ એ જ ખેતરોને વધારે સ્વચ્છ કર્યાં. પરિણામે કપાસ લણણીને વખતે વધારે ઊંચી જાતનો ઊતર્યો અને તેને વધારે આવક થઈ. વળી હંસો કયારામાં ચાલતી વેળા ખેતરને ખાતર પણ પૂરું પાડે છે ને ઘણા પાકનાશક જંતુને ખાઈ જાય છે. વળી એ તો સતત એમનું કામ ચાલુ જ રાખે છે. ચાંદની રાતે પણ એમને ખેતરમાં ફરવામાં મજા આવે છે.

શરીર–મન–જ્ઞાનતંતુઓને **યોગાસનો** સ્વસ્થ રાખતી વ્યાયામરીતિ



હંસાસન

આ આસન કરતાં શરીરનો દેખાવ હંસના જેવો થાય છે માટે એને હંસાસન કહે છે. મયૂરાસન જેમને અઘરું લાગતું હોય તેઓ આ આસન કરીને લાભ મેળવી શકે.

મયૂરાસન કરવાની તૈયારી કરતા હો એમ પગની એડી ઉપર ઉભડક બેસો. બંને હાથના પંજા જમીન ઉપર ગોઠવો. અને બંને કોણીઓને દૂંટીની આજુબાજુ ગોઠવો. હવે મયૂરાસનની જેમ શરીરને અદ્ધર ઊંચકવાને બદલે, કમરથી ઉપરનો ભાગ મયૂરાસનની જેમ રહે, પણ પગ લાંબા થઇને એની આંગળીઓ જમીનને અડકેલી રહે એવી રીતે લંબાવો, એટલે હંસાસન થશે. પેટના રોગ મટાડવામાં તથા ભૂખ લગાડવામાં આ આસનથી, થોડાક ઓછા પ્રમાણમાં, પણ સારી જેવી મદદ મળીને ફાયદો થાય છે.

દામુભાઈ શુક્લ

સૌથી બારીક તંતુ

તમામ કુદરતી ખનીજોના તંતુઓમાં ઍસ્બેસ્ટૉસના તંતુ સૌથી બારીક છે. એક ઇંચ લાંબી જગ્યામાં કાચના ૪૦૦૦ તાર પાસેપાસે મૂકી શકાય ત્યારે એટલી જ જગ્યામાં ઍસ્બેસ્ટૉસના ૧૦,૦૦,૦૦૦ તાર મૂકી શકાય. ઍસ્બેસ્ટૉસના ૧૫૦૦ તાર ભેગા કરીને એને વળ ચડાવીએ તો પણ તેથી બનેલો તાર માણસના એક વાળ કરતાં યે બારીક હોય. ઍસ્બેસ્ટૉસના તાર કાપડ, બાંધકામ માટેના પદાર્થો, વીજરોધક પદાર્થો, પાઇપો, બ્રેકની રેખાઓ, ઘર્ષણ માટેના પદાર્થો અને માલ ભરવાના ડબ્બા તથા દોરડાં વગેરેમાં વપરાય છે. એ ઉપરાંત તે પ્લાસ્ટિક, રંગ, ચીકણા પદાર્થો અને સફેદામાં પણ વપરાય છે.

ઊંટે કાઢ્યા ઢેકા (અનુસંધાન પૃષ્ઠ ૯થી)

ઉર્વીશ: ત્યારે આપ કઈ જ્યોત્સ્નાની વાત કરો છો? જ્યોત્સ્ના શાહ, કૉલેજ યુનિયનની સેક્રેટરી?

ઉમા૦: જ્યોત્સ્ના પાઠક, સંસ્કૃત સ્કૉલર?

અતુલ: જ્યોત્સ્ના મર્ચન્ટ, પરીક્ષામાં કૉપી કરતાં પકડાઈ ગઇ'તી તે?

પ્રો. પંડયા: ના, એ કોઈ નહિ.

અતુલ: તો જ્યોત્સ્ના પુરોહિત, ટેબલ-ટેનિસની ચૅમ્પિયન?

ઉર્વીશ: કે જ્યોત્સ્ના ઠાકરશી, પિકનિકમાં પડી ગઇ'તી તે?

ઉમાકાન્ત: કે જ્યોત્સ્ના ત્રિવેદી, ફિશપૉન્ડમાં ઝબલું મળ્યું હતું તે?

પ્રો. પંડયા: ના એ પણ નહિ. (હસતાં) કૉલેજમાં જેટલી હોય એટલી યાદ કરો.

ઉર્વીશ: બીજી બે ત્રણ છે, પણ એ કંઈ નાટકમાં ભાગ લે એવી નથી.

અતુલ: સાહેબ, ફર્સ્ટ ઈયરમાં નવું આવેલું કોઈ છૂપું રતન તો નથી ને?

પ્રો. પંડયા: ફર્સ્ટ ઈયરમાં જ છે. કહું?

જ્યોત્સ્ના મહેતા.

ઉર્વીશ : જ્યોત્સ્ના મહેતા? મારી બહેન?

પ્રો. પંડ્યા : હા, એ જ. તમારી બહેન.

ઉર્વીશ : એને શું આવડે? સાવ નવી છે.

પ્રો. પંડ્યા : ના શું આવડે? એણે તો સ્કૂલમાં પણ ભાગ લીધેલો છે.

ઉર્વીશ: પણ સાહેબ, ભાગ લેવાની ને એકદમ હિરૉઈન બનવાની એ હા પાડે જ નહિ ને.

પ્રો. પંડ્યા : મને હા પાડી છે. હમણાં એને બોલાવીને તમને પ્રત્યક્ષ ખાતરી કરાવું. અતુલ, જાઓ તો. લાયબ્રેરીમાં જ્યોત્સ્ના બેઠી છે; હમણાં જ હું જોઈને આવ્યો. જાઓ, એને બોલાવી લાવો તો. (અતુલ જતો જતો કુતૂહલથી ઊભો રહી જાય છે.)

ઉર્વીશ : પણ સાહેબ, હું હીરો બનું અને મારી બહેન હિરૉઈન બને એ કેવી રીતે ફાવે?

પ્રો. પંડ્યા : કેમ ન ફાવે? આ તો માત્ર નાટક જ છે. નાટક ભજવવાથી તમે પતિપત્ની થોડાં થઈ જવાનાં છો?

ઉર્વીશ : (મક્કમ થતાં) પણ સાહેબ, એ બની શકશે જ નહિ. મારી બહેન સાથે હું ભાગ નહિ લઉં.

પ્રો. પંડ્યા : ભલે, એ માટે હું તમને બહુ આગ્રહ કરી શકું નહિ. તમારે ભાગ ન લેવો હોય તો ઉમાકાન્ત લેશે. ઉમાકાન્ત, તમને કૃષ્ણકાન્તનું પાત્ર ફાવશે ને?

ઉર્વીશ : (રોષમાં) એને પણ હું ભાગ નહિ લેવા દઉં. મારી બહેનને જો એ જરા પણ અડચો છે તો એક તમાચો ચોડી કાઢીશ.

પ્રો. પંડ્યા : ઉર્વીશ, તમે આમ ગુસ્સો શું કરો છો? આ તો માત્ર નાટક છે. અતુલ, તમે તો આ નાટકના ફોટો પાડવાના જ હશો.

ઉર્વીશ : (વધારે ગુસ્સે થતાં) ખબરદાર અતુલ! મારી બહેનનો એક પણ ફોટો પાડચો છે તો તારો કૅમેરા તોડી નાખીશ અને તારું ડાચું જ રંગી નાખીશ.

પ્રો. પંડ્યા : (વચ્ચે માટેથી) ઉર્વીશ... ઉર્વીશ.... ખબરદાર, હવે વધારેપડતું બોલ્યા છો તો. (છોકરો હાથમાં મોટી ટ્રે સાથે પ્રવેશે છે.) આ બધું કૅન્ટિનમાંથી કોણે મંગાવ્યું છે?

ઉમાકાન્ત : અમે નથી મંગાવ્યું.

પ્રો. પંડ્યા : કોણે મંગાવ્યું છે છોકરા? (છોકરો ચિઠ્ઠી આપી જાય છે, તે વાંચતાં) આ તમારા અક્ષર છે ઉર્વીશ? અને સાહિત્યમંડળને ખાતે આ બધું ઉધારવાનું? ચાર-આઠ આનાની ચાને બદલે સીધું અગિયાર રૂપિયા પંચાવન પૈસાનું બિલ? અને આ ગોલ્ડફ્લેક સિગરેટ? વિદ્યાર્થીઓને પૈસે આવા જલસા?

ઉમાકાન્ત : સૉરી, સર.

પ્રો. પંડ્યા : ઉર્વીશ, ઉમાકાન્ત, અતુલ! નાટકને માટે તમે શા માટે આટલા બધા આતુર છો તે હું જાણું છું. નાટકને નામે પારકી છોકરીઓ સાથે ચેનચાળા કરી લેવાની તમારી વૃત્તિ હજી પણ સુધરી નથી. અફસોસની વાત છે કે તમે કલાની દૃષ્ટિથી નહિ પણ હલકી કામવૃત્તિથી નાટકમાં ભાગ લો છો ને સનાતન જેવા મુફલિસ ધંધાદારી નાટકકાર તમારી એ વૃત્તિને પોષે છે. આજે સનાતન તમારા ઑર્ડર પ્રમાણે તૈયાર કરીને 'ઊંટે કાઢચા ઢેકા' નાટક લઈ આવ્યા, અને એમાં સાહિત્યની ને સમાજની ને એવી બીજી પરિસ્થિતિ પર ઊંટના ઢેકાના મોટા મોટા કટાક્ષ કર્યા, પણ એટલું તે હજુ નથી સમજી શકયા કે કોણ ઢેકા કાઢે છે અને કોને કાઢડા કરવાની જરૂર પડે છે. (થોડીવારે) ચાલો; તમને બહુ વધારેપડતું તો નથી કહેવાઈ ગયું ને? નાટક ભજવીએ તે પહેલાં અત્યારે તો એના ઉપર પડદો પાડીએ છીએ... અને પેલો કૅન્ટિનવાળો છોકરો કયાં ગયો? બધું પાછું લઈ જવાનું એને કહેજો. (પ્રો. પંડ્યા પીઠ ફેરવી બહાર જાય છે તેની સામે નજર કરી ત્રણે મોઢું બગાડે છે.)●

(પડદો)

●ભજવતાં પહેલાં કર્તાની સંમતિ સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ–ના સરનામેથી મેળવવી આવશ્યક છે.

ઈ. કૃષ્ણ આયર (અનુસંધાન પૃષ્ઠ ૫ થી ચાલુ) રામગોપાલને પણ ભરતનાટ્ય-નૃત્યનું શિક્ષણ અપાવવામાં એમણે જ મદદ કરેલી. એ રામગોપાલે તો પછી ભરતનાટ્યમ્‌ને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી.

તે કાળે સાધારણ જનસમાજમાં સંગીત, નાટક વગેરે વિષે જોકે સામાન્ય અભિરુચિ હતી, પરંતુ એની વ્યવસ્થિત ધોરણસર વિવેચના વૃત્તપત્રો કે બીજા કોઈ સાધન દ્વારા થતી નહિ. ૧૯૩૩માં એમણે 'પર્સનાલિટીઝ ઇન પ્રેઝન્ટ ડે મ્યૂઝિક' નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું. હિંદભરમાં સંગીત અને નૃત્ય-વિષયક તેમજ તત્કાલીન કલાકારોનો પરિચય કરાવે તેવું સ્પષ્ટ વક્તૃત્વવાળું ને નિષ્પક્ષ વિવેચનાપૂર્ણ આ પ્રથમ જ પુસ્તક હતું. એ ઘણું લોકપ્રિય નીવડયું ને સંગીત તેમજ લલિતકલાઓ વિષેની રુચિ તથા ધોરણો કેળવવામાં તેણે સારો ફાળો આપ્યો.

લાસ્ય રૂપના 'સદીર નાચ'(એટલે એકમ નર્તન)ના આ પુનઃપ્રતિષ્ઠાન બાદ એમણે નૃત્યનાટક સ્વરૂપના મહાન કલારૂપ 'ભાગવતમેલા નાટક'ના પુનરુદ્ધારનું કાર્ય આરંભ્યું. મેલટ્ટૂર અને શૂલમંગલમ્ ગામે સાત વર્ષ લગી ખૂબ પરિશ્રમ અને ખંતપૂર્વક એમણે એ નૃત્યસ્વરૂપનાં પણ સંસ્કરણ અને સંવર્ધનનું નોંધપાત્ર કાર્ય કર્યું અને લોકોને આ પ્રકારનાં નૃત્યોની રાષ્ટ્રીય મૂલ્યવત્તાથી વાકેફ કર્યા. મદ્રાસમાં જ્યારે સંગીત નાટક ઍકેડેમીની સ્થાપના થઈ ત્યારે એમના આ અપ્રતિમ કાર્યને લક્ષમાં લઇ એમને એ સંસ્થાના માનાર્હ મંત્રી બનાવ્યા. અને પોતાની શક્તિને બળે તેમજ અનેક કળાના સર્વતોગ્રાહી જ્ઞાન તથા અન્વેષણદૃષ્ટિને લીધે સતત પરિશ્રમ અને નિષ્ઠાથી એ સંસ્થાને એમણે ભારતભરની પ્રાદેશિક ઍકેડેમીઓમાં પ્રથમ સ્થાન અપાવ્યું.

માત્ર શાસ્ત્રીય સંગીત કે નૃત્યક્ષેત્રે જ એમની સેવાઓ અદ્વિતીય નથી. બહુજનસમાજની અપેક્ષાઓને લક્ષમાં લઈ એમણે લોકસંગીત અને લોકનૃત્યોની દિશામાં પણ સંશોધન અને વ્યવસ્થિત રજૂઆતનું મહત્ત્વનું કામ કર્યું છે. એ ઉપરાંત કઠપૂતળીના 'બોમલાટ્ટમ' ખેલો તથા ઘોડાનું મહોરું પહેરીને ભજવાતા 'પઇકકાલ કુદીરઇઆટ્ટમ્'ના ખેલો સુદ્ધાંમાં ૧૯૪૬થી રસ લઈ એ બધા પ્રકારોને લોકપ્રિય કર્યા. એનું શુભ ફળ એ આવ્યું કે અસંખ્ય જનો તંદુરસ્ત સાંસ્કૃતિક કાર્યક્રમો જોતા થયા.

આ દરમ્યાન ભારતભરનો પ્રવાસ કરી એમણે સંગીત તેમજ નૃત્યનાં અગત્યનાં કેન્દ્રોની મુલાકાત લઈ સૂચનાત્મક પ્રવચનો પણ કર્યાં છે; એટલુંજ નહિ પણ ભારત સિવાય પડોશના દેશ સિલોનમાં પણ જ્યારે 'અખિલ સિલોન નૃત્ય સમારોહ' યોજાતા ત્યારે એમને જ ત્યાંના એકમેવ નિર્ણાયક નીમવામાં આવતા. રાજ્ય દ્વારા પ્રસ્થાપિત સિલોન આર્ટ્સ કાઉન્સિલના ઘડતરમાં પણ એમણે મહત્ત્વનો ફાળો પુરાવ્યો છે. એમની આ સેવાઓ તથા વિદ્વત્તાની નોંધ સરકારે પણ લીધી અને ૧૯૫૪-૫૫ અને ૫૭માં સરકાર તરફથી અપાતી ભરતનાટ્ય નૃત્યવિષયક શિષ્યવૃત્તિ માટેની નિર્ણાયક સમિતિના એમને સદસ્ય બનાવીને એના લાયક ઉમેદવારો ચૂંટવાની જવાબદારી એમને જ સોંપાઈ હતી.

અત્યારે ભારતભરમાં માત્ર વડોદરા યુનિવર્સિટીમાં જ સ્નાતક પદવીના ધોરણે નૃત્યનું કૉલેજ-શિક્ષણ અપાય છે. એ યુનિવર્સિટીની સંગીત અને નૃત્યની ફૅકલ્ટીએ પણ એમને ૧૯૫૫માં ભરતનાટ્યમ્ ને તમીલનાડનાં નૃત્યો પર પ્રવચન આપવા આમંત્ર્યા હતા. એ ત્રણે પ્રવચનો આપવા ઉપરાંત હવે તો ત્યાંની 'બી. મ્યૂઝિક' અને 'એમ. મ્યૂઝિક'ની સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓમાં ભરતનાટ્યમ્‌ના ઉમેદવારોના પરીક્ષક તરીકે પણ એ કામગીરી બજાવી રહ્યા છે.

નૃત્ય તેમજ સંગીત વિષે ઘણા વિશાળ ફલક પર એમણે લખ્યું છે. એમનાં એ ગ્રંથસ્થ લખાણો તથા વૃત્તપત્રોમાંનાં વિવેચનો વગેરેથી પણ સંગીત અને નૃત્ય-વિષયક લોકોત્સાહ દિશાબદ્ધ થયો, સંગીત-સમારંભો અને નૃત્ય-સમારોહનાં ધોરણ ઘડાયાં અને જનસમાજની શિષ્ટ અભિરુચિને પોષણ મળ્યું. તે માટે એમણે અસંખ્ય લેખો લખ્યા છે. માત્ર ભારતનાં જ તમીળ અને અંગ્રેજી છાપાંઓમાં નહિ પરંતુ સિલોનનાં વર્તમાનપત્રોમાં પણ એમણે લખ્યું છે અને સંગીત તથા નૃત્ય-કાર્યક્રમોના નિયમિત વિવેચક તરીકેની કામગીરી એમણે કરી છે.

આમ, ત્રીસ વર્ષના સતત પ્રવૃત્તિશીલ જીવનના મહત્ત્વના કાળમાં એમણે દેશસ્વાતંત્ર્યયજ્ઞે તેમજ લલિત કલાઓના પુનરુત્થાન-યજ્ઞે ઘણું દાન કર્યું છે અને દેશની ઉત્તમ પ્રકારની સેવા કરી છે. કલાકાર, પ્રખર અભ્યાસી અને વિદ્વાન તરીકે તેમજ મૃતઃપ્રાય લલિતકલાઓના પુનરુદ્ધારક, સફળ વ્યવસ્થાપક ને જ્ઞાની તથા નિષ્પક્ષપાતી વિવેચક તરીકે તેઓ બહુમુખી પ્રતિભાથી સંપન્ન છે. એમના જીવનનાં ત્રણે ધ્યેયોને એ હાંસલ કરી શક્યા છે અને ભરતનાટ્યમ્, ભાગવતમેલા નાટક તથા લોકનૃત્યોના પુનરુદ્ધારમાં યશસ્વી રહ્યા છે. અને આનું શ્રેય પેલા બન્ને કવિવરોને ફાળે જાય છે: મહાકવિ સુબ્રહ્મણ્ય ભારતીનાં રાષ્ટ્ર-ગીતોએ એમને કલાક્ષેત્ર ત્યજાવી સ્વાતંત્ર્યસંગ્રામે યોદ્ધા બનાવ્યા, તો બીજા કવિવર શ્રી ટાગોરે એમને કલાક્ષેત્રે જ સમગ્ર જીવન ન્યોચ્છાવર કરવાનો આદેશ દઈ આપણા સંસ્કારધનના સંરક્ષક તરીકે પાછા વાળ્યા.

જે પ્રતિષ્ઠા એમણે નૃત્યને અપાવી છે તે જાતીય વૃત્તિઓને પંપાળે-પોષે તેમજ અર્થહીન સમારંભો દ્વારા કાલવ્યય કરવા માટે ઉપકારક થઈ પડે તેવી નથી, પરંતુ માનવતાના ઊંચા સ્તરો લગી આપણે પહોંચી શકીએ, ઉદાર બનીએ અને શુદ્ધ કલાનો રસાસ્વાદ માણી શકીએ તેવા પ્રશસ્ત કાર્યની જ કેડી એમણે પાડી છે. વિશ્વમાં ભારતનું સન્માન વધે તથા ભારતનાં ગત ગૌરવ, સંસ્કૃતિ ને મહાન કલાઓની વિશ્વને જાણ થાય એ દિશામાં એમના પ્રયત્નો હરહમેશ રહ્યા છે. લોકોની સદ-ભિરુચિ કેળવાય, કલાદ્વારા ઈશ્વરપ્રેમ નિર્માણ થાય અને સદ્‌વ્યવહાર તેમજ માનવપ્રેમ વધે એ હેતુઓની સાધનાના સાધન તરીકે જ એમણે હરહમેશ નૃત્યને જોયું છે. એમના આવા ગૌરવશાળી જીવનકાર્ય બદલ આપણે સૌ અભિમાન લઈ શકીએ એટલું આદર્શ જીવન એમણે ગાળ્યું છે. એમની સેવાઓ દેશ માટે ચિરંજીવી મૂલ્ય ધરાવતી સેવાઓ છે.

મદ્રાસ શહેરે ૧૯૫૭ના ઑગસ્ટમાં એમનો ષષ્ઠિપૂર્તિ સમારંભ યોજીને એમના સેવાકાર્યની નોંધ લીધી અને મદ્રાસની સંગીત ઍકેડેમીએ ૧૯૫૪ની સભામાં 'ઍવૉર્ડ ઓવ મેરિટ' આપીને પોતાના એ આદ્ય સ્થાપક અને મંત્રીનું બહુમાન કર્યું. ૧૯૫૬ના જૂનમાં કુંભકોનમ્ આર્ટ્સ ઍકેડેમીએ એમના જીવન અને કાર્યની ત્રીસ વર્ષની અવિરત સેવાની નોંધ લઇને એમને 'ભારતકલા રત્નમ્'નું બીરુદ આપ્યું.

ધંધે વકીલ, પછી 'ફ્રી પ્રેસ' પત્રના તેમજ અન્ય પત્રોના તંત્રી. પત્રકાર, કૉંગ્રેસ સત્યાગ્રહી અને આગળપડતા સેવક અને મદ્રાસ નગરપાલિકાના લોકપ્રિય સભ્ય શ્રી કૃષ્ણ આયર વિશેષ તો પોતાના જીવનની પચ્ચીસી કલાક્ષેત્રે ગાળવા માટે અને નૃત્યકલાના પુનરુદ્ધારક તરીકે લોકોના વિશેષ લાડીલા છે. આજે પણ ૬૨ વર્ષના એ નૃત્યપ્રેમી, સાલસ અને માયાળુ સ્વભાવના નિષ્ઠાવાન શ્રી કૃષ્ણ આયર મદ્રાસ ખાતે મદ્રાસ રાજ્યની પ્રાદેશિક સંગીતનાટક ઍકેડેમીના મંત્રી તરીકે અવિરત સેવાઓ આપ્યે જાય છે.

—**સુનીલ કોઠારી**

ગયા અંકમાંના ડૉ. કાન્તિલાલના ચરિત્રમાંનો સુધારો

પૃ. ૪૬૬ કૉલમ ૧ લીટી ૧૮: જન્મ...શ્રાવણ સુદિ નવમી નહિ પણ શ્રાવણ 'વદિ'; પૃ. ૪૬૮ કૉલમ ૧ લીટી ૧૨: ૧૯૨૧ની સાહિત્ય પરિષદના નહિ પણ '૧૯૨૪'ની; પૃ. ૪૬૯ કૉલમ ૧ લીટી ૨૦-૨૧: કનક બહેન=એમનાં ઓરમાન નાનાં વિધવા બહેન. પૃ. ૪૭૦ કૉલમ ૨ લીટી ૧૦-૧૧: સૌથી નાના પુત્ર નહિ પણ 'ચોથા' પુત્ર ઉપેન્દ્ર પંડયા.

આ માસ(જાન્યુઆરી)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: મોત્સાર્ત (મોઝાર્ટ)

જેની બસ્સોમી જયંતી જગતે બે વરસ પહેલાં જ ઊજવી, તે સ્વરસંવાદિતાના સમર્થ



સ્રષ્ટા, સંગીતસ્વામી વૉલ્ફગૅંગ ઍમેડિયસ મોત્સાર્તનો જન્મ ઈ. સ. ૧૭૫૬ની ૨૭મી જાન્યુઆરીએ ઑસ્ટ્રિયાના સાલ્ઝબર્ગ પ્રાંતના આર્કબિશપના વાયોલિન-વાદક લીઓપોલ્ડ મોત્સાર્તને ઘેર થયો હતો. પોતાની સંગીતપ્રવીણ બહેન નૅનરલ (બીજાં પાંચ ભાંડુ અવસાન પામેલાં) સાથે પિતા પાસેથી તે માસુમ વયથી જ સંગીત શીખ્યો. ત્રણ વર્ષની ઉમરે તો પિયાનો પર તેનો મૌલિક કાબૂ હતો. ૧૭૬૨ થી ૧૭૬૬ સુધી બંને બાળકોએ પિતા સાથે યુરોપની સંગીત-સફર કરી, જે દરમ્યાન એ નાહાન ઉમરના વૉલ્ફગૅંગની પણ મહાન સંગીત-પ્રતિભાથી સહુકોઈ આશ્ચર્યમૂઢ થતું.

લંડનમાં તે સંગીતકાર બાખના પુત્ર ક્રિશ્ચિયનને મળ્યો. પોતાની પહેલી સંગીતકૃતિઓ પણ તેણે લંડનમાં જ લખી અને તેને ત્યાં ભજવાતી પણ સાંભળી. ૧૭૬૯માં ૧૩ વર્ષની વયે તે પિતા સાથે ઈટાલી ગયો, જ્યાં ઈટાલિયન ઑપેરા વિષે જ્ઞાન મેળવ્યું અને બે મૌલિક ઑપેરા રચી ત્યાં સારી કીર્તિ પણ સંપાદિત કરી. ત્યાંથી સાલ્ઝબર્ગ પાછા આવીને ત્યાંના નવા ને ગુમાની ધર્મગુરુ કૉલોરેડોના સમયમાં 'કૉન્સર્ટ'નો ડાયરેક્ટર નિમાયો.

૧૭૭૭માં તેણે માતા સાથે ફ્રાન્સનો સંગીત-પ્રવાસ કર્યો, જ્યાં રચેલી 'પારીસ સિમ્ફની' દ્વારા તેને કીર્તિ મળી: જોકે એ દરમ્યાન માતાનું અવસાન થઈ ગયું. ત્યાર બાદ તે ફ્રિડોલિન વેબરની સંગીતરસિક પુત્રીઓના પરિચયમાં આવ્યો, જે પૈકીની એક કૉન્સ્ટેન સાથે તે લગ્નગ્રંથિથી જોડાયો. પણ સાલ્ઝબર્ગમાંની તેની ગેરહાજરીથી ગુસ્સે થએલા આર્કબિશપે ઓચિંતી બેઠક બોલાવીને તેને બરતરફ કર્યો.

હવે મોત્સાર્તે પોતાના સમયનો મોટો ભાગ વિયેનામાં અવનવી રચનાઓ આપવામાં વિતાવ્યો. ૧૮૭૧માં તે સંગીતકાર હાઈડનને મળ્યો, જેણે તેને પ્રગલ્ભતાભરી સિમ્ફનીઓ અને ક્વાર્ટેટો સર્જવા પ્રેર્યો. હવેની તેની છ સિમ્ફનીઓ ('હૅફનર'થી 'જ્યૂપિટર' સુધીની) સુંદરતમ ગણાય છે. એ જ શ્રેષ્ઠત્વ તેના છેલ્લા સ્ટ્રિંગ ક્વાર્ટેટોમાં છે. સ્વરસંકલના ને સંવાદિતામાં તો તે ઉત્તમ છે જ, પરંતુ વધુ ધ્યાનપાત્ર છે તેના સ્વરોની સંમાર્જના.

૧૭૮૫માં કવિ લૉરેન્ઝો દ પૉન્તેએ તેને તેના રમૂજી ઑપેરાઓ 'ધ મૅરેજ ઑવ ફિગારો', 'ડૉન ગિયોવાની' અને 'કૉસી ફૅન ટુટ્ટી' માટે પાઠયક્રમ લખી આપેલા. રમૂજ-શક્તિ મોત્સાર્તને સિદ્ધ હતી, નાટક ને રંગભૂમિની સમજ પણ તેને હતી. બેઉએ હાસ્ય ને કટાક્ષમાં અપ્રતિમ ઑપેરા-કૃતિઓ સર્જી.

ખ્રિસ્તી ધર્મ, ફ્રી-મૅસનરી, તથા પૂર્વના રહસ્યવાદના મિશ્રણ સાથેનું પ્રહસન 'ધ મૅજિક ફ્લ્યૂટ' ૧૭૯૧માં જન્મ્યું. હાસ્ય–ગાંભીર્ય તેમાં એવાં ઓતપ્રોત છે કે તે એકલું મોત્સાર્તને આદર્શ રચનાકારનું બિરુદ આપવા બસ થઈ શકે.

એક વાર કોઈ ઉમરાવના એક હજૂરીએ તેને 'રેક્વિએમ માસ' (મૃતાત્માની શાંતિ માટેના ખાસ સંગીત)ની રચના કરવાનું કહ્યું. એ હજૂરીઓ તેને પોતાની કૃતિ ગણાવીને ઉમરાવ પાસેથી પૈસા મેળવવા માગતો હતો. મોત્સાર્તને ખાતરી થઈ ગઈ કે આ અજાણ્યો માણસ એ મૃત્યુ પોતે જ હતું. શરદમાં તે બીમાર પડ્યો, અને એ બીમારીમાં જ વિયેનામાં ઈ. ૧૭૯૧ની ૫મી ડિસેમ્બરે તેણે પ્રાણ છોડ્યા.

મોત્સાર્તની પ્રવાહી તથા દર્દ–ઉલ્લાસમય ઊર્મિઓથી ધબકતી વિલક્ષણ સાંગીતિક રચનાઓની સંખ્યા ૬૨૪ની થવા જાય છે. તે જોકે પૂરેપૂરો મૌલિક હતો, પરંતુ આધુનિકનું ક્રાંતિકારીપણું તેનામાં જોવા નથી મળતું. કૉન્સર્ટોને તેણે પ્રકૃષ્ટ કલાકોટિએ વિકસાવ્યા. આ સિવાય તેની મહત્તા અને સુંદરતા વસી છે કદાચ છ સ્ટ્રિંગ ક્વિન્ટેટ, દસ સ્ટ્રિંગ ક્વાર્ટેટ અને ક્લૅરિનેટ વાદ્ય માટેના સંગીતમાં.

દિનવિશેષ

તા. ૧ દિલ્હીમાં મોટો દરબાર ભરી વિક્ટોરિયાએ પોતાને 'હિંદની સામ્રાજ્ઞી' જાહેર કરી, ૧૮૭૭.
તા. ૩ 'આઝાદ હિંદ ફોજ'ના વીર સેનાની 'નેતાજી' સુભાષચન્દ્ર વસુનો કટક મુકામે જન્મ, ૧૮૯૭.
તા. ૭ તારનાં દોરડાં વિના ટેલિફોન-વ્યવહાર શક્ય બનાવતી શોધ ન્યૂ યૉર્કમાં થઈ, ૧૯૨૭.
તા. ૧૦ રોલૅન્ડ હિલના પ્રયત્નથી ઇંગ્લંડમાં પ્રથમ 'પેની પોસ્ટ' ટિકિટ બહાર પડી. ૧૮૪૦.
તા. ૧૩ તુર્ક સુલતાન તૈમૂર લંગે દિલ્હી શહેર પર ચડાઈ કરીને તેને જીત્યું, લૂંટ્યું ને બાળ્યું, ૧૩૯૯.
તા. ૧૬ દેશહિતૈષી અને પ્રગલ્ભ પંડિત ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનું નિધન, ૧૯૦૫.
તા. ૧૮ હિંદના વાઈસરૉય લૉર્ડ અર્વિનને હાથે હિંદનું પાટનગર નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.
તા. ૨૧ રશિયાની કાયાપલટ કરનાર, રશિયન ક્રાંતિના જ્યોતિર્ધર લેનિનનું મૃત્યુ, ૧૯૨૪.
તા. ૨૬ હિંદની કેળવણીમાં રાષ્ટ્રીય અસ્મિતાના જનક સર ગુરુદાસ બૅનરજીનો જન્મ, ૧૮૪૪.
તા. ૨૮ જગતમાં અણપીછ્યા રહેલા ખંડ ઑસ્ટ્રેલિયામાં વસાહતો સ્થપાવી શરૂ થઈ, ૧૭૮૮.
તા. ૨૯ બ્રિટિશ સૈનિકોની વીરતાને બિરદાવતા ચન્દ્રક 'વિક્ટોરિયા ક્રૉસ'નો ઉદ્ભવ, ૧૮૫૬.
તા. ૩૧ છત્રપતિ શિવાજી મહારાજે સ્વતંત્ર હિંદુરાજ્ય સ્થાપવાની પ્રવૃત્તિ આરંભી, ૧૬૪૭.

પ્રસંગવિશેષ: શાહજહાં તખ્તનશીન થયો, ૨૬મી જાન્યુઆરી ૧૬૨૮

બરોબર ભારતના ગણરાજ્યદિનની જ તારીખે, આજથી ત્રણસો ને એકત્રીસ વરસ પર ગાદીએ આવેલા શાહજહાંની એ તખ્તનશીનીની કથા પણ, મુઘલ શાહાનશાહતમાં બનતું આવ્યું છે તેમ, જોકે હિચકારી ખૂનરેજીભરી છે; તોપણ એ પ્રસંગ શાહજહાંના શાસનની સલામતીનો એવો જ પ્રભાવક અને દ્યોતક પણ છે. ઈ. ૧૬૨૭માં જહાંગીરનું અવસાન થયું ત્યારે મોટો શાહજાદો ખુર્રમ દક્ષિણમાં હતો, અને શાહજાદો શહરિયાર આગ્રામાં. એ શહરિયાર, નૂરજહાંને તેના પહેલી વારના પતિ શેર અફઘાનથી થએલી પુત્રીને પરણ્યો હતો, આથી નૂરજહાંનું લક્ષ શહરિયાર તરફ વિશેષ હતું; પણ નૂરજહાંના ભાઈ આસફખાનનું લક્ષ પોતાના જમાઈ (મુમતાઝના પતિ) ખુર્રમ તરફ હતું. આથી આસફખાંએ ખુર્રમના નાની વયના પુત્રોને પોતાની નિગેહબાનીમાં લીધા અને શાહજાદા ખુશરૂના પુત્ર દાવરબખ્શને 'અવેજી પાદશાહ' તરીકે ગાદીએ બેસાડ્યો. શહરિયાર તો આસફખાન સામે માથું ઊંચકી શકે તેમ જ ન હતો. બીજી બાજુ પિતાના અવસાનના ખબર મળતાં જ ખુર્રમ દક્ષિણના જુન્નારથી તાબડતોબ દિલ્હી પહોંચવા રવાના થયો ને ત્યાં પહોંચીને તેણે રાજગાદીનો દાવો કરી શકે એવા એકેએક સંબંધીને મારી નાખવાનું ફરમાન કાઢ્યું. માત્ર દાવરબખ્શને ઈરાન ભાગી જવાની છૂટ મળી. અંતે ૧૬૨૮ની ૨૬મી જાન્યુઆરીએ 'શાહજહાં' નામ સાથે તે તખ્તનશીન થયો; અને અમલનાં પ્રથમ બે વર્ષ દરમ્યાન ઊભળી આવેલા હિંદુ-મુસ્લિમ રાજા ઉમરાવોના બળવાને પાંચ વર્ષ સુધીમાં દબાવી દઈ તે સ્થિર થયો.




છૈયો · ચિત્રકાર: સોમાલાલ શાહ (૨૫)

યુગે યુગે અને પ્રજાએ પ્રજાએ માનવીની કલાદૃષ્ટિ, વહેતા વારિપ્રવાહની જેમ, નાનાવિધ વિકાસરૂપ ધરતી જ રહી છે: ક્યાંક પર્વતમાંથી સરતી ક્ષીણ પણ નવજાતશુચિ ધારાની જેમ, ક્યાંક શૈશવના આનંદથી રમતા ઝરણા જેમ, ક્યાંક યૌવનમત્ત ઊર્મિસભર ધોધ જેમ, ક્યાંક ઊંડાં ધૂનામાં ઘડી સ્થિર થઈ ઘેનમાં પડેલા અંધિયાર જલરાશિ જેમ, તો ક્યાંક શાન્ત સપાટી નીચે ગહન ઊંડાણ છુપાવતા ગભીર નદપ્રવાહ જેમ પ્રજાના જીવનપ્રવાહ સાથે તાલ લેતી, તદનુસારી રૂપવૈવિધ્ય ધારતી તે વિલોલિત વિલસી છે, ઠાવકું ઠરી છે, ને ફરી પાછી પ્રવેગે અભિનવ રૂપે પ્રકાશી ઊઠી છે.

પશ્ચિમમાં, ને એને પગલે પગલે આપણે ત્યાં, આજે કલાએ એવો પ્રવેગ અદ્યતન કલા—'મૉડર્ન આર્ટ'ના રૂપમાં ધારણ કર્યો છે. કવિતાદેવીને છંદના ઝાંઝર સાંકડાં પડયે કવિ નાનાલાલે તેને મુક્ત વહન કરાવી આપ્યું તેમ કલાકારનો ઊર્મિપ્રવાહ નિર્મિત મર્યાદાઓનું અતિક્રમણ કરે એ સ્વાભાવિક, આનંદજનક ને પ્રશસ્ય પણ છે. પરંતુ એવે વખતે પણ કલાના ભૂતસર્ગનાં વિવિધરૂપનાં અભ્યાસઅવલોકન ઉવેખવાં યોગ્ય નથી. એ દૃષ્ટિએ 'કુમાર' પુરાતન કલારૂપોનો પરિચય આપતું રહ્યું છે. એનો એક પ્રકાર તે એની વિવિધ તરાહોની વિધાનલીલા design-formation છે. (અંગ્રેજી design શબ્દ માટે ઉપયુક્ત શબ્દ પ્રચલિત થવાની જરૂર છે. પ્રાચીન સંસ્કૃત-ફારસી સાહિત્યમાં તેને માટે 'વિધાન', 'અભિપ્રાય', 'તરહ' એવા શબ્દો મળી આવે છે. એક પંડિત મિત્રે 'ભક્તિ' શબ્દ સાધિકાર સૂચવ્યો. ગુજરાતી 'ભાત' તેના પરથી જ આવ્યો હશે.)

એવાં સુશોભનોના અભિનવ પ્રકારો દેશદેશમાં તેની તાસીર ને પરંપરાને આધારે તેમનાં શિલ્પ, સ્થાપત્ય તથા નાનાવિધ જીવનસાધનોમાં વિકસ્યા છે, તેને અવારનવાર આપતા રહેવાના ઈરાદાની આ શરૂઆત છે.



ફ્રેન્ચ કારીગરીની તલવાર

ઈ. ૧૫૫૫ની સાલ કોતરેલું આ સુંદર શસ્ત્ર સોળમી સદીની શોભનકલાનો નાદર નમૂનો છે. તેની ઉપલી તકતીમાં હેલનના અપહરણનો પ્રસંગ, ને નીચલી તકતીમાં ટ્રૉયનું શહેર કોતરેલાં છે. બાકીનું બિદરીકામ કાળી ભોંય પર સોનાથી ઉઠાવેલું છે, જેની ફરતી કિનારો પર ઝીણાં મોતી જડેલાં છે.

ખણ્યાં તો ધરતી ખમે, કાપ્યાં ખમે વનરાઈ;
કટુ વચન સાધુ ખમે, નીર સમુદ્ર સમાય.


મ્હૈસુરના સ્વ. વિદ્યાપ્રેમી મહારાજા શ્રી કૃષ્ણરાજ વાડિયાર એક વાર જર્મની ગયા, ત્યાં એક પ્રોફેસર સાથેની મુલાકાતમાં પોતાનો પરિચય આપતાં જ્યારે કહ્યું કે 'હું મ્હૈસુરનો રાજા છું' ત્યારે લાગલા જ એ પ્રોફેસરે પૂછ્યું 'શું તમે ડૉ. શામશાસ્ત્રીવાળા મ્હૈસુરના છો?' મહારાજાએ નમ્રતાથી કહ્યું, 'જી હા, હું એ જ મ્હૈસુરનો છું જ્યાંના વિદ્વદ્વર્ય ડૉ. શામશાસ્ત્રીએ કૌટિલ્યના અર્થશાસ્ત્રનો પુનરુદ્ધાર કર્યો.'

સ્વદેશ પાછા આવી મહારાજાએ ડૉ. શામશાસ્ત્રીને મહેલમાં બોલાવી તેમનું બહુમાન કરતાં કહ્યું, 'સ્વદેશમાં તમે મારી પ્રજા છો, પરંતુ વિદેશમાં તો હું તમારી પ્રજા છું.'

કહેવતો : 'ગાયે ગળ્યું રતન'–જેમાંથી કોઈ પણ રસ્તો ન નીકળે એવી મૂંઝવણભરી પરિસ્થિતિ દર્શાવતી આ કહેવતનિર્દેશે છે તેમ રતન જેવી મોંઘી ચીજ ગાય મરી ગયા વિના નીકળે નહિ, અને ગાયને મારવી એ તો બને જ કેમ? એને મળતી બીજી કહેવતોમાંની સૌથી વધુ જાણીતી: 'સાપે છછુંદર ગળી.'

અનેકાર્થી શબ્દ: **હાલરું**=હાલરડું; કણસલાંમાંથી કણ છૂટાપાડવા તે પર બળદ ફેરવવા તે; ટોળું; બાળરક્ષા માટેનો દોરો; વધારો.


વાગવાથી આવેલા સોજા કે લોહીના ચકામા ઉપર હુંગળી વાટી ચોપડવાથી આરામ થશે.



ઉપરની આકૃતિમાં બતાવ્યા મુજબનાં ત્રણ જુદાંજુદાં ચક્કરો જાડા પૂઠામાંથી કાપીને ખાનાં આંકી. તેમાં તે મુજબના આંકડા માંડો અને વચ્ચે પિત્તળની ફુદડી બેસાડી ગોળ ફરી શકે તેવી રીતે જડી દો. પછી એ ચક્કરોને ફાવે તેમ આડાંઅવળાં ફેરવશો, છતાં તેમાં કોઈ પણ સીધી લીટીમાં આવતાં પાંચે ખાનાંનો સરવાળો એકસરખો—૪૨ જ આવશે!



૨૨મા અંગ્રેજી મૂળાક્ષર 'વી'નું વધુ વિકસિત સ્વરૂપ તે 'યુ'. (ગયા અંકમાં આવી ગયું). આ તકતીમાં 'વી'ના કૅપિટલ અને નાના રૂપનાં, વિકાસના કાલક્રમે, ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન ને ચાલુ સ્વરૂપો છે.



ગંભીર ભયમાં આવી પડેલાઓની જિંદગી બચાવવામાં ગણનાપાત્ર કુનેહ, શારીરિક સહનશક્તિ, હિંમત ને કર્તવ્યનિષ્ઠા દાખવનાર કોઈ પણ દરજ્જાના પોલીસ કર્મચારીને મળી શકે એવો 'વડા પ્રધાન પોલીસ ચન્દ્રક' નામે આ એક નવો ચન્દ્રક ભારત સરકાર તરફથી તાજેતરમાં યોજાયો છે. ૧⅜ ઇંચ વ્યાસના એ કાંસાના ચંદ્રકની ચતી બાજુ પર રાષ્ટ્રચિહ્ન સાથે તેના નામાક્ષરો ઉપસાવેલા છે; ને ઢાલ જેવી બીજી બાજુ પર મધ્યમાં તારક આકારની તથા ચાર ખૂણે ચાર સાદી બટન જેવી આકૃતિઓ ઉપસાવેલી છે વર્તુળમાં 'ફૉર સેવિંગ લાઈફ' ને 'જીવનરક્ષણાર્થે' એવા શબ્દો છે.




કલાકણિકા : બાલીના મૃદંગ ઉપરનું આ આલેખન કહે છે કે કલા સર્વવ્યાપી છે.

નવા જોડા ઉપર બુટપૉલિશ ચોંટતો ન હોય તો લીંબુની અરધી ફાડ બુટ પર ઘસી થોડી વાર રાખી મૂકજો.



તાજી બહાર પડેલી ટિકિટના રદ્દીકરણના છાપ.

સમય માપવાનાં સાધનો (ગયા અંકથી ચાલુ): ૧ તથા ૨–આંકાકરેલી મીણબત્તી તથા તેલના દીવાની બરણી, જે બળતાં જાય તેમ ઓછાં થતાં જઇને સપાટીની રેખા વડે આંક મુજબનો સમય દર્શાવે; ૩–રેતીની શીશી તો જાણીતી છે, જેમાં ઝીણા કાણામાંથી ઉપરથી નીચેની શીશીમાં રેતી પડી રહે એટલે એક કલાક થાય. ૪–વજનને આધારે ચાલતાં ઘડિયાળ.



ટિકિટસંગ્રહ

આ અંક બહાર પડશે ત્યારે આપણે ત્યાં તો કદાચ સૌને જૂની થઈ ગઈ લાગશે, છતાં તાજેતરમાં ભારત અને પાકિસ્તાને બહાર પાડેલી ટિકિટોની છાપ આ નીચે આપી છે.



પાટનગર નવી દિલ્હીમાં ૧૯૫૮ના છેલ્લા ભાગમાં ભરેલા–અને હજી ચાલતા ભવ્ય પ્રદર્શન "ભારત ૧૯૫૮"ના સ્મરણમાં હમણાં ૩૦મી ડિસેમ્બર ૧૯૫૮ના રોજ ભારતે બહાર પાડેલી ટિકિટ (તેના રદ્દીકરણની છાપ આ અંકમાં અન્યત્ર જોશો. મોકલનાર: ભરતકુમાર દેસાઈ ને જસવંતલાલ શાહ–મુંબાઈ).

દસમી ડિસેમ્બરે આવેલા 'માનવહક્ક-દિન'-ના સ્મરણમાં પાકિસ્તાને બહાર પાડેલી બે



ટિકિટો પર એક જ આકૃતિ છે, જે પર માનવહક્કનામા તથા પૃથ્વીના ગોળાનાં આલેખન છે.

એ જ રીતે ડિસેમ્બર ૧૯૫૮ની ૨૮મી તારીખથી ૧૪ જાન્યુઆરી ૧૯૫૯ના દિવસોમાં





મથાળેથી પહેલી પાંચ: ઈન્ડોનેશિયાએ 'માનવ-હક્કદિન'ની દસમી સંવત્સરી પ્રસંગે હમણાં–ગઈ ૧૦મી ડિસેમ્બરે–કાઢેલી ૧૦, ૧૫, ૩૫, ૫૦ અને ૭૫ સેનની ટિકિટો, જે પરની આકૃતિઓ તેના હેતુનું સ્પષ્ટ તેમજ પ્રતીકાત્મક સૂચન કરે છે. (મોકલનાર–ઈન્ટરનૅશનલ ફિલાટેલિક સર્કિટ ક્લબ: સાયણ મુંબાઇ); તે પછીની ત્રણ ટિકિટો યુનાઇટેડ ઍરબ રીપબ્લિક-(સંયુક્ત અરબ ગણરાજ્યો)ના સભ્ય ઇજિપ્તની પોતાની પ્રાચીન કલાત્મક વસ્તુઓની છાપ ધરાવે છે; ત્રીજી હારમાં પહેલી ટિકિટ ઘાનાના સ્વાતંત્ર્યપ્રસંગની–તેના વડાપ્રધાન ન્ક્રુમારની છબિ સાથે; તે પછીની બે ટિકિટો ઘાનાના પાટનગર અક્રામાં તાજેતરમાં ભરાએલા 'સ્વતંત્ર આફ્રિકન રાજ્યોના સંમેલન'ના સ્મરણમાં ઘાનાએ કાઢેલી; છેલ્લી બે–અનુક્રમે (૧) ઑસ્ટ્રેલિયામાં દર નાતાલે બહાર પડતી ખ્રિસ્તી ધર્મપ્રસંગને લગતી ટિકિટો પેઠે છેલ્લી ૧૯૫૮ માટેની ટિકિટ, અને (૨) ટાસ્માનિયાના પ્રથમ ઊડાણને ત્રીસ વરસ પૂરાં થયા નિમિત્તે ઑસ્ટ્રેલિયાએ કાઢેલી ટિકિટ. (આ આઠે ટિકિટો મોકલનાર–ફિરોઝ દલાલ: મુંબાઇ); ચોથી હારમાં પહેલી ટિકિટ ફ્રૅંચ સરકારે મૂળ જાતિને આંતરિક સ્વાતંત્ર્ય આપ્યાના સ્મરણમાં કાઢેલી મલ્ગાચેની ટિકિટ (મોકલનાર–ફિદાહુસેન મહમદભાઇ).

ચટગાંવમાં ભરાએલી 'પાકિસ્તાન બૉય સ્કાઉટ'ની બીજી રાષ્ટ્રીય જંબોરીના સ્મરણમાં, એ દેશે, પોતાની બે જૂની (૧૯૫૪ તથા ૧૯૫૫ના ઑગસ્ટની ૧૪મી તારીખના સ્વાતંત્ર્યદિન નિમિત્તની) ટિકિટો પર એ પ્રસંગવિશેષનું નામ 'ઓવરપ્રિન્ટ' કરીને બહાર પાડી છે તે પૈકીની એક આ સાથે છાપી છે. આ રીતે 'ઓવર પ્રિન્ટ' કરેલી ટિકિટોનું મહત્ત્વ આ લેખમાળામાં અગાઉ સમજાવાઈ ગયું છે. ટિકિટ-સંગ્રાહકોમાં એવી ટિકિટો ઘણીવાર બહુમૂલ્ય બની જાય છે. (મોકલનાર: નૂરુદ્દીનલુક્ અને એ. ડી. કરીમ–કરાચી).